શ્રી આત્માનંદ જૈન ગ્રંથ[illegible]

શ્રી

# જ્ઞાનામૃત કાવ્યકુંજ.

યાને

(શ્રી જ્ઞાનસાર-ગદ્યપદ્યાત્મક અનુવાદ મૂળ સાથે.)

અનુવાદક,

સંઘવી વેલચંદ ધનજીભાઇ ભાવનગર.

પ્રસિદ્ધ કર્ત્તા,

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વીર સંવત ૨૪૪૫. આત્મ સંવત ૨૪. વિક્રમ સંવત ૧૯૭૫.

"ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસ" માં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને સોળમી ભેટ.



શાહ ઝવેરભાઇ ભાઈચંદ

( ભાવનગર. )

જન્મ સં૦ ૧૯૨૦ ના
કારતક સુદ ૧૩.

પંચત્વ સં૦ ૧૯૬૭ ના
શ્રાવણ વદી /.

A. P. Press-Bhavnagar.

# સમર્પણ.

શાહ ઝવેરભાઇ ભાઇચંદ.

ભાવનગર.

જેમનું હૃદય સરલ, સ્વભાવ શાંત અને માયાળુ, ગૃહસ્થજીવન સાદુ અને સુવાસિત અને શ્રાવક તરીકેનું ઉચ્ચ વર્તન અનુકરણીય હતું. જ્ઞાનદાન ગ્રહણ કરવાની જેવી તીવ્ર અભિલાષા તેવી તે આ[illegible]વની ઉત્કટ ઇચ્છા છેવટ સુધી જેમની જાગૃતિ હતી, તેવા એક ધાર્મિક સ્વર્ગવાસી પુરૂષને આ અધ્યાત્મિક ગ્રંથ અર્પણ કરીયે છીયે.

પ્રકાશક.

# उपोद्घात.

**અધ્યાત્મ ભાવના તરફ અભિરૂચી થવી તે જીવનનો ઉચ્ચમાં ઉચ્ચ આનંદજનક ટાઇમ છે. જેના સુયોગે આત્માનું ઇષ્ટ સ્થાન જે મોક્ષ તે મેળવી શકાય છે.**

**આપ્ત વાક્ય.**

જૈન શાસ્ત્રની વહેંચણી ચાર વિભાગમાં દૃષ્ટિગોચર થાય છે. ૧ દ્રવ્યાનુયોગ. ૨—ગણીતાનુયોગ. ૩—ચરણકરણાનુયોગ. અને ૪—કથાનુયોગ. એ ચાર પૈકી આ " **જ્ઞાનામૃત કાવ્યકુંજ** " દ્રવ્યાનુયોગના પેટામાં સમાસ કરી શકાશે.

સતરમા શૈકામાં થયેલ **શ્રીમાન્ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી** મહારાજે જૈન શાસ્ત્રના અનેક ગ્રંથો લખેલ છે જેમાં આ **જ્ઞાનસાર** ગ્રંથ પણ છે.

આ **જ્ઞાનસાર** ગ્રંથ ખરેખર રીતે દ્રવ્યાનુયોગનો હોવાથી તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. એટલુંજ નહીં પણ અધ્યાત્મ સ્વરૂપનું ઉત્તમ ભાન કરાવે છે.

આ ગ્રંથમાં જુદા જુદા બત્રીશ વિષયનો સમાવેશ કરેલ છે અને તે દરેક વિષય ઉપર આઠ આઠ શ્લોક લખી તે તે વિષયને બહુજ સ્પષ્ટ કરેલ છે, તેથી પાઠક ગણને ઘણોજ અવબોધ સાથે ચમત્કારિક લાગે છે એટલુંજ નહીં પરંતુ તેમાં દાખલ કરેલ આત્મિક ભાવ તરફ વાચકને ત્વરિત વલણ કરાવે છે.

વર્તમાન સમયમાં ધાર્મિક ચર્ચાના નિશ્ચયમાં શાહદત તરીકે વિશેષે કરી શ્રીમાન્ ઉપાધ્યાયજીની કૃતિનોજ આશ્રય લેવામાં આવે છે, તેમાં પણ આ **જ્ઞાનસાર**નો વિશેષ ઉપયોગ થતો જણાય છે, આ ઉપરથી તેમના ગ્રંથો કેટલા ઉપયોગી છે તે સહેજે સમજી શકાય તેમ છે.

આ ગ્રંથનું અધ્યયન કરતા મને—પોતાને એટલો બધો વીર્યોલાસ થતો હતો કે જેનું વર્ણન કરવું અશક્ય છે ધીમે ધીમે અધ્યયન કરતા કરતા કંઠાગ્ર કરવાની ઇચ્છા જાગૃત થઈ અને તેની યથાવસરે તૃપ્તિ પણ થઈ.

ક્રમે ક્રમે આ ગ્રંથની વ્યાવૃત્તિ કરતાં કરતાં અવાર નવાર વિશેષ અનુભવ હૃદયગત્ પ્રાપ્ત થતો હતો જે સ્વસંવેદ્ય ગણાય.

સદરહુ ગ્રંથના અધ્યયન પશ્ચાત્ કેટલેક વખતે કાવ્યકૃતિ તરફ વલણ વૃદ્ધિ પામ્યું અને તેના યોગે ગ્રંથમાં આવેલ બત્રીશ અષ્ટકપર જુદા જુદા રાગ રાગણીમાં બત્રીશ પદો બનાવવાની જિજ્ઞાસા થઇ, પ્રથમ નમુના તરિકે "શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકમાં આએ ગ્રંથમાંથી અવતરણ કરેલ કોઇ કોઈ પદને પ્રકાશિત કરાવેલ તે પ્રસિદ્ધિમાં આવતા કેટલાક પૂજ્ય મુનિ મહારાજાઓ અને સુહૃદ મિત્રોએ આ ગ્રંથના દરેક અષ્ટકપર પદ્ય રચના કરી તેની આખી બુક બહાર પાડવાની સૂચના કરેલ ઇચ્છા અને આદેશનું એકીકરણ થતા મારા ઉત્સાહમાં વૃદ્ધિ થઇ અને ક્રમશઃ કાર્યની શરૂઆત પણ કરી કાર્ય જલદી પૂર્ણ કરવા તિવ્ર ઇચ્છા હોવા છતાં સાંસારિક અનેક ઉપાધિઓના યોગે ધારવા કરતા ઘણુંજ લંબાણ થયેલ છે, છતાં ઇચ્છા ફલવતી થયેલ જોઈ હૃદયમાં હર્ષ થાય છે.

આ **જ્ઞાનસાર** મૂળ ગ્રંથ સંસ્કૃતમાં લખાયેલ છે. તેના ઉપર સ્વોપજ્ઞ ટીકા છે તેવું શ્રવણ ગોચર થયેલ છે. ત્યારબાદ શ્રીમાન્ **દેવચંદ્રજી** મહારાજે **જ્ઞાનમંજરી** નામની ટીકા આ ગ્રંથ ઉપર લખેલ છે. ત્યારબાદ હમણાં વર્તમાનમાં જ શાન્તમૂર્તિ શ્રીમાન્ **વૃદ્ધિચંદ્રજી** મહારાજના પાટધર શ્રીમાન્ પન્યાસજી શ્રી **ગંભીરવિજયજી** ગણીએ આએ ગ્રંથપર સરલ ટીકા લખેલ છે, જેનું ગુજરાતીમાં ભાષાન્તર **દીપચંદ છગનલાલ** શાહે કરેલ છે. ત્યારબાદ સન્મિત્ર મુનિરાજશ્રી **કર્પૂરવિજયજી** માહારાજે મૂળ ગ્રંથપર રહસ્યાર્થ હિતોપદેશ ગ્રંથના બીજા ભાગમાં લખેલ છે. તેમજ દીપચંદ છગનલાલ શાહના ભાષાન્તર ઉપરથી કોઇક વિદ્વાન મહાશયે મરાઠી ભાષામાં અવતરણ કરેલ છે.

મૂળ ગ્રંથ અને શ્રીમાન્ પન્યાસજી શ્રી **ગંભીરવિજયજી** ગણીની કરેલ ટીકાના આધારે આએ ગ્રંથનો સાર–છાંયા રૂપ અનુવાદ કરેલ છે. મૂળ સંસ્કૃતના આશયને લક્ષમાં રાખી આશય વિલુપ્ત ન થાય તેના માટે બનતી ચીવટ રાખેલ છે: જોકે આ ગ્રંથમાં પદ્ય રચના હોવાથી ઘણાં સ્થળે યથાર્થ અવતરણ કરવામાં મુશ્કેલીઓ આવેલ છે, છતાં ગ્રંથકાર ભગવાનના આશયને સમજ શક્તિના પ્રમાણમાં પ્રથન બહાર જવા દીધેલ નથી.

વર્તમાન સમયમાં સંસ્કૃતના અભ્યાસકો બહુજ અલ્પ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે, તેમજ ગુજરાતીમાં થયેલ ભાષાન્તર સ્મૃતિમાં નિરંતર રહેવું

કઠિનતાવાળુ ગણાય; જેથી જિજ્ઞાસુઓને આ ગ્રંથમાંના પદો કંઠાગ્ર થવામાં–કરવામાં અનુકુળતા વાળા થશે એમ ધારી મૂળ સંસ્કૃત અષ્ટક, તેના ઉપરથી સાર રૂપે અવતરણ કરેલ પદ અને તેનો ગુજરાતી સાદી ભાષામાં સારાંશ એ પ્રમાણે યોજના કરી આ જ્ઞાનના સારભૂત **જ્ઞાનસાર** નામને સાર્થક કરનાર ગ્રંથનું **જ્ઞાનામૃતકાવ્યકુંજ** રૂપ અવતરણ કરી આ ગ્રંથને મુદ્રિત કરાવેલછે.

આ **જ્ઞાનસાર** સંસ્કૃત ગ્રંથનું મને પ્રથમ અધ્યયન કરાવનાર શ્રીમાન્ મર્હુમ **વકીલ મૂળચંદ નથુભાઇ** જે કે આ સભાના પ્રથમ જન્મ આપનાર હતા, તે તથા તેમના દેહવિલય પશ્ચાત્ મર્હુમ **શેઠ ઝવેરભાઇ ભાઇચંદ** હતા, જેઓના હૃદયમાં જૈન ફિલોસોફીનું રહસ્ય નિરંતર પ્રવાહિત હતું અને તેથીજ તેઓએ અનેક આત્માર્થિ પ્રાણીઓને પોતાના અમૂલ્ય વખતના ભોગે જ્ઞાનદાન આપેલ છે. હું પણ એક અભ્યાસક હોઇ મને સદરહુ ગ્રંથનું આન્તરવૃત્તિથી અધ્યયન કરાવી તેમાં રહેલ ઉચ્ચ રહસ્યની માહીતી આપી ઉપકૃત કરેલ છે. આવા ઉદાર ચરિત્ત ઉપકારક મહાન્ પુરૂષોને આએ તેમની પાસેથી જ મેળવેલ મહાન્ પ્રસાદી સમાન **જ્ઞાનસાર**ના અવતરણ રૂપ "જ્ઞાનામૃત કાવ્યકુંજ" રૂપ સુવાસિત પુષ્પ જનસમાજ સમક્ષ બહાર મૂકવા ભાગ્યશાળી થયેલ છું: જેના માટે તેવણ બન્ને મહાશયોનો અન્તઃકરણથી આભાર માનવાનો આ સુંદર–સુવર્ણ સમાન વખત હાથ ધરી કેટલેક અંશે ઋણ મુક્ત થાઉં છું.

આ ગ્રંથની યોજનામાં પ્રોત્સાહન કરનાર મારા શેઠ શ્રીમાન્ **ફતેહચંદ ઝવેરભાઇ** તથા શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી શ્રીમાન્ **વલ્લભદાસ ત્રિભુવનદાસ** ગાંધી તેમજ મારા સ્નેહી **દામોદરદાસ નાનજી મહેતા** અને શ્રી જૈન **આત્માનંદ સભા** ( આ ગ્રંથ મુદ્રિત કરાવી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપી પ્રસિદ્ધિમાં મૂકવા આપેલ પરવાનગીથી ) નો હૃદયથી ઉપકાર માનવાની આ ઉત્તમ તક સાર્થક કરૂં છું.

હું પીંગળ શાસ્ત્રથી અજ્ઞાત છું તેમજ જૈનશાસ્ત્રનું તથાપ્રકારે અધ્યયન કરેલ નથી, વળી વ્યવહારિક કેલવણી પણ જોઇતી લીધેલ નથી છતાં એક બાળ ચેષ્ટારૂપ આએ કૃતિ કરેલ છે. ઉપરોક્ત કારણથી જોકે પંડિત જનોને હાસ્યાસ્પદ તો થશેજ છતાં બહોળતાએ અનેક ભવ્ય જીવોને લાભનું કારણ જાણી આએ પ્રયાસ ઉઠાવેલ છે.

ઉપોદ્‌ઘાતમાં વર્તમાનમાં–ગ્રંથમાં રહેલ તત્ત્વનું દોહન કરી રૂપરેખા

આલેખવાની પદ્ધતિ જણાય છે પરંતુ આએ ગ્રંથ જ્ઞાનના દોહનરૂપ હોવાથી ગ્રંથ સાદ્યંત વાંચવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

ભાષા સરલ લખવા માટે ઘણો પ્રયત્ન કરવામાં આવેલ છે. છતાં તથા પ્રકારની શબ્દ રચના સિવાય ગ્રંથનું ગૌરવપણું જળવાઇ રહેવાનો અસદ્ભાવ હોવાથી તેમજ વ્યક્તિ માત્રને દરેક ગ્રંથનું રહસ્ય સમજાયજ એવો પ્રતિબંધ નહીં હોવાથી વિશેષે કરી ફક્ત આ ગ્રંથના અધિકારી વર્ગ તેનું પઠન પાઠન કરી આત્મિક ભાવના તરફ પ્રેરાય એ શુભેચ્છા મુખ્યત્વે લક્ષબિંદુમાં રાખેલ છે.

કઠિનતા માટે સ્ફુટ નોટ લખવા ઇચ્છા હતી છતાં સંયોગવશાત્ હાલ તુર્ત તો તે ઇચ્છાતૃપ્ત થયેલ નથી પરંતુ પુનઃ આવૃત્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે તો ઇચ્છાને અમલમાં મૂકવા પ્રયત્ન કરીશું.

આ ગ્રંથ પ્રસિદ્ધિમાં આવ્યા પછી જો આદરને પાત્ર થશે તો મારો પ્રયાસ ફલિત થયેલો જાણી, પુનઃ શ્રીમાન્ **હરિભદ્ર** સુરિશ્વરજી કૃત " અષ્ટકજી " પર આ ગ્રંથની પદ્ધતિ પ્રમાણે અવતરણ કરવા ઇચ્છા છે, અધિષ્ટાયક દેવો તે ઇચ્છા સત્વર પુર્ણ કરો એવી હૃદયભાવના છે.

જૈન શૈલીનું યથાર્થ જ્ઞાન નહિં હોવાથી અથવા તો મુદ્રિત દોષથી વા દૃષ્ટિદોષથી જે કાંઇ આજ્ઞા વિરૂદ્ધ લખાએલ હોય તેના માટે અન્તઃકરણથી ક્ષમા યાચી અત્ર વિરમું છું.

**ॐ शान्तिः । शान्तिः । शान्तिः ।**

સં. ૧૯૭૫. આત્મ સં. ૨૪.
શ્રાવણ કૃષ્ણ અષ્ટમી.

**અનુવાદક.**
**વેલચંદ ધનજી સંઘવી.**

# આભાર.

આ ગ્રંથમાટે પ્રથમ સુચના આપી તેમજ સાદ્યંત વાંચી જવા માટે શ્રીમાન મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ કે જેઓ શ્રી પુસ્તકો લખી, લેખો આપી, અને ઉપદેશ દ્વારા જૈન સમાજ ઉપર નિરંતર ઉપકાર કરી રહ્યા છે, તે કૃપાળુ મહાત્માએ જે કૃપા બતાવી છે તે માટે તેઓશ્રીનો ખાસ ઉપકાર માનવામાં આવે છે તેમજ,

તે સાથે સદરહુ ગ્રંથમાં આર્થિક સહાય ભાવનગરવાળા શાહ **ઝવેરભાઈ** ભાઇચંદ તેમજ શાહ **દામોદરદાસ** નાનજી વણથલી વાળાએ આપી છે;

શાહ ઝવેરભાઇ ભાઇચંદના સુપુત્રો જ્ઞાનાભિલાષિ હોવાથી આવા જ્ઞાન ખાતાના કાર્યને માટે તેઓએ આ સભાને આ બીજી વખત સભા ઉપરના તેમના પ્રેમને લઇને સહાય આપી છે, તેટલુંજ નહિ પરંતુ તેમ કરી પોતાના પિતાના સ્મરણાર્થે જ્ઞાન દાન કરી પિતૃભક્તિ પણ બતાવી છે.

બીજા ગૃહસ્થ શાહ દામોદરદાસ નાનજીભાઇએ પોતાના પૂજ્ય પિતા શેઠ નાનજીભાઇ કે જેઓ હાલમાં સ્વર્ગવાસી થયેલ છે, જેઓએ પોતાની હૈયાતિમાં શ્રાવક ધર્મ યોગ્ય ક્રિયા જેવી કે માસખમણ, વરસી તપ વગેરે તપસ્યા, તીર્થયાત્રા અને બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ

કરેલ હતું, તેમજ સાથે દેવ, ગુરૂ ધર્મની પૂર્ણ શ્રદ્ધાવાળા હોઈ એક ધાર્મિક પુરૂષ તરીકે પ્રખ્યાત હતા. તે ધર્મ રત્ન પુરૂષના સ્મરણાર્થે તેમના સુપુત્ર ઉક્ત શેઠ દામોદરદાસે પણ આ ગ્રંથમાં સહાય આપી તેમણે પણ પિતૃભક્તિ બતાવી છે, જેથી તે સહાય આપનાર બંને ગૃહસ્થોનો આભાર માનવામાં આવે છે.

આ ગ્રંથનો ગદ્ય પદ્યાત્મક અનુવાદ કરનાર સંઘવી. વેલચંદ ધનજી જેઓ આ સભાના એક સભાસદ અને જ્ઞાનાભ્યાસી છે, તેમણે આ ગ્રંથનું અધ્યયન બહુ મનન પૂર્વક કરેલું હોઈ તેમજ તેમને કવિતા બનાવવાનો પ્રેમ હોઈ આ અનુવાદ કરી આ ગ્રંથ આ સભાને પ્રસિદ્ધ કરવા આપ્યો છે, જે માટે તેઓનો પણ આભાર માનવામાં આવે છે.

પ્રકાશક.



श्री सद्गुरुचरणाय नमः

श्री

# ज्ञानामृतकाव्यकुंज.

( શ્રીમદ્ યશોવિજયજીકૃત "જ્ઞાનસાર" ના આધારે )

## માંગલ્ય સ્તુતિ.

( શાર્દૂલવિક્રીડિત. )

શ્રી શ્રીપાલ નરેશની વિપદને છેદી દીધી [1]શ્રીપદા,
સાથે [2]કુષ્ટિ તણા તમે પલકમાં દુઃખો વિદાર્યા[3] તદા;
એ તારો મહિમા સુણી અવનિમાં[4] હે! સિદ્ધચક્ર પ્રભો,
આરાધું નિજ અન્તરે પલપલે અર્પો [5]શિવશ્રી વિભો. ૧

## માંગલ્ય અભ્યર્થના.

( વસંતતિલકા. )

સ્નેહે કરૂં નમન હું ગુરૂદેવને જ્યાં,
આ "જ્ઞાનસાર" કથવા મતિ ઉલ્લસી ત્યાં;
થાજો સહાયક ખરે મતિમંદ જાણી,
ભક્તિવશે પરમ અર્થ દીયો સુણાણી. ૧

---

૧ લક્ષ્મી. ૨ કોઢીઆ. ૩ છેદ્યા. ૪ વિશ્વ. ૫ મોક્ષ.

## पूर्णताष्टकम्.

ऐंद्रश्रीसुखमग्नेन लीलालग्नमिवाखिलम्
सच्चिदानंदपूर्णेन पूर्णं जगदवेक्ष्यते ॥ १ ॥
पूर्णता या परोपाधेः सा याचितकमंडनं
या तु स्वाभाविकी सैव जात्यरत्नविभानिभा ॥ २ ॥
अवास्तवी विकल्पैः स्यात् पूर्णताब्धेरिवोर्मिभिः ।
पूर्णानंदस्तु भगवांस्तिमितोदधिसन्निभः ॥ ३ ॥
जागर्ति ज्ञानदृष्टिश्चेत् तृष्णाकृष्णाऽहि जांगुली ।
पूर्णानंदस्य तत्किंस्याद्दैन्यवृश्चिक वेदना ॥ ४ ॥
पूर्यन्ते येन कृपणास्तदुपेक्षैव पूर्णता ।
पूर्णानंदसुधास्निग्धा दृष्टिरेषामनीषिणाम् ॥ ५ ॥
अपूर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते ।
पूर्णानंदस्वाभावोऽयं जगदद्भुतदायकः ॥ ६ ॥
परस्वत्वकृतोन्माथा भूनाथा न्यूनतेक्षिणः
स्वस्वत्वसुखपूर्णस्य न्यूनता न हरेरपि ॥ ७ ॥
कृष्णे पक्षे परिक्षीणे शुक्ले च समुदंचति
द्योतते सकलाध्यक्षा पूर्णानंदविधोः कला ॥ ८ ॥

### પૂર્ણ સ્વરૂપ વિચાર પદ–૧.

( નિશાની કહા બતાવું રે—એ ચાલ. )

ભાવ જબ પૂરણ પામે રે, તવ પ્રગટે આતમ રૂપ.
ઐંદ્ર શ્રી સુખમાં પૂર્ણ છે તે, સચ્ચિદાનંદ સમેત;
દેખે પૂર્ણ આ લોકમે પ્યારે, લીલા લગ્ન ભવેત. ભાવ. ૧
પર ઉપાધી કૃત પૂર્ણતા, યાચિત ભૂષણ જાન;
જાત્ય રત્નના તેજ સમ પ્યારે, આત્મિક પૂર્ણતા માન. ભાવ. ૨

ઉદધિ ઉર્મિ વત્ પૂર્ણતા, એહ વિકલ્પિક [redacted]
વાસ્તવિક સ્થિર સિન્ધુ છે પ્યારે, પૂર્ણાનંદ ભગવાન. ભાવ. ૩
આશા સર્પ ને જાંગુલી સમ, જ્ઞાનદૃષ્ટિ જબ થાય;
દિનતા સમ વિછુ વેદના પ્યારે, પૂર્ણ પુરૂષને શું થાય ! ભાવ. ૪
કૃપણ માન્ય જે પૂર્ણતા, એહ ઉપેક્ષિત જાન;
દૃષ્ટિ પૂર્ણ પુરૂષની પ્યારે સ્નિગ્ધ અમિય સમાન. ભાવ. ૫
અપૂર્ણ પામે પૂર્ણતા, પૂર્ણ માન હીન થાય;
પૂર્ણાનંદ સ્વભાવ એ પ્યારે, જગ આશ્ચર્ય જણાય. ભાવ. ૬
પુદ્ગલ ભાવ મોહાંધ છે તે નરપતિ પેખે ન્યૂન;
નાંહિ ન્યૂન દેવેંદ્રથી પ્યારે, સ્વાભાવિક સુખ પૂર્ણ. ભાવ. ૭
કૃષ્ણ પક્ષનો ક્ષય થતાં, શુકલના ઉદયની માંય;
સર્વ ભાવ પ્રગટ પૂર્ણતમ, સોહે ચંદ્રવત્ ત્યાંય. ભાવ. ૮

**૧ સારાંશ**—પૂર્ણતા એટલે શું તે આ પહેલા પદનો વિષય છે. જ્યારે તથાપ્રકારના ભાવની પૂર્ણતા થાય છે ત્યારે આત્મસ્વરૂપ પ્રગટ થાય છે. આત્માની જ્ઞાનાદિ લક્ષ્મીથી જે પૂર્ણ છે તેમજ સત્ચિત અને આનંદે કરી યુક્ત છે તે આ સકલ લોકને લીલા ( સ્વગુણ વિલાસક્રિડા ) માં આસક્ત હોય તેમ પૂર્ણ દેખે છે. ૧.

પર ઉપાધીથી થયેલી ( મનાએલી ) પૂર્ણતા માગી લાવેલા આભૂષણ સમાન છે અને આત્મિક પૂર્ણતા જાત્યવંત રત્નના તેજ સદૃશ અભિન્ન છે. જેમ સમુદ્રની પૂર્ણતા તેના કાંઠે ઉછળતા કલ્લોલથી માનવી તે અવાસ્તવિક છે, તેમ વિકલ્પોવડે મનાએલી પૂર્ણતા વાસ્તવિક નથી. ખરી રીતે તપાસતાં પૂર્ણાનંદ રૂપ ભગવાન નિશ્ચલ સમુદ્ર સમાન છે. ૨–૩.

આશા રૂપી સર્પને વશ કરવાને જાંગુલીમંત્ર સમાન એવી જ્ઞાનદૃષ્ટિ જે પૂર્ણ પુરૂષને પ્રાપ્ત થાય તેને દીનતા રૂપ વીંછીની વેદના શું હોય ? નહિંજ. ૪.

કૃપણ પુરૂષથી મનાએલી પૂર્ણતા ત્યાગ કરવા યોગ્ય છે. પૂર્ણપુરૂષની દૃષ્ટિ અમૃતથી સ્નિગ્ધ બનેલી હોય છે. ૫.

[redacted] અપૂર્ણ હોય તે પૂર્ણતાને પામે છે, પણ પુદ્ગલભાવથી પૂર્ણ છે તે ઘટતો જાય છે. આવો પૂર્ણાનંદનો સ્વભાવ જગત્માં આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. ૬.

પુદ્ગલભાવમાં મોહાંધ બનેલા ચક્રવર્તિઓ પોતે પોતાને ન્યૂન દેખે છે અને સ્વભાવસુખથી પૂર્ણ છે તેને દેવેંદ્રથી ન્યૂનતા નથી. ૭.

કૃષ્ણપક્ષ—( જીવનો મિથ્યાત્વભાવ ) નો નાશ થતાં અને શુકલપક્ષ ( જીવનો સમ્યક્ભાવ ) નો ઉદય થતાં ( ક્રમે કરી ) સર્વ ભાવને પ્રત્યક્ષ કરતો પૂર્ણાત્મા નિર્મળ ચંદ્રવત્ શોભે છે. ૮.

---

( ૨ )

## मग्नताष्टकम्.

प्रत्याहृत्येंद्रियव्यूहं समाधाय मनो निजम्<br>
दधच्चिन्मात्रविश्रांतिं मग्न इत्यभिधीयते ॥ १ ॥<br>
यस्य ज्ञानसुधासिंधौ परब्रह्मणि मग्नता<br>
विषयांतरसंचारस्तस्य हालाहलोपमः ॥ २ ॥<br>
स्वभावसुखमग्नस्य जगत्तत्वावलोकिनः<br>
कर्तृत्वं नान्यभावानां साक्षित्वमवशिष्यते ॥ ३ ॥<br>
परब्रह्मणि मग्नस्य श्लथा पौद्गलिकी कथा<br>
क्वामी चामीकरोन्मादाः स्फारा दारादराः क्व च ॥४॥<br>
तेजोलेश्या विवृद्धि र्या साधोः पर्यायवृद्धितः<br>
भाषिता भगवत्यादौ सेत्थंभूतस्य युज्यते ॥ ५ ॥<br>
ज्ञानमग्नस्य यच्छर्म तद्वक्तुं नैव शक्यते<br>
नोपमेयं प्रियाश्लेषै र्नापि तच्चंदनद्रवैः ॥ ६ ॥<br>
शमशैत्यपुषो यस्य विप्रुषोऽपि महाकथा<br>
किं स्तुमो ज्ञानपीयूषे तत्र सर्वांगमग्नता ॥ ७ ॥<br>
यस्य दृष्टिः कृपावृष्टि र्गिरः शमसुधाकिरः<br>
तस्मै नमः शुभज्ञानध्यानमग्नाय योगिने ॥ ८ ॥

## મગ્ન સ્વરૂપ. પદ ૨

( રાગ–ધનાશ્રી. )

મગ્નતા ભાવ સમાન, જગમાં મગ્નતા ભાવ સમાન;
સાધન નહિં કોઇ જાન, જગમાં મગ્નતા:—
ઇંદ્રિય ગણ અટકાવીને રે, કરી નિજ મનમેં શાન્ત;
મગ્ન પુરૂષ ચાહે સદાએ, ગ્રહિ જ્ઞાન બને કાન્ત. જગમાં. ૧
જે પરબ્રહ્મથી મગ્ન હમેશાં, જ્ઞાનામૃત રસપૂર;
એ સદ્‌ભાવથી વિરમવું તે, ઝેર હળાહળ પૂર. જગમાં. ૨
સ્વભાવ સુખમાં મગ્ન પુરૂષ તે દેખે જગત સ્વરૂપ;
અન્યભાવકૃત નાંહિ બને એ, સાક્ષાત્ રે અનૂપ. જગમાં. ૩
પરબ્રહ્મના સુખમાંહિ રસિક તે, પુદ્‌ગલ ભાવ વિરક્ત;
જર મદમત્ત જોરૂ તણો રે, આદરભાવ કો અત્ર. જગમાં. ૪
વૃદ્ધિ જબ પર્યાય યોગની, પ્રગટે તે તેજ સ્વરૂપ;
ભાંખ્યુ શ્રી ભગવતિજી અંગે, મગ્ન પુરૂષનું એ રૂપ. જગમાં. ૫
જ્ઞાન મગ્નના સુખને રે, ગણવા શક્તિ ન હોય;
ચંદનરસ ચતુરાગમન એ, ઉપમા ઘટે ન કોય. જગમાં. ૬
શમ સુખ પોષક બિંદુની જ્યાં મહાન કથા કહેવાય;
જ્ઞાનામૃત સર્વાંગની એ, રતવના કદિય ન થાય. જગમાં. ૭
દૃષ્ટિ કૃપાની વૃષ્ટિજ જાણું, વાણી છે અમૃતપૂર;
જ્ઞાન ધ્યાન મત્ત યોગીને રે, વંદનથી ભય ચૂર. જગમાં. ૮

૨ સારાંશ—(આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવામાં) મગ્ન એટલે તદ્‌રૂપ થવું. એવી ભાવના સમાન આ જગત્‌માં અન્ય કોઇ સાધન નથી.

મગ્ન પુરૂષ નિરંતર ઈંદ્રિયોના સમુહને પોતાના કબજામાં રાખે છે તેમજ મનની નિશ્ચલતા મેળવી ફક્ત જ્ઞાન ગ્રહણ કરવામાંજ ઉદ્યમી હોય છે. ૧.

જ્ઞાનરૂપ અમૃતના રસના પૂર સમાન પરબ્રહ્મ–મોક્ષ તેના વિષે જે પુરૂષ નિરંતર મગ્ન છે તેને તે ઉત્તમ ભાવથી પાછું હઠવું તે હળાહળ ઝેર સમાન છે. ૨.

સ્વભાવ સુખમાં જે પુરૂષ મગ્ન છે તે આ જગત્‌ની વિચિત્રતા

નીહાળી અન્યભાવ પુદ્ગલભાવનો પોતે કર્તા બનતો નથી. માત્ર સાક્ષીપણે રહે છે. ૩.

પુદ્ગલભાવની જેને આસક્તિ નથી અને પરબ્રહ્મ જે મોક્ષ તેના સુખમાંજ રસિકતા છે તેને સુવર્ણાદિ સંપત્તિ અથવા તો મદથી ઉન્મત્ત થયેલ સ્ત્રીનો આદર સત્કાર તે શું હિસાબમાં ? અર્થાત્ કાંઇજ નહિં. ૪.

જેમ જેમ ચારિત્રના પર્યાય–તદ્રૂપ યોગની વિશેષતા થતી જાય છે તેમ તેમ આત્મસ્વરૂપનું તેજ પ્રગટ થાય છે. આ બીના શ્રી ભગવતિજી નામના મહાન્ સૂત્રમાં મગ્ન પુરૂષના અધિકાર પ્રસંગે વર્ણવેલ છે. ૫.

જ્ઞાનમાં તદ્રૂપ થયેલા પુરૂષના સુખની ગણત્રી કરવાની શક્તિ નથી. કારણ બાવનાચંદનના રસની તેમજ મનોહર સ્ત્રી સમાગમની ઉપમા તેને ઘટી શકતી નથી. ૬.

સમભાવનાથી ઉત્પન્ન થતા સુખને પુષ્ટ કરનાર એક બિન્દુનું જ્યાં મહાન વ્યાખ્યાન થાય છે તો સર્વાંગે જ્ઞાનામૃતની સ્તવના કેવી રીતે થાય ? અર્થાત્ નજ થાય. ૭.

જેમની દૃષ્ટિ કૃપાની વૃષ્ટિરૂપ છે અને વાણી અમૃતના સમૂહનું સિંચન કરી રહેલ છે તેવા જ્ઞાન અને ધ્યાનમાં મગ્ન થયેલા મહાન યોગીરાજને વંદન–નમસ્કારાદિ કરવાથી તમામ ભય નષ્ટ થઇ જાય છે. ૮.

---

( ૩ )

## स्थिरताष्टकम्.

वत्स किं चंचलस्वांतो भ्रांत्वा भ्रांत्वा विषीदसि
निधिं स्वसन्निधावेव स्थिरता दर्शयिष्यति ॥ १ ॥
ज्ञानदुग्धं विनश्येत लोभविक्षोभकूर्चकैः
आम्लद्रव्यादिवाऽस्थैर्यादिति मत्वा स्थिरो भव ॥ २ ॥
अस्थिरे हृदये चित्रा वाङ्नेत्राकारगोपना ।
पुंश्चल्या इव कल्याणकारिणी न प्रकीर्तिता ॥ ३ ॥

अंतर्गतं महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम्
क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ॥ ४ ॥
स्थिरता वाङ्मनःकायैर्येषामंगांगितां गता
योगिनः समशीलास्ते ग्रामेऽरण्ये दिवा निशि ॥ ५ ॥
स्थैर्यरत्नप्रदीपश्चेद्दीप्रः संकल्पदीपजैः
तद्विकल्पैरलं धूमैरलं धूमैस्तथाश्रवैः ॥ ६ ॥
उदीरयिष्यसि स्वांतादस्थैर्यपवनं यदि
समाधेर्धर्ममेघस्य घटां विघटयिष्यसि ॥ ७ ॥
चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते
यतंतां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ॥ ८ ॥

## સ્થિરતા સ્વરૂપ પદ ૩ જું.

( પ્રિતલડી બંધાણી રે અજિત જિનંદ શું—એ ચાલ. )

શા માટે મમ મિત્ર કરે તું વિષાદને,
ચંચલ ચિત્તથી ભ્રમણ કરી ભવ માંહ્ય જો.
સુખદાઈ સંપત્તિ તણા ભંડારને,
દેખાડે સ્થિરતા નિજ હૃદયની માંહ્ય જો......શા માટે. ૧
પલટે પયસ સ્વભાવ તે તક્ર સંયોગથી,
જ્ઞાન પયસ પલટે જયાં ચંચલ ભાવ જો;
લોભ વિક્ષોભ કૂચા પ્રગટે તે યોગથી,
એહ વિચારી ત્યાગ કરો તદ્ ભાવ જો......શા માટે. ૨
વિધ વિધ ભાવે વાણી નેત્ર આકારનું,
ચંચળ હૃદયે ગોપન કર્મ કરાય જો;
પુંશ્ચલી સમ એહ ક્રિયા કરનારનું,
હિત કદિ નવ થાએ આ ભવ માંય જો......શા માટે. ૩
ચંચલતા સમ શલ્ય મહા અન્તર વિષે,
ઉન્મૂલન કદિ તેનું તો ન કરાય જો;
ઔષધરૂપ ક્રિયાએ ગુણ પ્રગટે નહિં,
દોષ ન ગણવો એહ ક્રિયાનો ત્યાંય જો......શા માટે. ૪

યોગીના અંગો અંગની માંહ્ય છે,
મન વચ કાય વડે સ્થિરતા વ્યાપેલ જો;
રાત દિવસ કે ગ્રામ અરણ્યે હોય છે,
શમ શીલ ભાવે તે જગમાં વ્યાપેલ જો......શા માટે. ૫
પ્રગટે જ્ઞાન પ્રદીપ જ્યાં સ્થિરતા ભાવનો,
આત્મ પ્રકાશક એહ ગણો અનુકુલ જો;
છાંડો વિકલ્પિક આશ્રય ભાવિ દીપને,
ધૂમ કષાયક એહ ગણો પ્રતિકૂલ જો......શા માટે. ૬
પ્રેરિશ મિત્ર કદિ જો તું નિજ ચિત્તથી,
ચંચળતા રૂપ વાયુ અતિ વિપરીત જો;
ધર્મ સમાધિ સમાન ઘટા જે મેઘની,
વિખેરી નાંખે એ જાણ ખચિત જો......શા માટે. ૭
સિદ્ધ ગતિની માંહે પણ જ્યાં હોય છે,
સ્થિરતા રૂપ ચારિત્ર ધર્મ સદાય જો;
તે મેળવવા યત્ન કરો યતિયો સહુ,
જેના યોગે સહેજે શીવ સુખ થાય જો......શા માટે. ૮

૩ **સારાંશ**—હે મિત્ર ? ચંચલ ચિત્ત વડે આ ભવરૂપ અટવીની અંદર પરિભ્રમણ કરતા કરતા તું શા માટે ખેદને પામે છે. સુખને આપનાર સંપત્તિના ખજાનાને સ્થિરતા પોતાના હૃદયમાં જ દેખાડશે. ૧.

છાશના સંયોગથી દુધનો સ્વભાવ જેમ બદલાઇ જાય છે તેમ ચંચલતા–અસ્થિરતા વડે જ્ઞાન રૂપ દુધ પલટાઇ જઇ લોભ–વિક્ષોભ રૂપ કૂચા તેમાં પ્રગટાવે છે માટે વિચાર પૂર્વક તે ચંચલતાનો ત્યાગ કરવો યોગ્ય છે. ૨.

બાહ્યથી સતીપણાનો દેખાવ કરનાર અને અંદરથી જાર કર્મ કરનાર સ્ત્રીને જેમ સતીત્વનો દેખાવ હિતકર નથી તેમ હૃદયગત ચંચલતા હોવા છતાં વિવિધ પ્રકારે વાણી નેત્ર અને અંગ ચેષ્ટાનું છુપાવવું આ ભવ અથવા તો હરકોઇ ભવમાં આત્મહિત કરનાર નથી. ૩.

અન્તરને વિષે રહેલ ચંચલતા રૂપ શલ્યનું ઉન્મૂલન કરવામાં ન

આવે અને તેથી ઔષધરૂપ ક્રિયાથી તથા પ્રકારનો ગુણ પ્રાપ્ત ન થાય તો તેમાં ક્રિયાનો દોષ ગણવાનો નથી, પણ ચંચલતાનો જ ગણવો. ૪

જે મહાન યોગીના સર્વ અંગમાં મન વચન અને કાયા વડે સ્થિરતા વ્યાપ્ત થયેલ છે, તેને રાત્રિ યા દિવસ તેમજ ગ્રામ વા અરણ્યમાં સર્વ સ્થળે સમશીલપણું હોય છે. ૫

જ્યાં સ્થિરતા ભાવ વડે જ્ઞાનરૂપ પ્રકાશમાન દીપક પ્રગટે છે તે આત્મસ્વરૂપ પ્રગટ કરવામાં અનુકુળ છે અને તેથી વિકલ્પરૂપ આશ્રવ ભાવી દીપક ખરેખર પ્રતિકૂળ હોવાથી કષાયરૂપ ધુમાડો ઉત્પન્ન કરે છે માટે તે ત્યાગ કરવા યોગ્ય છે. ૬

હે મિત્ર ! જો કદિ ચંચલતારૂપ વિપરીત પવનને તારા હૃદયથી સ્ફુરાયમાન કરીશ તો ધર્મ સમાધી સમાન મેઘની જામેલી ઘટા અવશ્ય વિખેરાઇ જાશે. ૭

સ્થિરતા રૂપ ચારિત્ર ધર્મ સિદ્ધના જીવોમાં પણ નિરંતર મનાયેલ છે. માટે હે મુનિવરો તે ( સ્થિરતા ) પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ થાઓ. જેના પ્રભાવથી મોક્ષ સુખ સહેજે પ્રાપ્ત થાશે. ૮

( ૪ )

## मोहाष्टकम्.

अहं ममेति मंत्रोऽयं मोहस्य जगदांध्यकृत्
अयमेवहि नञ्पूर्वः प्रतिमंत्रोऽपिमोहजित् ॥ १ ॥
शुद्धात्मद्रव्यमेवाहं शुद्धज्ञानं गुणो मम
नान्योऽहं न ममान्ये चेत्यदोमोहास्त्रमुल्वणम् ॥ २ ॥
योनमुह्यति लग्नेषु भावेष्वौदयिकादिषु
आकाशमिव पंकेन नासौ पापेन लिप्यते ॥ ३ ॥
पश्यन्नेव परद्रव्यनाटकं प्रतिपाटकम्
भवचक्रपुरस्थोऽपि नामूढः परिखिद्यते ॥ ४ ॥

विकल्पचषकैरात्मा पीतमोहासवो ह्ययम्
भवोच्चतालमुत्ताल प्रपंचमधितिष्ठति ॥ ५ ॥
निर्मलस्फटिकस्येव सहजंरूपमात्मनः
अध्यस्तोपाधिसंबंधो जडस्तत्र विमुह्यति ॥ ६ ॥
अनारोपसुखं मोहत्यागादनुभवन्नपि
आरोपप्रियलोकेषु वक्तुमाश्चर्यवान् भवेत् ॥ ७ ॥
यश्चिद्दर्पणविन्यस्तसमस्ताचारचारुधीः
कनामसपरद्रव्येऽनुपयोगिनिमुह्यति ॥ ८ ॥

---

## મોહ સ્વરૂપ પદ. ૪

( લાવણી. )

'હું' અને 'મારૂં' એ મંત્ર મોહનો દેખો,
જે વડે જગત આ અંધ પ્રબલતા પેખો;
પણ ધરો એ મંત્રની આગે 'ન' કારજ છોટો,
છે પ્રતિમંત્ર એ મોહ જીતવા મોટો. ૧
શુદ્ધાત્મ દ્રવ્ય તે જાણ અરે હું પોતે,
જ્ઞાનાદિ શુદ્ધજ ગુણ માહરા હોતે;
હું નથી અન્યનો અન્ય નથી કો મારૂં,
એ મોહ વિદારણ શસ્ત્ર અનુપમ ધારૂં. ૨
બંધોદય આદિ કર્મ સબલ પ્રગટે જ્યાં,
મોહાય નહિં કદિ ધીર પ્રબલ વર્તે ત્યાં;
જ્યું પંક લેપથી વ્યોમ કદિ ન લેપાએ,
ત્યું પાપ દોષથી એહ કદિ ન ફસાએ. ૩
દેખે પરદ્રવ્યો અરે નાટ્યની રચના,
જ્યું પાત્ર બતાવે વિધવિધ વેષે ઘટના;
એવા ભવ ચક્ર સમીપ રહી જે પ્રાણી,
ખેદાય નહિં તે જાણ જ્ઞાન ગુણખાણી. ૪
સંકલ્પ વિકલ્પિક પાત્ર મોહ મદ કેરૂં,
તે વડે કરીને પાન મોહાસવ કેરૂં;

ભવ ભ્રમણ અખાડે રમે કેફ વશ માતો,
છલ ભેદ પ્રપંચો કરે રહી એ ત્યાં તો.　૫
સ્વાભાવિક આત્મ સ્વરૂપ કહું હું હવે તો,
સ્ફટિક રત્ન સમ શુદ્ધ સ્વરૂપી એ તો;
લાગી નિજ કર્મ માન રંગ ઉપાધી,
મુંઝાય દેખી અજ્ઞાત રહે અસમાધી.　૬
જાણી એ મોહ સ્વરૂપ ત્યાગી ઘર આવે,
આરોપ વિનાના અનુભવ સુખને પાવે;
આરોપિત સુખ છે પ્રિય એ જનની પાસે,
વર્ણવતા તે આશ્ચર્ય હૃદયમાં ભાસે.　૭
અલૌકિક જ્ઞાન મહાન આરિસો છે જ્યાં,
વિન્યસ્ત કર્યા આચાર બુદ્ધિ વડે ત્યાં;
નિરૂપયોગી પરદ્રવ્યો પરત્વે જેને,
જિજ્ઞાસા નષ્ટજ બની નમન છે તેને.　૮

૪ **સારાંશ**—(હે મોક્ષાભિલાષી પ્રાણીઓ તમો) 'હું' અને 'મારૂં' એ મોહરાજાના મહાન મંત્રને દેખો. જેના પ્રબલપણાથી આખું જગત અંધ બની ગયું છે. છતાં જો એ મહાન મંત્રની અગાડી ફક્ત 'ન' (ન હું—ન મારૂં) લગાડી જોશો તો તે મોહરાજાના મંત્રને જીતવા માટે સામો મંત્ર છે.　૧

શુદ્ધ આત્મદ્રવ્ય તેજ હું પોતે છું અને જ્ઞાન દર્શનાદિ શુદ્ધ ગુણો તે ફક્ત માહરા છે અને તેથી હું કોઇ અન્ય (આત્માથી ઇતર વસ્તુ)નો નથી તેમજ અન્ય કોઈ માહરૂં નથી (આ જાતનો નિશ્ચય) તે મોહને નાશ કરનાર ઉપમારહિત શસ્ત્ર છે.　૨

બંધ, ઉદય, ઉદીરણા એ આદિ કર્મભાવ અતિશયપણે ઉદયમાં આવી તેનો તિક્ષણ અનુભવ કરાવે છતાં જે ધૈર્યતાવંત મહાન પુરૂષ તેમાં મુંઝાય નહિં તે આકાશ જેમ કાદવથી લેપાતું નથી તેમ પાપ દોષથી કોઈ દિવસ ફસાઇ જાતા નથી.　૩

વિવિધ વેશની ઘટના વડે પાત્ર જેમ નાટકની રચના બતાવે છે તેવીજ રીતે પરદ્રવ્યો=પુદ્‌ગલ દ્રવ્યોની રચના છે એમ માની એવા

ભવચક્રની નજીક રહેતા છતાં જે ખેદને પામતા નથી તે મહાન પુરૂષ જ્ઞાન ગુણનો ખજાનો છે. ૪

સંકલ્પ વિકલ્પ રૂપ મોહ મદના પાત્ર વડે મોહાસવ=મોહમદિરાનું જેણે પાન કર્યું છે અને તે કેફનાં પરાધીનપણાથી મદોન્મત્ત બની આ ભવ ભ્રમણ રૂપ અખાડામાં રમતો અનેક જાતના છળભેદ અને પ્રપંચો કરે છે. ૫

સ્વાભાવિક રીતે આત્માનું સ્વરૂપ સ્ફટિક રત્નની જેમ વિશુદ્ધ હોય છે પણ તેને કર્મ રૂપ રંગનો સંબંધ થવાથી વિચિત્રપણે દેખાય છે અને તેથી અજ્ઞાન મનુષ્યો અજ્ઞાન હોઈ મુંઝાઇને અસ્વસ્થ રહ્યા કરે છે. ૬

એ રીતે મોહનું સ્વરૂપ સમજીને તેનો ત્યાગ કરી આત્મસ્વરૂપ તરફ લક્ષ આપતા આરોપ-વિનાના સાચા સુખનો અનુભવ મેળવે છે અને તે ભવ્યાત્મા આરોપિત=ક્ષણિક સુખના અભિલાષીઓ પાસે તેનું ધ્યાન કરવામાં આશ્ચર્ય માને છે. ૭

અલૌકિક જ્ઞાન રૂપ મહાન આરિસામાં પોતાના સદ્ આચારો બુદ્ધિ વડે પ્રતિબિંબિત કર્યા છે. અને ઉપયોગ રહિત એવા પુદ્ગલ દ્રવ્યો પરત્વેની લાલસા જેની નષ્ટ થયેલ છે તે મહાન યોગીને મોટા નમસ્કાર હો. ૮

---

( ૫ )

## ज्ञानाष्टकम्.

मज्जत्यज्ञः किलाज्ञाने विष्टायामिव शूकरः
ज्ञानी निमज्जति ज्ञाने मराल इव मानसे ॥ १ ॥
निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः
तदेवज्ञानमुत्कृष्टं निर्बंधो नास्ति भूयसा ॥ २ ॥
स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते ।
ध्यांध्यमात्रमतस्त्वन्यत्तथा चोक्तंमहात्मना ॥ ३ ॥

---

૧ પાઠાંતર स्मरणम्.

वादांश्चप्रतिवादांश्च वदंतोऽनिश्चितांस्तथा ।
तत्वांतंनैवगच्छन्ति तिलपीलकवद्गतौ ॥ ४ ॥
स्वद्रव्यगुणपर्यायचर्या वर्या परान्यथा
इतिदत्तात्मसंतुष्टिर्मुष्टिज्ञानस्थितिर्मुनेः ॥ ५ ॥
अस्तिचेद्ग्रंथिभिद्ज्ञानं किंचित्रैस्तंत्रयंत्रणैः
प्रदीपाः क्वोपयुज्यन्ते तमोघ्नीदृष्टिरेवचेत् ॥ ६ ॥
मिथ्यात्वशैलपक्षच्छिद् ज्ञानदंभोलिशोभितः
निर्भयः शक्रवद्योगी नंदत्यानंदनंदने ॥ ७ ॥
पीयूषमसमुद्रोत्थं रसायनमनौषधम्
अनन्यापेक्षमैश्वर्यं ज्ञानमाहुर्मनीषिणः ॥ ८ ॥

---

## જ્ઞાન સ્વરૂપ પદ ૫.

( ગઝલ. )

ડૂબે અજ્ઞાની અજ્ઞાને, શુકર જ્યું ગંદકી માંહિ;
મગન ત્યું માનસે હંસા, ત્યું જ્ઞાની જ્ઞાનની માંહિ. ૧
યદિ નિર્વાણ પદની જ્યાં, અહનિંશ ભાવના પ્રગટે;
પછી ત્યાં અન્ય શાસ્ત્રોની, અપેક્ષાઓ સદા વિઘટે. ૨
સ્વભાવિક લાભના માટે, બને એ જ્ઞાનને ઇચ્છી;
તજો જે અંધ બુદ્ધિને, કરે એ જ્ઞાનીને પૃચ્છી. ૩
અગોચર વસ્તુના માટે, વદે વિવાદ જે એલી;
લહે ના પાર વસ્તુનો, જુઓ એ તેલીનો બેલી. ૪
રમણ સ્વદ્રવ્ય ગુણમાંહિ, વિભાવે જોરમે નાંહિં;
બનીએ આત્મ સંતુષ્ટિ, ખરી એ જ્ઞાનની મુષ્ટિ. ૫
સમજ યદિ ગ્રંથી ભેદીની, પડે પછી અન્યનું શું કામ;
ભેદક તમ દૃષ્ટિ પામે તો, દીપક ગ્રહવો પછી કો કામ. ૬
ગિરિ મિથ્યાત્વના શૃંગો, વિછેદે જ્ઞાન વજ્રેથી;
કરે આનંદ નંદનમાં, મુનિ સુરવર સમાનેથી. ૭
અમિ મંથન વિના દરીએ, વિના ઔષધ રસાયન એ;
પ્રભૂતાબિન અપેક્ષાએ, નમો ભવિજ્ઞાન ઇષ્ટજ એ. ૮

**૫ સારાંશ**—શુકર-ભૂંડ જેમ ગંદકી-વિષ્ટામાં નિમગ્ન રહે છે તેમ અજ્ઞાનીઓ અજ્ઞાનમાં ડૂબી રહે છે તેવીજ રીતે માનસરોવરની અંદર હંસની જેમ જ્ઞાની પુરૂષો જ્ઞાન ધ્યાનાદિકમાંજ લયલીન હોય છે. ૧

જો નિર્વાણપદ જે મોક્ષ તે મેલવવાનીજ ભાવના અહર્નિશ બની રહેતી હોય તો પછી ત્યાં અન્ય શાસ્ત્રોના પઠન પાઠનાદિકની અપેક્ષાઓ રહેતી નથી. ૨

સ્વાભાવિક=આત્મિક લાભ જે વડે થાય એવા જ્ઞાનની જ ઈચ્છા કરવી અને જે બુદ્ધિને અંધ કરે તે જ્ઞાની મહાત્માઓને પૂછી-ખૂલાસો મેળવી તેનો ત્યાગ કરવો ઉચિત છે. ૩

અગોચર=ઈંદ્રિયના વિષયની બહારની જે જે વસ્તુઓ છે તેના માટે વિવાદ કરનાર વસ્તુધર્મના ખરા સ્વરૂપને મેળવી શકતો નથી. જેમ ઘાંચીનો બળદ ઘણાં આંટા ફરતો છતાં જ્યાંનો ત્યાં સ્થિત થયેલો દેખાય છે તેમ. ૪

સ્વ એટલે પોતાના આત્માના દ્રવ્ય ગુણ પર્યાયાદિના વિષે જેની નિરંતર રમણતા છે અને વિભાવ જે પુદ્ગલિક ભાવો તેમાં જેને આસક્તિ નથી તેજ આત્મ સંતુષ્ટિ ગણાય છે. અને તેજ ખરેખર જ્ઞાની મહાત્માઓની સાચી તુષ્ટિ છે. ૫

આત્માની સાથે કર્મનું બંધન થાવુ તદ્રૂપ જે ગાંઠ તેનો ભેદ=નાશ કરવાની સમજણ સુપ્રાપ્ય થાય તો પછી અન્ય વસ્તુનું શું કામ હોય? અંધકારને નાશ કરનાર એવી જ્ઞાન ચક્ષુ પ્રાપ્ત થયા પછી દીપકની આવશ્યકતા રહેતી જ નથી. ૬

મુનિમહારાજને ઇંદ્રની સાથે સરખામણી કરતા મૂળ ગ્રંથકાર ભગવાન કહે છે કે જેણે-જે મુનિંદ્રે જ્ઞાન રૂપ વજ્ર વડે મિથ્યાત્વ રૂપ પર્વતના શિખરો તોડી નાંખ્યા છે; અને આનંદ કરવાનું સ્થાન જે નંદનવન તેમાં વિલાસ કરે છે. ૭

જ્ઞાનનું માહાત્મ્ય વર્ણવતા-ગ્રંથકાર આગળ વધી કહે છે કે જ્ઞાન તે ખરેખર સમુદ્રનું મંથન કર્યા વિનાનું અમૃત છે. રસાયણ વિનાનું ( હિતકર ) ઔષધ છે. અને કોઈ પણ પ્રકારની અપેક્ષા

રહિત પ્રભુતા છે; માટે હે ભવ્ય પુરૂષો તમો તે જ્ઞાનને વારંવાર નમસ્કાર કરો. ૮

---

( ૬ )

## शमाष्टकम्.

विकल्पविषयोत्तीर्णः स्वभावालंबनः सदा
ज्ञानस्य परिपाकोयः सःशमः परिकीर्तितः ॥ १ ॥
अनिच्छन् कर्मवैषम्यं ब्रह्मांशेन समं जगत्
आत्माभेदेन यः पश्येदसौ शिवं गमी शमी ॥ २ ॥
आरुरुक्षुर्मुनिर्योगं श्रयेद्बाह्यक्रियामपि
योगारूढः शमादेव शुद्ध्यत्यंतर्गतक्रियः ॥ ३ ॥
ध्यानवृष्टेर्दयानद्याः शमपूरे प्रसर्पति
विकारतीरवृक्षाणां मूलादुन्मूलनं भवेत् ॥ ४ ॥
ज्ञानध्यानतपःशीलसम्यक्त्वसहितो ऽप्यहो
तंनाप्नोतिगुणंसाधुर्यं प्राप्नोति शमान्वितः ॥ ५ ॥
स्वयंभूरमणस्पर्द्धि वर्द्धिष्णु समतारसः
मुनिर्येनोपमीयेत कोऽपिनासौचराचरे ॥ ६ ॥
शमसूक्तसुधासिक्तं येषां नक्तं दिनं मनः
कदापि ते न दह्यन्ते रागोरगविषोर्मिभिः ॥ ७ ॥
गर्जद्ज्ञानगजोत्तुंगा रंगध्यानतुरंगमाः ।
जयन्ति मुनिराजस्य शमसाम्राज्यसंपदः ॥ ८ ॥

### શમભાવ સ્વરૂપ પદ ૬.

( નાથ કૈસો ગજકો બંધ છુડાયો—એ રાગ. )

શમ ગુણ સમ નહિં કોઇ, આ જગમાં શમ—
પાર ઉતારે ભવ સોઇ, આ જગમાં શમ—

વિકલ્પિક વિષયને દૂર કરીને, ગ્રહણ સ્વભાવદશાનું;
જ્ઞાન તણો પરિપાક કહે એ, મુનિવર શમ સમજાનું. આ૦ ૧
કર્મ વિષમતાને નહિં ઇચ્છે, બ્રહ્માંશે સમ દેખે;
અભેદપણે આતમ જગ જાને, સો શમી શિવપુર પેખે. આ૦ ૨
યોગ ઇચ્છિક મુનિ જનને પહેલાં, બાહ્ય ક્રિયા હિતકર છે;
અન્તરગત ક્રિયઆરૂઢ યોગી, શમથી શુદ્ધ બને છે. આ. ૩
ધ્યાનની ધારા નદી કરૂણામાં, શમ પૂરને જબ પ્રસરે;
તીર ઉપર સ્થિત વૃક્ષ વિકારી, ઉન્મૂલન કરી ઘસરે. આ. ૪
જ્ઞાન ધ્યાન તપ શીલ સહિત જે, સમક્તિવંત ન સાધે;
તે ગુણ અલ્પ સમયની માંહિ, શમી શમભાવે આરાધે. આ. ૫
શમ રસ વૃદ્ધિ લહી મુનિ કરતાં, હોડ સ્યંભૂ રમણની;
ચરાચર જગમાં સરખાપણાની, ઉપમાં ન ઘટે ઉવેયની. આ. ૬
શમ વચનામૃત દ્રવતા જેનું, રાત દીવસ મન ભીનું;
રાગરૂપ અહિના વિષની ત્યાં, ઉર્મિએ કલેશ ન લીનું. આ ૭
જ્ઞાન રૂપ ગજ ગર્જના કરતા, ધ્યાન તુરંગ રંગીલા;
શમ સામ્રાજ્ય એ સંપદા પામી, મુનિવરે જય વરમાલા. આ. ૮

---

૬ **સારાંશ**—આ જગત્‌માં સંસાર પાર પમાડનાર શમ ગુણ સમાન અન્ય કોઈ વસ્તુ નથી માટે વિકલ્પિક વિષયોને દૂર કરી સ્વભાવ દશાનું ગ્રહણ કરવું તેજ જ્ઞાનની પરિપક્વતા છે અને તેનેજ જ્ઞાની પુરૂષોએ શમ એ શબ્દવડે પ્રરૂપેલ છે. ૧

કર્મની વિષમતાને નહિં ઇચ્છતો પ્રાણી માત્રને બ્રહ્માંશે કરી સરખા દેખે છે તેથી આખું જગત આત્મભાવે અભેદ રૂપ છે એમ જાણે છે. અને તે જાણનાર શમી મોક્ષ મેંળવી શકે છે. ૨

યોગના ઇચ્છિક મુનિને પ્રથમ બાહ્ય ક્રિયા હિતકર છે. અને યોગારૂઢ છે; તે તો અન્તરગત ક્રિયા વડે શમ ભાવથીજ વિશુદ્ધબને છે. ૩

ધ્યાનરૂપ જળનો પ્રવાહ કરૂણા રૂપ નદીમાં શમતા રૂપ પૂરને પ્રસારશે ત્યારે ઉક્ત નદીના કાંઠે રહેલા વિકાર રૂપ વૃક્ષોને ઉન્મૂલન કરી ઘસડી જશે. ૪

જ્ઞાન ધ્યાન તપ અને શીલ તેણે કરી યુક્ત એવો સમ્યકત્વ-શીલ પુરૂષ જે ગુણને નથી મેળવી શકતો તે ગુણને ઘણાજ અલ્પ સમયમાં શમી પુરૂષ પ્રાપ્ત કરી શકે છે.

શમભાવરૂપ રસની વૃદ્ધિ થતા મુનિઓ સ્વયંભૂરમણ સમુદ્રની હોડ કરે છે, સરખામણી—મુકાબલો કરતાં આ ચરાચર જગતમાં ઉપેયની ઉપમાને ઘટે તેવી કોઈ વસ્તુ નથી.

શમ વચનામૃતવડે જેનું હૃદય રાત્રિ દિવસ આર્દ્ર રહે છે તેને રાગરૂપ સર્પના વિષની ઉર્મિ કલેશ પમાડવાને સમર્થ નથી.

જ્ઞાનરૂપ ગર્જના કરતા હસ્તીઓ અને ધ્યાનરૂપ રંગીલા અશ્વોએ કરી યુક્ત શમ સામ્રાજ્યને મેળવી મુનિ જયવરમાળા પ્રાપ્ત કરે છે.

---

(૭)

## इंद्रियजयाष्टकम्

बिभेषि यदि संसारान्मोक्षप्राप्तिं च कांक्षसि
तदेंद्रियजयं कर्तुं स्फोरय स्फारपौरुषम् ॥ १ ॥
वृद्धास्तृष्णाजलापूर्णै रालवालैः किलेंद्रियैः
मूर्च्छामतुच्छां यच्छन्ति विकारविषपादपाः ॥ २ ॥
सरित्सहस्रदुःपूरसमुद्रोदरसोदरः
तृप्तिमानेंद्रियग्रामो भव तृप्तोऽन्तरात्मना ॥ ३ ॥
आत्मानंविषयैः पाशै र्भववासपराङ्मुखम् ।
इंद्रियाणि निबध्नन्ति मोहराजस्य किंकराः ॥ ४ ॥
गिरिमृत्स्नां धनं पश्यन् धावतींद्रियमोहितः
अनादिनिधनंज्ञानं धनंपार्श्वे न पश्यति ॥ ५ ॥
पुरः पुरः स्फुरतृष्णा मृगतृष्णानुकारिषु
इंद्रियार्थेषु धावन्ति त्यक्त्वा ज्ञानामृतं जडाः ॥ ६ ॥

**पतंगभृंगमीनेभसारंगा यान्ति दुर्दशाम्**
**एकैकेंद्रियदोषाच्चे दुष्टैस्तैः किंनपंचभिः ॥ ७ ॥**
**विवेकद्विपहर्यक्षैः समाधिधनतस्करैः**
**इंद्रियैर्नजितोयोऽसौधीराणां धुरिगण्यते ॥ ८ ॥**

## ઇંદ્રિય જય સ્વરૂપ. પદ-૭.

( લલનાની દેશી. )

બીવે યદિ સંસારથી, મોક્ષતણી અભિલાષ; લલના.
ઇંદ્રિય જય કરવા ભણી, ફેરવ નિજ બળ ખાસ. લલના૦ બીવે૦ ૧
તૃષ્ણારૂપી જલ સિંચતા, ઇંદ્રિય કયારાની માંહિ; લલના૦
વૃક્ષ વિકારી વિષવૃદ્ધિના, ફળ કરે મૂર્છિત ત્યાંહિ. લલના૦ બીવે૦ ૨
સરિત સહસ્ત્રથી પૂરવો, દુષ્કર સમુદ્ર સમાન; લલના૦
ઇંદ્રિય ગણ અતૃપ્તેજ સદા, અન્તર તૃપ્તિ પિછાન. લલના૦
પરાઙ્મુખ ભવ વાસથી, તેને વિષયરૂપ પાશે; લલના૦
બાંધે મોહ મલ્લ કિંકરો, ઇંદ્રિય સુખ અભિલાષે. લલના૦ બીવે૦ ૪
તેજમ તૂરી ગિરિપર સુણી, ધાવે ઇંદ્રિયાસક્ત; લલના૦
પાસે રહ્યું જ્ઞાન દ્રવ્ય તે, દેખે નહિં ભવ રક્ત. લલના૦ બીવે૦ ૫
સ્ફુરે તૃષ્ણા ઘડી ઘડી ઘટમાં, મૃગ તૃષ્ણાની સમાન; લલના૦
ગ્રહવા તજી જ્ઞાન પિયૂષને, દોડે મૂરખ–નાદાન. લલના૦ બીવે૦ ૬
પતંગ ભૃંગ મીન સારંગા, ગજતણી દુર્દશા દેખ; લલના૦
એકેક ઇંદ્રિયને વશ થકી, પંચને વશની વિલેખ. લલના૦ બીવે૦ ૭
વિવેક દ્વિપને સિંહ છે, સમાધિ ધનને છે ચોર; લલના૦
ઇંદ્રિય વડે જે ન જિતાયેલા, ધીર પુરૂષમાં ચકોર. લલના૦ બીવે૦ ૮

૭ સાર—હે ! ભ્રાતર્ ! જો તું આ સંસાર થકી બીક રાખતો હો અને મોક્ષ પ્રાપ્તિની ઇચ્છા થતી હોય તો ઇંદ્રિયો પર જય મેળવવા માટે તારામાં જેટલું આત્મિક બળ રહેલું હોય તેને સંપૂર્ણ રીતે ફેરવ. ૧

આ સંસાર કેવો છે ? ઇંદ્રિયો રૂપ કયારામાં તૃષ્ણારૂપ જળનું સિંચન વિકાર રૂપ વિષવૃક્ષોના ફળને ઉત્પન્ન કરી તેનું આસ્વાદન કરાવી મૂર્છિત બનાવે છે. ૨

હજારો નદીઓના પ્રવાહનું આગમન છતાં સમુદ્ર જેમ પુરાતો નથી-પૂર્ણ થાતો નથી, તેમ ઇંદ્રિયોનો સમુહ પણ નિરંતર અતૃપ્તજ રહે છે. માટે હે ભવ્ય ! તું આન્તર તૃપ્તિની પીછાન કર. ૩

ભવવાસથી પરાઙ્મુખ થયેલાને પણ ઇંદ્રિયોજનિત સુખની અભિલાષાવડે વિષયરૂપ પાશથી મોહરાજાના કિંકરો બાંધી રાખે છે. ૪

અમુક વિકટ પર્વતમાં તેજમતૂરી-સોનાની માટી મળી શકશે-આ બીના સાંભળવાની સાથેજ ઇંદ્રિયાસક્ત પ્રાણી તેને ગ્રહણ કરવા માટે તે તરફ અનેક શારીરિક કષ્ટ સહન કરતો છતો દોડે છે, પણ તે ભવરક્ત પ્રાણી પોતાની પાસે રહેલ જે જ્ઞાનાદિ દ્રવ્યનો ખજાનો તેને જોઈ શકતો નથી. ૫

ક્ષણે ક્ષણે હૃદયમાં અનેક પ્રકારની તૃષ્ણાઓ સ્ફુરાયમાન થાય છે અને તે ફક્ત મૃગતૃષ્ણા સમાન છે. છતાં જ્ઞાનરૂપ અમૃતને તજી દઇને તે મૂર્ખ-નાદાન માણસ ઉપરોક્ત તૃષ્ણાનું પોષણ કરવા ખાલી દોડે છે. ૬

પતંગ, ભ્રમર, મચ્છ, હરણ અને હસ્તિ એક એક ઇંદ્રિયના વિષયમાં આસક્ત હોઇ પ્રાણનાશ રૂપ દુર્દશાને પામે છે તો પાંચે ઇંદ્રિયોને વશ થયેલા પ્રાણીના કેવા સંસ્કાર થતા હશે તે તું તપાસી જો ! ૭

વિવેકરૂપ હસ્તિને પરાસ્ત કરવામાં સિંહ સમાન અને સમાધિરૂપી ધનને લુંટવામાં ચોર સમાન, ઇંદ્રિયોના ભોગો વડે જે મહાપુરૂષો જીતાએલા નથી, તેજ મહાત્માઓ ધીરપુરૂષોમાં ચકોર છે. ૮

( ૮ )

## त्यागाष्टकम्

संयमात्मा श्रये शुद्धोपयोगं पितरं निजम्
धृतिमंबांच पितरौ तन्मां विसृजतं ध्रुवम् ॥ १ ॥
युष्माकं संगमोऽनादिर्बंधवोऽनियतात्मनाम्
ध्रुवैकरूपान् शीलादिबंधूनित्यधुनाश्रये ॥ २ ॥

कांतामे समतैवैका ज्ञातयो मे समक्रियाः
बाह्यवर्गमिति त्यक्त्वा धर्मसंन्यासवान् भवेत् ॥ ३ ॥
धर्मास्त्याज्याः सुसंगोत्थाः क्षायोपशमिका अपि
प्राप्य चंदनगंधाभं धर्मसंन्यासमुत्तमम् ॥ ४ ॥
गुरुत्वं स्वस्य नोदेति शिक्षासात्म्येन यावता
आत्मतत्त्वप्रकाशेन तावत् सेव्यो गुरूत्तमः ॥ ५ ॥
ज्ञानाचारादयोपीष्टाः शुद्धस्वस्वपदावधि
निर्विकल्पे पुनस्त्यागे न विकल्पो न वा क्रिया ॥ ६ ॥
योगसन्न्यासतस्त्यागी योगानप्यखिलांस्त्यजेत्
इत्येवं निर्गुणं ब्रह्म परोक्तमुपपद्यते ॥ ७ ॥
वस्तुतस्तुगुणैः पूर्णमनंतै र्भासते स्वतः
रूपं त्यक्त्वात्मनः साधोर्निरभ्रस्यविधोरिव ॥ ८ ॥

---

### ત્યાગ સ્વરૂપ પદ ૮.

( નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ ચાલ )

પ્રભુ હવે ત્યાજ્ય ધર્મ તણી કરણી, શિવમહેલ ચઢણએ
નિસરણી. પ્રભુ૦
આશ્રય કરૂ ઉપયોગ પિતા વલી, ધીરજ માત તુમેરો;
લૌકિક માત પીતા અબ મોહે, વિસ્મૃત કરો હું ન કેરો. પ્રભુ. ૧
અનિયત આતમ સ્થિતિ બન્ધુ, કાળ અનંત સે તોરી;
ભ્રાતુ સમશીલ ભાવિ સદા જે, સંગત કરૂ તમ છોરી. પ્રભુ. ૨
કાન્તા અબ મેં સમતા ધારી, સમક્રિય જ્ઞાતિ છે મોરી;
બાહ્ય વર્ગ તજી એ રીતે, ધર્મ સંન્યાસ પ્રહોરી. પ્રભુ. ૩
ક્ષય ઉપશમ ભાવિ જે જે ધર્મો, પ્રાપ્ત કર્યાજ સુ સંગે;
ત્યાગી એ ધર્મ પ્રભુ અબ ઉત્તમ, ચંદનગંધ સુ રંગે. પ્રભુ. ૪
જબલગ તું પોતે પોતાને, લાયક શિક્ષા દેવા;
ગુરૂપણું પ્રકટાવે નહિં તવ, ઉત્તમ ગુરૂ કર શેવા. પ્રભુ. ૫
જ્ઞાનાચાર એ આદિ ઇષ્ટજ, નિજ નિજ હદ પદ પાવા;
નિર્વિકલ્પિક ત્યાગ બને તવ, નાંહિ વિકલ્પ ક્રિયા વા. પ્રભુ. ૬

યોગ સમસ્ત પ્રાપ્ત એ ત્યાગી, ત્યાગી યોગ અધ્યાને;
નિર્ગુણ બ્રહ્મ વરે એ રીતે, પરમત કથન પ્રમાને. ગ્રહુ. ૭
વસ્તુત: ગુણની પૂર્ણ દશામાં, શોભા અનંતી ચળકે;
સાધક આત્મદશારૂપ ત્યાગી, નિર્મલ શશી સમ ઝળકે. ગ્રહુ. ૮

૮ સાર—હે! ભવ્ય! પૌદ્ગલિક ત્યાગ ધર્મની કરણીને તું ગ્રહણ કર–તે મોક્ષ મહેલ પર ચઢવાની નીસરણી છે.

ત્યાગધર્માવલંબીઓ ઉપયોગ રૂપ પિતા અને ધીરજ રૂપ માતાનો આશ્રય કરી લૌકિક માતાપિતાને કહે છે કે તમો હવે મને વિસરી જાઓ હું હવે તમારો કોઇનો નથી.

હે! લૌકિક બંધુ! અનાદિકાળથી: તમારી અને મારી સ્થિતિ અનિશ્ચિત છે. અને તેથીજ તમારો સંબંધ છોડી જેઓ મારા સરખા સમાન શીલ ગુણવાળા છે, તેમની સાથે ભ્રાતા તરીકે સંબંધ જોડીશ.

સમતા એજ મેં સ્ત્રી તરીકે માનેલ છે. અને સમાન ક્રિયા કરનાર તેજ મારી જ્ઞાતિ છે. ઉપરોક્ત રીતે બાહ્યવર્ગને છોડીને હું ધર્મ સન્યાસ ગ્રહણ કરૂં છું.

સત્સંગના યોગથી ક્ષયોપશમાદિ જે જે ધર્મો મને પ્રાપ્ત થયા છે, તેનો પણ ત્યાગ કરી ચંદનગંધ સમાન ઉત્તમ એવા ક્ષાયક ધર્મને હવે હું ગ્રહણ કરીશ.

જ્યાંસુધી પોતે પોતાને શિક્ષા દેવાને લાયક એવું ગુરૂપણું પ્રાપ્ત ન કરે ત્યાંસુધી ઉત્તમ ગુરૂ મહારાજની સેવા કરવી યોગ્ય ગણાય છે.

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર–તપાચાર અને વીર્યાચારની જે જે હદ શાસ્ત્રમાં બતાવેલ છે તે તે પ્રાપ્ત થતા સુધીજ તદ્યોગ ક્રિયા ઇષ્ટ મનાએલ છે પણ નિર્વિકલ્પ ત્યાગમાં તો વિકલ્પ નહિં અને ક્રિયા પણ નહિં.

સમસ્ત યોગને પ્રાપ્ત કરનાર જ્ઞાની તે તમામ યોગનો ત્યાગ કરી નિર્ગુણ બ્રહ્મને પ્રાપ્ત કરે છે એ પ્રમાણે પરધર્મવાદીઓનું કથન છે.

પણ જૈનશાસ્ત્રકાર તેથી આગળ વધી કહે છે કે વસ્તુતઃ ગુણની પૂર્ણ પ્રાપ્તિ થતા આત્મદ્રવ્યની અનંતી જ્યોતિ ઝળહળી રહે છે. આત્મદશા શાધક પુરૂષ એ રીતે ત્યાગ ધર્મના આલંબન વડે નિર્મળ ચંદ્રમા સમાન શોભે છે.

---

( ૯ )

## क्रियाष्टकम् ॥ ९ ॥

ज्ञानी क्रियापरः शांतो भावितात्मा जितेंद्रियः
स्वयं तीर्णो भवांभोधेः परं तारयितुं क्षमः ॥ १ ॥
क्रियाविरहितं हंत ज्ञानमात्रमनर्थकम्
गतिं विना पथज्ञोऽपि नाप्नोति पुरमीप्सितम् ॥ २ ॥
स्वानुकूलां क्रियां काले ज्ञानपूर्णोप्यपेक्षते
प्रदीपः स्वप्रकाशोऽपि तैल पूर्त्यादिकं यथा ॥ ३ ॥
बाह्यभावं पुरस्कृत्य ये क्रियाव्यवहारतः
वदने कवलक्षेपं विना ते तृप्तिकांक्षिणः ॥ ४ ॥
गुणवद्बहुमानादे र्नित्यस्मृत्याचसत्क्रिया
जातंनपातयेद्भावमजातंजनयेदपि ॥ ५ ॥
क्षायोपशमिके भावे याक्रिया क्रियते तया ।
पतितस्यापि तद्भावप्रवृद्धि र्जायते पुनः ॥ ६ ॥
गुणवृद्ध्यैततः कुर्यात् क्रियामस्खलनाय वा
एकं तु संयमस्थानं जिनानामवतिष्ठते ॥ ७ ॥
वचोऽनुष्टानतोसंगक्रियासंगतिमंगति
सेयं ज्ञानक्रियाभेदभूमिरानंदपिच्छला ॥ ८ ॥

---

### ક્રિયા સ્વરૂપ. પદ–૯

( સિંહાનો કનરો. )

ક્રિયા તત્પર જુઓ જ્ઞાની બને છે, ઇંદ્રિયજિત્ શાન્તાત્મા લહે છે;
ભવ જલધિથી આપ તરે છે, તારવા શકતજ એહ ખરે છે. ક્રિયા૦

ક્રિયા રહિત જગમાંહિ જાનો, માત્રઃ જ્ઞાન અનર્થ પ્રમાનો;
જ્યું ગતિબિન પથ જાનક હોતે, પામે નહિં પુર ઇપ્સિત પોતે. ક્રિયા૦
ઉચિત સમય તે જ્ઞાની ગ્રહે છે, સ્વ અનુકુલ ક્રિયાને વહે છે;
દીપક પોતે પ્રકાશ કરે છે, પણ તૈલાદિ અપેક્ષા ધરે છે. ક્રિયા૦
બાહ્યભાવ વ્યવહાર ક્રિયા છે, મુગ્ધ પુરૂષની એહ કથા છે;
મુખમાં કવલનો ક્ષેપ ન થાયે, કહો કઇ રીતે ક્ષુધા મીટ જાયે. ક્રિયા૦
ગુણી જનના બહુ માનાદિકની, યાદ કરાવે ક્રિયા નિત્ય વરની;
પ્રાપ્ત ભાવનો પાત ન થાવે, અભિનવ ભાવ સદા પ્રકટાવે. ક્રિયા૦
ક્ષયોપશમ ભાવે ભવિ થાવે, શુદ્ધ ક્રિયાફલ શાસ્ત્ર દિખાવે;
યદ્યપિ ભાવ વિમુખ જો થાવે, એહ ક્રિયા તદ્‌ભાવ નિપાવે. ક્રિયા૦
વૃદ્ધિ થવા ગુણ કારણ હોવે, કરવી ક્રિયા સ્ખલના નહિં જોવે;
સંયમ સ્થાન અસંખ્ય કહ્યા છે, પણ જિનવર એક સ્થાને
રહ્યા છે. ક્રિયા૦
ભાષિત શ્રી જિનજિ અનુષ્ઠાને, અસંગ ક્રિયા પામે ગુણ માને;
એહ અભેદ આનંદમહિં છે, જ્ઞાન ક્રિયામત પૂર્ણ કહી છે. ક્રિયા૦

---

૯ સાર—ઇંદ્રિયો પર જય મેળવનાર–શાન્તાત્મા એવા જ્ઞાની પુરૂષો ક્રિયા કરવાને તત્પર હોય છે અને તેજ આ ભવ સમુદ્રને તરી જાય છે. તેમજ અન્ય આશ્રિતોને તારવાને તેજ શક્તિવાન હોય છે. ૧

આ જગતમાં ક્રિયારહિત જ્ઞાન અર્થ વિનાનું છે. કારણ રસ્તાનો જાણકાર હોવા છતાં ગતિ કર્યા વિના ઇચ્છિત સ્થાને પહોંચી શકાતું નથી. ૨

જ્ઞાની પુરૂષો સમયને અનુકૂળ એવી ક્રિયા કરે છે. દીપક પોતે પ્રકાશક શક્તિવાન છે, છતાં તૈલાદિની અપેક્ષા તેને પણ રહેલ છે. ૩

ક્રિયા તે તો બાહ્ય વ્યવહાર માત્ર છે. આવું વચન ફક્ત મુગ્ધ–અજ્ઞ પુરૂષોનું હોય છે. કવળને હાથમાં લઇ મોઢામાં મૂકયા વિના શું ક્ષુધા મટી જાશે ? અર્થાત્ નહિંજ. ૪

ક્રિયાનું નિરંતર આ સેવન ગુણી પુરૂષો તરફના માનની યાદી કરાવે છે. તે સાથે પ્રાપ્ત થયેલ ગુણ ખસી જાતા નથી, પણ અપ્રાપ્ત ગુણની નિરંતર પ્રાપ્તિ કરાવે છે. ૫

હે ભવ્ય ! શાસ્ત્રકથિત ક્ષયોપશમાદિ ભાવે કરેલી ક્રિયાનું ફળ

બતાવતા મહાત્માઓ કહે છે કે શુદ્ધ ભાવથી વિમુખ થયેલાને તે તે ભાવની પ્રાપ્તિ કરાવે છે. ૬

( એટલુંજ નહીં પણ ) સ્ખલના રહિત ક્રિયા ગુણની વૃદ્ધિ થવાનું મુખ્ય કારણ બને છે. શાસ્ત્રમાં સંયમના અસંખ્ય સ્થાન વર્ણવેલા છે પરંતુ જિનેશ્વર ભગવાન તેમાનાં એક સ્થાને રહ્યા છે. ૭

શ્રી જિન પ્રણીત અનુષ્ઠાન કરતા કરતા ગુણ સહિત અસંગ ક્રિયાની પ્રાપ્તિ થાય છે અને તેજ આનંદની અભેદ ભૂમિ જ્ઞાન અને ક્રિયાથી પૂર્ણ અમૃત સમાન છે. ૮

---

( ૧૦ )

## तृप्त्यष्टकम् ॥ १० ॥

पीत्वा ज्ञानामृतं भुक्त्वा क्रियासुरलताफलम्
साम्यतांबूलमास्वाद्य तृप्तिं याति परां मुनिः ॥ १ ॥
स्वगुणैरेव तृप्तिश्चेदाकालमविनश्वरी
ज्ञानिनो विषयैः किं तैर्यैर्भवेत्तृप्तिरित्वरी ॥ २ ॥
या शांतैकरसास्वादाद्भवेत्तृप्तिरतींद्रिया
सा नजिह्वेंद्रियद्वारा षड्रसास्वादनादपि ॥ ३ ॥
संसारे स्वप्नवन्मिथ्या तृप्तिः स्यादाभिमानिकी
तथ्या तु भ्रांतिशून्यस्य सात्मवीर्यविपाककृत् ॥ ४ ॥
पुद्गलैःपुद्गलास्तृप्तिं यान्त्यात्मा पुनरात्मना
परतृप्तिमारोपस्तो ज्ञानिनस्तन्न युज्यते ॥ ५ ॥
मधुराज्य महाशाका ग्राह्येबाह्येचगोरसात्
परब्रह्मणि तृप्ति र्या जनास्तां जानतेऽपिन ॥ ६ ॥
विषयोर्मिविषोद्गारः स्यादतृप्तस्य पुद्गलैः
ज्ञानतृप्तस्य तु ध्यानसुधोद्गारपरंपरा ॥ ७ ॥
सुखिनोविषया तृप्ता नेंद्रोपेंद्रादयोऽप्यहो
भिक्षुरेकः सुखीलोके ज्ञानतृप्तो निरंजनः ॥ ८ ॥

## આત્મિક તૃપ્તિ સ્વરૂપ પદ ૧૦.

( સુણો શાન્તિ જિનંદ સોભાગી—એ ચાલ. )

ભોજ્ય ક્રિયા સુર પાદપ ફલ છે, વલી પેય જ્ઞાનામૃત રસ છે;
આસ્વાદન સામ્ય તામ્બૂલ, તૃપ્તિ લહે મુનિ એથી અમૂલ. ૧
આત્મિક ગુણથી જે તૃપ્તિ મળે છે, સ્થિર દીર્ઘ સમય એ રહે છે;
તેથી અન્ય વિષય પર ઈહા, ન કરે મુનિ જ્ઞાને ગરિહા. ૨
રસ શાન્ત તણા આસ્વાદે, આત્મ અતીંદ્રિય તૃપ્તિને લાધે;
તે ન મીલે જીહ્વાએ કરતા, ષટ્રસ ભોજન અનુભવતા. ૩
અભિમાનિકી તૃપ્તિ છે ભ્રાન્તિ, સ્વપ્ન સમાન સંસારે ન શાન્તિ;
આત્મિક વીર્ય વિપાકે બને છે, ભ્રાન્તિ શુન્ય એ સત્ય ઠરે છે. ૪
તૃપ્તિ પુદ્ગલે પુદ્ગલ પામે, ત્યમ આત્માએ આત્મિક જામે;
પર તૃપ્તિ તણો સમારોપ, ન ઘટે કરવો ગુણ ગોપ. ૫
મહા શાક અને મધુ ઘૃતથી, અગ્રાહ્ય છે રસ ગોરસથી;
પરબ્રહ્મની તૃપ્તિ છે ન્યારી, ન જાને જન તેહ શું ચારી. ૬
ઉર્મિ વિષયની ત્યાં વિષઉદ્ગાર, પોદ્ગલિકી અતૃપ્તિ એ ધાર;
આત્મિક તૃપ્તિ તણા ઉદ્ગાર, શુદ્ધ પરંપર ધ્યાનની ધાર. ૭
સુખી નાહિ વિષયથી અતૃપ્ત, ઈંદ્ર નરેંદ્ર એ આદિ સમસ્ત;
નીરિહ ભિક્ષુ સુખી એક લોકે, તૃપ્ત બની નિજ આત્મ વિલોકે. ૮

---

**૧૦ સાર**—ક્રિયારૂપ કલ્પવૃક્ષના ફળનું ભોજન કરી જ્ઞાનરૂપ અમૃતરસનું પાન કરી અને સામ્યતારૂપ તામ્બૂલનું મુખવાસ કરીને મુનિ મહાત્માઓ અમુલ્ય તૃપ્તિને મેળવે છે. ૧

આત્મિક ગુણથી થયેલી તૃપ્તિ ચિરકાળ સ્થિર રહે છે. અને તેથીજ જ્ઞાન ગરિષ્ઠ મુનિ આત્માથી વ્યતિરિક્ત જે પુદ્ગલિક વિષય-ભોગ તેની ઈચ્છા કરતા નથી. ૨

શાન્તરસના આસ્વાદન વડે આત્મા અતીંદ્રિય તૃપ્તિને પામે છે. જે તૃપ્તિ જીવ્હા વડે ષટરસના ભોજનનો સ્વાદ લેતા છતાં પણ મળતી નથી. ૩

અભિમાનવડે થયેલી તૃપ્તિ તે ભ્રાન્તિ જનિત ખાલી સ્વપ્ન સમાન હોઇને આ સંસારમાં શાન્તિ આપનાર નથી પણ આત્મ વીર્યના વિપાક વડે થયેલી તૃપ્તિ ભ્રાન્તિ રહિત અને અલ્પ છે. ૪

પુદ્ગલથી પુદ્ગલ તૃપ્તિ પામે છે અને આત્માથી આત્મા તૃપ્તિ પામે છે. માટે પરસ્પર તૃપ્તિનો આરોપ એટલે કે પુદ્ગલથી આત્માની અને આત્માથી પુદ્ગળની તૃપ્તિ માનવી તે જ્ઞાનીને શોભે નહીં. ૫

મહાન સ્વાદિષ્ટ શાક તેમજ ઉત્તમ લીજતદાર ઘૃત–દહિં યા દૂધ તેનાથી અગ્રાહ્ય હોવાના લીધે પરબ્રહ્મની તૃપ્તિ જુદા જ પ્રકારની છે અને તેથીજ સંસારી પ્રાણી તેની મિઠાશ જાણી શકે તેમ નથી. ૬

પુદ્ગલિક વિષયોના ઉછાળા વિષનાજ ઉદ્ગારો કઢાવે છે અને તેજ પૌદ્ગલિક અતૃપ્તિ માનવી આત્મિક ભાવથી થયેલી તૃપ્તિ શુદ્ધ છે; અને પરંપરાએ ધ્યાનની ધારાને વિસ્તારે છે. ૭

વિષયભોગથી જે અતૃપ્ત છે તે સુખી નથી; ચાહે તો તે ઈંદ્ર હો વા નરેંદ્ર ગમે તે હો, પણ ફક્ત ઇચ્છા રહિત એવો ભિક્ષુક આલોકમાં સુખી છે અને તે તૃપ્તિ મેળવી પોતાના આત્મસ્વરૂપને જોવા શક્તિ-વાન થાય છે. ૮

## निर्लेपाष्टकम् ॥ ११ ॥

संसारे निवसन् स्वार्थसज्जः कज्जलवेश्मनि
लिप्यते निखिलो लोको ज्ञानसिद्धो न लिप्यते ॥ १ ॥
नाहं पुद्गलभावानां कर्ता कारयिता च न
नानुमंतापि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ॥ २ ॥
लिप्यते पुद्गलस्कंधो न लिप्ये पुद्गलैरहम्
चित्रव्योमांजनेनेव ध्यायन्निति न लिप्यते ॥ ३ ॥
लिप्तताज्ञानसंपातप्रतिघाताय केवलम्
निर्लेपज्ञानमग्नस्य क्रिया सर्वोपयुज्यते ॥ ४ ॥

तपःश्रुतादिनामत्तः क्रियावानपि लिप्यते
भावनाज्ञानसंपन्नो निःक्रियोऽपि न लिप्यते ॥ ५ ॥
अलिप्तोनिश्चयेनात्मा लिप्तश्च व्यवहारतः
शुद्धयत्यलिप्तयाज्ञानी क्रियावान् लिप्तयादृशा ॥ ६ ॥
ज्ञान क्रियासमावेशः सहैवोन्मीलने द्वयोः
भूमिकाभेदतस्त्वत्र भवेदेकैकमुख्यता ॥ ७ ॥
सज्ञानं यदनुष्ठानं न लिप्तंदोषपंकतः
शुद्धबुद्धस्वभावाय तस्मै भगवते नमः ॥ ८ ॥

---

## નિર્લેપ સ્વરૂપ. પદ ૧૧

( સુમતિ ચરણ કજ આતમ અરપણા—એ ચાલ )

કાજલ કોટડી સમ સંસારમાં,
સ્વારથ સર્જી સહુ પ્રાણી. હે! પ્રાણી.
વસનારા તે માંહિ લેપાય છે,
નિર્લેપ રહે સિદ્ધ નાણી. હે! પ્રાણી. કાજલ. ૧
પુદ્‌ગલ ભાવ તણો કર્તા નહિં,
નાંહિ કરાવન જાણ. હે! પ્રાણી.
ત્યમ તદ્‌ગુણ અનુપાઈ હું નાંહિ,
કયમ લેપાએ એ જાણ. હે! પ્રાણી. કાજલ. ૨
પુદ્‌ગલે પુદ્‌ગલ સ્કંધ લેપાય છે,
પણ વ્યોમાંજન જેમ; હે! પ્રાણી.
હું નિર્લેપ છું પુદ્‌ગલ ભાવથી,
ધ્યાની લેપાએ ન એમ. હે! પ્રાણી. કાજલ. ૩
વ્યાપ્તિ છે કર્મ લેપનની જે જ્ઞાનથી,
ઘાતક એહની જાણ; હે! પ્રાણી.
નિર્લેપ જ્ઞાનમાં મગ્ન તણી અહો!
સર્વ ક્રિયા તું પિછાણ. હે! પ્રાણી. કાજલ. ૪
તપ શ્રુત આદિથી મત્ત છે જગતમાં,
ક્રિયાવાન એ લેપાય; હે! પ્રાણી.

ભાવના જ્ઞાનથી સંપન્ન આતમા,
નિઃક્રિય પણ ન લેપાય. હે ! પ્રાણી. કાજલ. ૫
નિશ્ચય નયથી અલિપ્ત છે આતમા,
વ્યવહારે છે એ લિપ્ત હે ! પ્રાણી.
જ્ઞાનિ અલિપ્ત દૃગે શુદ્ધિ કરે,
ક્રિયાવાન દૃગે લિપ્ત. હે ! પ્રાણી. કાજલ. ૬
જ્ઞાન ક્રિયા સમ નેત્ર યુગલ જિહાં,
સાથે વિકસ્વર હોય; હે ! પ્રાણી.
પણ એકેકનું મુખ્યપણું તિહાં,
ભૂમિકા ભેદથી જોય. હે ! પ્રાણી. કાજલ. ૭
જ્ઞાન સહિત કરણી જગ જેહની,
દોષ કિચડથી અલિપ્ત; હે ! પ્રાણી.
શુદ્ધ સ્વભાવિ વિબુદ્ધ મુણિંદને,
વંદન બનવા અલિપ્ત. હે ! પ્રાણી. કાજલ. ૮

---

૧૧-**સાર**—મશની કોટડી સમાન આ સંસારમાં વસનારા પ્રાણી માત્ર સ્વાર્થ તત્પર છે. તેથી તેનો સંસર્ગ કરનાર પ્રાણી અવશ્ય લેપાય છે. ફક્ત જ્ઞાન સિદ્ધ પુરૂષોજ નિર્લેપ રહે છે. ૧

પુદ્ગલ ભાવનો હું કર્તા નથી; કરાવનાર નથી તેમજ તે ભાવનો અનુયાયી પણ નથી. એમ સત્ય સ્વરૂપને જાણનાર જ્ઞાની તે કેવી રીતે લેપાય ? અર્થાત્ નજ લેપાય. ૨

પુદ્ગલથી પુદ્ગલ સ્કંધ લેપાય છે પણ આકાશનાપર અંજનની જેમ હું પુદ્ગલ ભાવથી નિર્લેપ છું આવું ધ્યાન કરનાર જ્ઞાની લેપાતો નથી. ૩

જે જ્ઞાનથી કર્મના લેપની વ્યાપ્તિ છે તેને છેદ કરનાર નિર્લેપ જ્ઞાનમાં મગ્ન પુરૂષની ક્રિયાને જાણી હે ભવ્ય તેજ તું ગ્રહણ કર. ૪

તપ-શ્રુત જ્ઞાન એ આદિથી મદોન્મત્ત થયેલ આ સંસારમાં લેપાય છે પણ ભાવના જ્ઞાનથી સંપન્ન આત્મા નિઃક્રિય હોવા છતાં નિર્લેપ રહે છે. ૫

આત્મા નિશ્ચય નયથી અલિપ્ત છે અને વ્યવહાર નયથી લિપ્ત છે. જ્ઞાની અલિપ્ત દૃષ્ટિથી અને ક્રિયાવાન લિપ્ત દૃષ્ટિથી આત્મશુદ્ધિ કરે છે. ૬

જ્ઞાન અને ક્રિયારૂપ નેત્ર યુગલ સાથેજ વિકસ્વર થાય છે પણ ભૂમિકા ભેદથી તેમાં એકએકની મુખ્યતા મનાએલ છે. ૭

જ્ઞાન યુક્ત જેઓની ક્રિયા છે અને દોષ રૂપ કાદવથી જે અલિપ્ત છે તેવા શુદ્ધ સ્વભાવી બુદ્ધિમાન મુનિ માહારાજને અલિપ્ત બનવા માટે મારી વંદના. છે. ૮

## निःस्पृहाष्टकम् ॥ १२ ॥

स्वभावलाभात् किमपिप्राप्तव्यं नावशिष्यते
इत्यात्मैश्वर्यसंपन्नो निःस्पृहोजायते मुनिः ॥ १ ॥
संयोजितकरैः के के प्रार्थ्यंते न स्पृहावहैः
अमात्रज्ञानपात्रस्य निःस्पृहस्य तृणं जगत् ॥ २ ॥
छिंदन्ति ज्ञानदात्रेण स्पृहाविषलतां बुधाः
मुखशोषं च मूर्च्छां च दैन्यं यच्छति यत्फलम् ॥ ३ ॥
निःकासनीया विदुषा स्पृहा चित्तगृहाद्बहिः
अनात्मरतिचांडालीसंगमंगीकरोति या ॥ ४ ॥
स्पृहावन्तो विलोक्यन्ते लघवस्तृणतूलवत्
महाश्चर्यं तथाप्येते मज्जन्ति भववारिधौ ॥ ५ ॥
गौरवं पौरवंद्यत्वात् प्रकृष्टत्वं प्रतिष्टया
ख्यातिं जातिगुणात्स्वस्य प्रादुःकुर्यान्ननिस्पृहः ॥ ६ ॥
भूशय्या भैक्षमशनं जीर्णं वासो वनंगृहम्
तथापि निःस्पृहस्याहो चक्रिणोऽप्यधिकं सुखम् ॥ ७ ॥
परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम्
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥ ८ ॥

## નિઃસ્પૃહ ભાવના. પદ ૧૨.

( આશાવરી )

અવધુ ! નિઃસ્પૃહ ભાવ વિચારો,
છે શિવસુખ પંથ ઉદારો. ... ... ... અબધુ૦
સ્વભાવ લાભ વિણ પ્રાપ્ત શું કરવું,
શેષ ન દૃગ પથ માંહિ;
આત્મ પ્રભુતા એહિજ જાનો,
નિઃસ્પૃહ તે જગ માંહિ. ... ... ... અબધુ૦ ૧
સ્પૃહાવંત તે શું શું ન માંગે,
કર જોડી જગ આગે;
માત્ર જ્ઞાનના પાત્ર નિરિચ્છક,
તૃણવત્ ભવ સુખ ત્યાગે. ... ... ... અબધુ૦ ૨
સ્પૃહા વિષવેલીને છેદો,
જ્ઞાન કૃપાણિ ગૃહિને;
મુખ શોષ મૂર્ચ્છા ને દિનતા,
એ ફલ દીએ પ્રકટીને. ... ... ... અબધુ૦ ૩
પંડિત જન કાઢે ચિત્ત ગૃહથી,
બાહિર એહ સ્પૃહાને;
અનાત્મ રતિ ચાન્ડાલીનો જે,
સંગ બુરો એ પિછાને. ... ... ... અબધુ૦ ૪
સ્પૃહાવંત દેખો આ જગમાં,
તૃણ તૂલથી લઘુ તેમાં;
મહાશ્ચર્ય એક એહ પિછાનો,
ડૂબે ભવ જલધિમાં. ... ... ... અબધુ૦ ૫
જન વંદનથી ગૌરવને જે,
પ્રતિષ્ઠાથી પ્રભુતાને;
ખ્યાતિ ગુણાદિ મુખસે ન કહાવે,
નિઃસ્પૃહતા ના તાને.... ... ... ... અબધુ૦ ૬
ભૂશય્યાને ભિક્ષા વૃત્તિ,
જીર્ણ વસ્ત્ર વન ગૃહ છે;

તથાપિ નિઃસ્પૃહિને આ જગમાં,
ઇંદ્રથી સુખ અધિક છે. ... ... ... અબધુ૦ ૭
પરસ્પૃહા તે છે દુઃખદાઈ,
નિઃસ્પૃહતા સુખ ચાહિ;
સુખ દુઃખનું એ લક્ષણ જાણી,
નિઃસ્પૃહ બનો જગ માંહિ... ... ... અબધુ૦ ૮

---

૧૨ **સાર**—હે ! યોગીરાજ ! નિઃસ્પૃહદશા તે મોક્ષ સુખ મેળવવાનો મહાન રસ્તો છે.

આ જગતમાં નિઃસ્પૃહિઓને સ્વભાવ લાભની પ્રાપ્તિ સિવાય અન્ય કાંઈ દૃષ્ટિ માર્ગમાં આવતુ નથી અને તેનેજ આત્મપ્રભુતા માનેલ છે. ૧

સ્પૃહાવંત પુરૂષો આ જગતમાં બે હાથ જોડીને શું શું માંગણીઓ નથી કરતા અર્થાત્ તમામ યાચના કરે છે. ફક્ત જ્ઞાનના પાત્ર નિરિચ્છક મુનિઓ સંસાર સુખને તૃણવત્ ત્યજી દે છે. ૨

નિઃસ્પૃહિ પુરૂષો સ્પૃહા રૂપ વિષવૃક્ષને જ્ઞાનરૂપ શસ્ત્રોવડે છેદી નાંખે છે. જે સ્પૃહા મુખાવિંદને મ્લાન કરે છે એટલુંજ નહિં પણ મૂર્ચ્છા અને સાથે સાથે દીનતાને આપવાવાળી છે. ૩

વળી તેજ સ્પૃહા અનાત્મરૂપ ચાન્ડાલીનો સંગ કરે છે તેથી પંડિત પુરૂષો તેને પોતાના ચિત્તરૂપ ગ્રહથી દૂર કરે છે. ૪

સ્પૃહાવંત પ્રાણી તણખલાથી અથવા આકોલીઆના રૂથી પણ વધારે હલકા છે છતાં એક આશ્ચર્યની વાત છે કે તે હલવા હોવા છતાં આ ભવસમુદ્રમાં ડૂબે છે. ૫

નિઃસ્પૃહતાનું તાન જે મહાત્માઓને લાગી રહ્યું છે તે જનસમૂહના વંદનથી થયેલી પોતાની ગૌરવતા પ્રતિષ્ઠા કે પ્રભુતાની સ્વમુખથી પ્રસંશા કરતા નથી. ૬

પૃથ્વીતળ તેજ જેની શય્યા છે. ભિક્ષાવડે જ જેની આજીવિકા છે. જીર્ણ—નિર્માલ્ય તેજ જેના વસ્ત્રો છે અને જંગલ એજ જેનું નિવાસ

સ્થાન છે છતાં નિસ્પૃહિ હોવાથી તે યોગીઓ દેવેંદ્રથી પણ અધિક સુખ મેળવે છે. ૭

પરસ્પૃહા તે દુઃખને આપનાર છે. અને નિઃસ્પૃહા તે ખરેખર સુખને આપનાર છે. સુખ અને દુઃખનું આ ટુંકુ સ્વરૂપ જાણી હે ભવ્ય ! નિઃસ્પૃહિ બનવું તેજ શ્રેયસ્કર છે. ૮

## मौनाष्टकम् ॥ १३ ॥

मन्यते यो जगत्तत्वं समुनिः परिकीर्तितः
सम्यक्त्वमेवतन्मौनं मौनं सम्यक्त्वमेव च ॥ १ ॥

आत्मात्मन्येवयच्छुद्धं जानात्यात्मानमात्मना
सेयं रत्नत्रयेज्ञप्तिरुच्याचारैकता मुनेः ॥ २ ॥

चारित्रमात्मचरणाद् ज्ञानं वा दर्शनं मुनेः
शुद्धज्ञाननयेसाध्यं क्रियालाभात् क्रियानये ॥ ३ ॥

यतः प्रवृत्तिर्न मणौ लभ्यते वा न तत्फलम्
अतात्त्विकी मणिज्ञप्तिर्मणिश्रद्धा च सा यथा ॥ ४ ॥

तथा यतो न शुद्धात्मस्वभावाचरणं भवेत्
फलं दोषनिवृत्तिर्वा न तद् ज्ञान दर्शनम् ॥ ५ ॥

यथा शोफस्य पुष्टत्वं यथा वा वध्यमंडनम्
तथा जानन् भवोन्मादमात्मतृप्तो मुनि र्भवेत् ॥ ६ ॥

सुलभं वागनुच्चारं मौनमेकेंद्रियेष्वपि
पुद्गलेष्वप्रवृत्तिस्तु योगानां मौनमुत्तमम् ॥ ७ ॥

ज्योतिर्मयीव दीपस्य क्रिया सर्वापि चिन्मयी
यस्यानन्यस्वभावस्य तस्य मौनमनुत्तरम् ॥ ८ ॥

## મૌન સ્વરૂપ પદ ૧૩.

( પંથડો નિહાળુ રે, બીજા જિનતણો રે—એ ચાલ. )

જે ભવિ જાણે રે આ જગતના તત્ત્વને રે,
મૌન વૃત્તિ કહેવાય;
સમ્યક્ એહ છે મૌન દશા ખરી રે,
મૌન સમ્યક્ત્વ ગણાય... ... ... ... જે ભવિ. ૧
આતમા આત્માએ આત્માને વિષે રે,
જાણે આત્માને વિશુદ્ધ;
દર્શન નાણ ચરણ જે રયણ ત્રયી રે,
ઐક્યતા લહે એ વિબુદ્ધ ... ... ... જે ભવિ. ૨
સાધ્ય છે શુદ્ધ જ્ઞાન નયે જોવતા રે,
હોય જ્યાં આત્મ રમણ;
લાભ ક્રિયાનો હોય ક્રિયા નયે રે,
દર્શન નાણ ચરણ ... ... ... ... જે ભવિ. ૩
અતાત્ત્વિક મણિમાં મણિ તણું રે,
જ્ઞાન વા શ્રદ્ધા હોય;
થાય પ્રવૃત્તિ હો એહ મણિ વિષે રે,
પામે નહિં ફલ સોય. ... ... ... જે ભવિ ૪
તેવીજ રીતે શુદ્ધાત્મ સ્વભાવમાં રે,
જો આચરણ ન થાય;
દોષતણી નિવૃત્તિ બને નહિં રે,
જ્ઞાન શ્રદ્ધા ન મનાય. ... ... ... જે ભવિ. ૫
સોફની પુષ્ટિ એ પુષ્ટિ માનવી રે,
વા મંડન વધ કાજ;
ભવ ઉન્માદ એ જાણીને લહે રે,
આત્મિક તૃપ્તિ મુનિરાજ. ... ... ... જે ભવિ. ૬
સુલભ છે વાણી તણું વદવું નહિં રે,
મૌન એકેંદ્રિય માંહે;
પણ પુદ્ગલ માંહિ પ્રવૃત્તિ નહિં રે,
મૌન ખરે જગ માંહે. ... ... ... જે ભવિ. ૭

દીપક કેરી ક્રિયા જ્યોતિમયી રે,
જ્ઞાનમયી તદ્ રૂપ;
નિજ સ્વભાવીતણી કરણી સહુ રે,
એહિજ મૌન અનુપ. ... ... ... જે ભવિ. ૮

---

**૧૩–સાર**–જે ભવ્યાત્મા આ જગતના તત્વોને જાણે છે, તે મૌનવ્રતવાન છે. શુદ્ધ સમ્યક્ત્વ એજ ખરેખર મૌન દશા છે અને મૌનતા એજ ખરેખર સમ્યક્ત્વ છે. ૧

જે મહંતો આત્મા વડે આત્માને વિષે આત્માને વિશુદ્ધ જાણે છે, તે દર્શન જ્ઞાન અને ચારિત્ર રૂપ રત્નત્રયીની ઐક્યતાને મેળવે છે. ૨

શુદ્ધ જ્ઞાન નયથી તપાસીએ તો આત્મરમણ વડેજ દર્શન જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ સુસાધ્ય છે અને ક્રિયાનયે તપાસીએ તો ક્રિયા વડેજ ઉપરોક્ત લાભ મેળવી શકાય છે. ૩

જેમ કાચના ટુકડામાં સાચા મણીનું જ્ઞાન વા શ્રદ્ધા હોય અને તેને યોગ્ય પ્રવૃત્તિ કરવામાં આવે તો તેથી ધારેલ ફ્લાપ્તિ થતી નથી તેમ શુદ્ધ આત્મ સ્વભાવમાં પ્રવૃત્તિ ન થાય ( અને અનાત્મ ભાવમાં પ્રવૃત્તિ થાય ) અને તેથી દોષોની નિવૃત્તિ ન થાય તો તે યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધા નથીજ. ( ગાથા. ૪–૫ )

સોજા ચડી ગયેલા હોય અને તેનાથી શરીર પુષ્ટ થયું છે એવી માન્યતા તેમજ કોઇ પણ પ્રાણીનો વધ કરવાનો હોય તે વખતે તેની શરીરશોભા કરવામાં આવે છે. તેને શોભાની માન્યતા કરનારને ખરેખરો ભવ ઉન્માદ થયો છે. આમ સમજી મુનિ મહાત્માઓ આત્મિક તૃપ્તિ મેળવે છે. ૬

વાણી માત્રનુંજ ઉચ્ચારણ ન કરવું એજ જો મૌન કહેવાતું હોય તો તેવું મૌન એકેંદ્રિય જીવોને નિરંતર સુલભ છે, પરંતુ પૌદ્ગલિક ભાવોમાં અપ્રવૃત્તિ એજ આ જગતમાં ખરેખર મૌન કહેવાય છે. ૭

દીપક તણી સર્વ ક્રિયા પ્રકાશને કરવાવાળી છે તેજ પ્રમાણે

જ્ઞાની મહાત્માઓની તમામ કરણી નિજ સ્વભાવમય હોય છે અને તેજ ઉપમા રહિત મૌન દશા છે એમ શાસ્ત્રકાર વર્ણવે છે. ૮.

## विद्याष्टकम् ॥ १४ ॥

नित्यशुच्यात्मताख्याति रनित्याशुच्यनात्मसु
अविद्या तत्वधीर्विद्या योगाचार्यैःप्रकीर्तिता ॥ १ ॥
यःपश्येन्नित्यमात्मानमनित्यं परसंगमम्
छलं लब्धुं न शक्नोति तस्य मोहमलिम्लुचः ॥ २ ॥
तरंगतरलां लक्ष्मीमायुर्वायुवदस्थिरम्
अदभ्रधीरनुध्यायेदभ्रवद्भंगुरंवपुः ॥ ३ ॥
शुचीन्यप्यशुचीकर्तुं समर्थेऽशुचीसंभवे
देहे जलादिना शौच भ्रमो मूढस्य दारुणः ॥ ४ ॥
यःस्नात्वा समताकुंडे हित्वा कश्मलजं मलम्
पुनर्न याति मालिन्यं सोऽन्तरात्मा परः शुचिः ॥ ५ ॥
आत्मबोधो नवःपाशो देहगेहधनादिषु
यः क्षिप्तोप्यात्मना तेषु स्वस्य बंधाय जायते ॥ ६ ॥
मिथो युक्तपदार्थानामसंक्रमचमत्क्रिया
चिन्मात्रपरिणामेन विदुषैवानुभूयते ॥ ७ ॥
अविद्यातिमिरध्वंसे दृशा विद्यांजनस्पृशा
पश्यन्ति परमात्मानमात्मन्येव हि योगिनः ॥ ८ ॥

## સત્ય વિદ્યા સ્વરૂપ. પદ—૧૪

( કડખાની દેશી. )

જેહ અનિત્ય અશુચિ અનાત્મતા,
એહમાં નિત્ય શુચિ આત્મ બુદ્ધિ;
'યોગાચાર્યો કહે એહ વિદ્યા નહિં',
તત્વત: બુદ્ધિ વિદ્યા એ શુદ્ધિ. ... ... જેહ. ૧

નિત્ય નિજ આતમા જેહ દેખે ભવિ,
સંગ સહુ અપર અનિત્ય પેખે;
મોહ તસ્કર તિંહા છળવા અતિ યુક્તિયો,
ફેરવે તદપિ શક્તિ ન લેખે. ... ... ... જેહ. ૨

ચપલ જલ તરંગવત્ લચ્છિ જાણે વળી,
આયુ વાયુ પરે સ્થિર નાંહિ;
ઘન ઘટા સમ વપુ પલકમાં વિણસશે,
એહવિ પુષ્ટ બુદ્ધિ છે આંહિ. ... ... ... જેહ. ૩

જેહ શુચિ વસ્તુને અશુચિ કરનાર છે,
ઉદ્ભવ જેહનો અશુચિ માંહિ;
એહ આ દેહને જલઘડે શૌચતા,
માનવી એહ મૂઢાત્મતા હિ. ... ... ... જેહ. ૪

જેહ શમતા તણા કુંડમાં નાહીને,
કર્મ મળ દુર કાઢે અશુચિ;
પુન: માલિન્યતા તેહને નવિ ઘટે,
એહ શુદ્ધાતમા પરમ શુચિ. ... ... ... જેહ. ૫

આત્મિય બુદ્ધિ છે પાશ એ અતિ નવો,
દેહ વા ગેહ એ આદિ માંહિ;
એહમાં ફેંકતા આત્મિય ભાવથી,
સ્વત: બંધાય એ પાશ માંહિ. ... ... ... જેહ. ૬

યુક્ત ષટ્ દ્રવ્યો પરસ્પર પેખીએ,
સંક્રમે પણ નહિં એહ આશ્ચર્ય;
માત્ર એ જ્ઞાન પરિણામથી જગતમાં,
અનુભવે એહ વિદ્વાન વર્ય. ... ... ... જેહ. ૭

વિદ્યા અંજન વડે જ્ઞાન દૃષ્ટિ ખીલે,
તિમિર અજ્ઞાનનો ધ્વંસ હોવે;
તેથી પરમાત્મતા આત્મમાં પેખીએ,
એહ યોગી જગ વંદ્ય હોવે. ... ... ... જેહ. ૮

૧૪ **સાર**—જે જે અનિત્ય, અશુચિ અને અનાત્મીય વસ્તુઓ છે તેમાં નિત્યતા પવિત્રતા અને આત્મતાની બુદ્ધિ તે વિદ્યા ન કહેવાય; તત્વત: વસ્તુને વસ્તુ સ્થિતિનું જ્ઞાન કરાવનાર બુદ્ધિ તે શુદ્ધ વિદ્યા છે એવું યોગના આચાર્યોનું કથન છે. ૧

જે ભવ્યાત્મા પોતાના આત્માને નિત્ય દેખે છે અને તેનાથી વ્યતિરિક્ત વસ્તુના સંબંધને અનિત્ય દેખે છે તેને મોહરૂપ લૂંટારો લૂંટવાને ઘણી ઘણી યુક્તિઓ ફેરવે છે છતાં તે નાસીપાસ થાય છે. ૨

જળના તરંગવત્ લક્ષ્મી ચપલ છે, આયુષ્ય વાયુ પરે અસ્થિર છે અને વાદળાની ઘટા સદૃશ શરીર ક્ષણમાં નષ્ટ થનાર છે. એ પ્રકારની માન્યતા તે પુષ્ટ બુદ્ધિ જાણવી. ૩

જે પવિત્ર વસ્તુઓને અપવિત્ર કરનાર છે એટલુંજ નહીં પણ જેની ઉત્પત્તિ પણ અશુચિમાંજ છે એહવા આ શરીરને જળ સ્નાન વડે પવિત્ર માનવું તે નિશ્ચયે કરી મૂઢાત્મપણું છે. ૪

જેણે સમતા રૂપ કુંડમાં સ્નાન કરીને કર્મ મળરૂપ અશુચિ દૂર કરી છે તેમજ પુન: મલિનતા જેને લાગતી નથી તેજ શુદ્ધાત્મા પરમ પવિત્ર છે. ૫

શરીર–ગૃહ એ આદિ અન્ય વસ્તુઓમાં મારાપણાની બુદ્ધિ એ એક નવીન જાતનો ફાંસો છે. કારણ તે અન્ય વસ્તુમાં મારાપણાની બુદ્ધિ વડે ફેંકતા ઉક્ત પાસ–ફાંસામાં પોતેજ ફસાઇ જાય છે. ૬

ધર્માસ્તિકાયાદિ ષટ્ દ્રવ્યો પરસ્પર જોડાએલા છે એમ દેખાય છે છતાં તે એક બીજામાં સંક્રમણ ભાવને પામતા નથી. આ મહાન આશ્ચર્ય માત્ર જ્ઞાન પરિણતિ વડેજ વિદ્વાનવર્યો અનુભવે છે. ૭

વિદ્યારૂપ અંજનવડે જે મહાત્મા યોગીની જ્ઞાન રૂપ દૃષ્ટિ ખુલ્લી જાય છે અને તેથી અજ્ઞાન રૂપ અંધકારનો નાશ થાય છે અને તે વડે પરમાત્મ સ્વરૂપને પોતાના આત્મામાં જોવે છે તેજ યોગી આ જગતમાં વંદન કરવા યોગ્ય છે. ૮

## विवेकाष्टकम् ॥ १५ ॥

कर्मजीवं च संश्लिष्टं सर्वदा क्षीरनीरवत्
विभिन्नीकुरुते योऽसौ मुनिहंसो विवेकवान् ॥ १ ॥
देहात्माद्यविवेकोऽयं सर्वदा सुलभो भवे
भवकोट्यापि तद्भेदविवेकस्त्वतिदुर्लभः ॥ २ ॥
शुद्धेऽपि व्योम्नि तिमिराद्रेखाभिमिश्रिता यथा
विकारै र्मिश्रिता भाति तथात्मन्यविवेकतः ॥ ३ ॥
यथा योधैः कृतं युद्धं स्वामिन्येवोपचर्यते
शुद्धात्मन्यविवेकेन कर्मस्कंधोऽर्जितं तथा ॥ ४ ॥
इष्टकाद्यपि हि स्वर्णं पीतोन्मत्तो यथेक्षते
आत्माभेदभ्रमस्तद्वद्देहादावविवेकिनः ॥ ५ ॥
इच्छन्नपरमान् भावान् विवेकाद्रेः पतत्यधः
परमं भावमन्विच्छन्नाविवेके निमज्जति ॥ ६ ॥
आत्मन्येवात्मनः कुर्यात् यः षट्कारकसंगतिं
क्वाविवेकज्वरस्यास्य वैषम्यं जडमज्जनात् ॥ ७ ॥
संयमास्त्रं विवेकेन शाणेनोत्तेजितं मुनेः
धृतिधारोल्वणं कर्मशत्रुच्छेदक्षमं भवेत् ॥ ८ ॥

---

## વિવેક સ્વરૂપ. પદ. ૧૫

( આશાવરી. )

વિવેક આ જગમાં એહ ગણાયે, જીવ કર્મનો ભેદ જણાયે. વિ૦
કર્મ જીવ સંશ્લિષ્ટ અહર્નિશ, ક્ષિર નીર વત્ જાની;
ભિન્ન કરે જગમાંહિ વિવેકી, મુનિવર હંસ સમાની. વિ૦ ૧
દેહ એહ છે આત્મ એ આદિ, સુલભ સદા અવિવેક;
ક્રોડ ભવે તસ ભેદ જણાએ, દુર્લભ એહ વિવેક. વિ૦ ૨
શુદ્ધ વ્યોમ પણ રેખા મિશ્રિત, દૃષ્ટિ દોષ થકી દેખે;
ત્યમ વિકાર વડે અવિવેકી, આતમ મિશ્રિત પેખે. વિ૦ ૩

યોધા યુદ્ધ કરે રણમાં પણ, વિજય તે સ્વામિને છાજે;
ત્યમ વિલસિત સહુ કર્મતણું પણ, કર્તા આત્મ ન રાજે. વિ૦ ૪
મત્ત બને કરી પાન ધતુરી, દેખે સુવર્ણ ઇંટાદિ;
અવિવેકી જગમાં ત્યમ જાણે, એકજ દેહ આત્માદિ. વિ૦ ૫
ભાવ અશુદ્ધ ગ્રહણ કરીને, વિવેક ગીરીથી પડે છે;
પરમ ભાવ ગવેષણ કરતા, અવિવેક તેને શું કરે છે. વિ૦ ૬
યોગ્યતા આત્મા વિષે આત્માની, કારક ષટ્થી ધારે;
અવિવેક જ્વર જડની વિષમતા, તેહને કદિય શું મારે. વિ૦ ૭
સંયમ શસ્ત્ર ઉત્તેજિત જેનું, વિવેક શરાણે ચઢેલું;
ધીરજ ધારથી તીવ્રતા પામી, કર્મ છેદનમાં મચેલું. વિ૦ ૮

---

**૧૫ સારાંશ**—જે વડે જીવ અને કર્મ પૃથક્ છે એમ જણાય–સમજાય તેને શાસ્ત્રકાર વિવેક કહે છે. ૧

જીવ અને કર્મ ક્ષીર અને નીર–જળની પેઠે નિરંતર મળેલ હોય છે, પરંતુ તેને હંસ સમાન મુનિમહારાજ વિવેક ચંચુવડે ભિન્ન કરે છે. ૨

દેહ એજ આત્મા એ વિગેરે અવિવેક તો સુલભ છે પણ ક્રોડભવે તેનો ભેદ સમજાવનાર એવો વિવેક પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે.

જેમ દૃષ્ટિના દોષ વડે શુદ્ધ–સ્વચ્છ આકાશ પણ રેખાએ કરી મિશ્રિત ભાસે છે તેમ અવિવેકી પુરૂષો વિકાર વડે આત્માને મિશ્રિત માને છે. ૩

સમરાંગણમાં યોદ્ધાઓવડે થયેલા યુદ્ધનો નિર્ણય–જય પરાજય જેમ તેના સ્વામીને ઘટે છે, તેમ પ્રાણી માત્રને મળતું સુખ યા દુઃખ કર્મનું વિલસિત હોવા છતાં અવિવેક વડે આત્મામાં આરોપિત થાય છે. ૪

જેમ ધતુરાનું પાન કરી ઉન્મત્ત થયેલો પ્રાણી ઇંટ આદિને વિષે સુવર્ણતા માને છે તેમ અવિવેકી આ જગતમાં દેહ અને આત્મા એકજ છે એમ માને છે. ૫

અશુદ્ધ ભાવને ગ્રહણ કરનાર વિવેકરૂપ પર્વતના શિખર ઉપ-

રથી નીચે પડે છે પરંતુ શુદ્ધ ભાવને ગ્રહણ કરનારને અવિવેક કાંઇ પણ વિપરીત કરવા સમર્થ નથી. ૬

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને આધાર એ ષટ્કારકની યોગ્યતાને જે મહાત્મા પોતાના આત્માને વિષે ધારણ કરે છે તેને અવિવેકરૂપ જ્વરની જડતાની વિષમતા શું હોય ? અર્થાત્ નહિંજ. ૭

સંયમરૂપ શસ્ત્રને વિવેકરૂપ શરાણે ચઢાવી અને ધૈર્યતારૂપ તીક્ષણ ધારથી તિવ્ર બનાવી કર્મનો ઉચ્છેદ કરવાને વિવેકશીલ પુરૂષો જ ઉત્તેજિત હોય છે. ૮

## माध्यस्थाष्टकम् ॥ १६ ॥

स्थीयतामनुपालंभं मध्यस्थेनांतरात्मना
कुतर्ककर्करक्षेपै स्त्यज्यतां बालचापलं ॥ १ ॥
मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति
तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनः कपिः ॥ २ ॥
नयेषु स्वार्थसत्येषु मोघेषु परचालने
समशीलं मनो यस्य स मध्यस्थो महामुनिः ॥ ३ ॥
स्वस्वकर्मकृतावेशाः स्वस्वकर्मभुजो नराः
न रागं नापि च द्वेषं मध्यस्थस्तेषु गच्छति ॥ ४ ॥
मनः स्याद् व्यापृतं यावत् परदोषगुणग्रहे
कार्यं व्यग्रं वरं तावन् मध्यस्थेनात्मभावने ॥ ५ ॥
विभिन्ना अपि पंथानः समुद्रं सरितामिव
मध्यस्थानां परंब्रह्म प्राप्नुवत्येकमक्षयम् ॥ ६ ॥
स्वागमं रागमात्रेण द्वेषमात्रात्परागमं
नश्रयामस्त्यजामोवा किंतु मध्यस्थया दृशा ॥ ७ ॥
मध्यस्थया दृशा सर्वेष्वपुनर्बंधकादिषु
चारिसंजीवनीचारन्यायादाशास्महे हितं ॥ ८ ॥

# માધ્યસ્થ સ્વરૂપ. પદ-૧૬

( સંતો ! દેખીએ એ પરગટ પુદ્‌ગલ જાલ તમાસા—એ ચાલ. )

સંતો ! દેખીએ એ પરગટ એહ મધ્યસ્થ વિચારો.
મધ્યસ્થ અન્તર આત્મવડે જે, સ્થિત શુદ્ધાશયમાંહિ;
બાલોચિત કૂતર્ક કાંકરવા, ફેંકવા ઘટે હવે નાંહિ. સંતો૦ ૧
મધ્યસ્થ જનનું મન વાછરડું, યુક્તિ ગાય ભણી જાવે;
તુચ્છાગ્રહિનું મન કપિ તેનું, પૂંચ્છ પકડવા ધાવે. સંતો૦ ૨
સ્વાર્થ સત્ય છે જેહ સ્વપક્ષે, નિષ્ફલ છે પર પક્ષે;
એવા નયોમાં સમશીલ મન છે, તેહ મધ્યસ્થ જો અક્ષે. સંતો૦ ૩
પ્રાણી માત્ર કૃત કર્માવેશથી, ભોગવે ફલ નિજ જાણી;
રાગ કે દ્વેષ ધરે નહિં તેમાં, એહ મધ્યસ્થ છે પ્રાણી. સંતો૦ ૪
વ્યાપ્ત યદિ મન થાએ પરના, દોષ કે ગુણ કથનમાં;
તાંવત્ શિઘ્રપણે મધ્યસ્થે, રહેવું આત્મ મગનમાં. સંતો૦ ૫
ભિન્નભિન્ન પથથી જુઓ સરિતા, આવી ઉદધિને વરે છે;
ત્યમ મધ્યસ્થતણા સહુ માર્ગો, પરબ્રહ્મ પ્રાપ્તિ કરે છે. સંતો૦ ૬
રાગ કે દ્વેષથી ગ્રહણ ત્યાગ નહિં, સ્વાગમ કે પરાગમનું;
તત્વાતત્વ ગ્રહિ ગ્રહે ત્યાગે, મધ્યસ્થ દૃષ્ટિ સ્વપરનું. સંતો૦ ૭
સહુ અપુનર્બંધક કરણીમાં, શ્રેયની આશા રાખી;
ચારિ સંજીવની ચાર ન્યાયથી, પ્રવૃત્તિ જિનવરે દાખી. સંતો૦ ૮

---

૧૬ **સારાંશ**—હે ! સંત પુરૂષો આ પદમાં જે બીના વર્ણવવામાં આવેલ છે તે પ્રત્યક્ષ મધ્યસ્થ સ્વરૂપના વિચારો છે.

મધ્યસ્થ પુરૂષો અન્તરાત્મા વડે શુદ્ધ આશયમાં સ્થિત હોય છે તેથી બાળકોને ઉચિત્ત એવા કુતર્ક રૂપ કાંકરાનું ફેંકવું તેઓને ઘટીત નથી. ૧

મધ્યસ્થ પુરુષોનું મન રૂપ વાછરડુ યુક્તિ રુપ ગાય તરફ ગમન કરે છે ત્યારે તુચ્છા ગ્રહિઓનું મનરૂપ વાંદરૂ તે યુક્તિ રુપ ગાયને પૂંછડેથી ખેંચે છે. ૨

સ્વપક્ષમાં જે સ્વાર્થ સત્ય છે અને પરપક્ષમાં જે નિષ્ફળ છે, એવા સર્વ નયોમાં જે મધ્યસ્થ પુરૂષનું મન સમશીલ ભાવે રહે છે તેવા માહાત્માઓનું હે ચેતન તું દર્શન કર. ૩

પ્રાણી માત્ર કરેલા કર્મના આવેશથી તેના ફલને ભોગવે છે એમ જાણી તે તે પ્રસંગે રાગ યા દ્વેષને જે ધારણ કરતા નથી તેજ ખરેખરા મધ્યસ્થ છે. ૪

જો કદિ આત્માથી ઇતર પદાર્થના દોષ કે ગુણના કથનામાં મન લાગી જાય તો તેવા પ્રસંગમાં મધ્યસ્થ પુરૂષે શીઘ્રતાથી આત્મ વિચારણામાં સ્થિત થવું યોગ્ય છે. ૫

જુદા જુદા સ્થળેથી વહન થતી સરિતાઓ જેમ સમુદ્રને મળી જાય છે, તેમ મધ્યસ્થ પુરૂષોના ધર્મ માર્ગો પરબ્રહ્મ–મોક્ષ પ્રાપ્તિ કરાવે છે. ૬

મધ્યસ્થ દૃષ્ટિ પુરુષો રાગમાત્રથી પોતાએ ગ્રહણ કરેલા ધર્મ શાસ્ત્રોને સ્વિકારતા નથી તેમજ દ્વેષ માત્રથી અન્ય ધર્મના શાસ્ત્રોનું ત્યાગ કરતા નથી પરંતુ તત્ત્વાતત્ત્વનો નિર્ણય કરીનેજ યોગ્યનું ગ્રહણ અને અયોગ્યનો ત્યાગ કરે છે. ૭

તમામ અપુનર્બંધક કરણીમાં ચારિસંજીવની ચાર ન્યાયથી કલ્યાણ થવાની આશા છે, માટે મધ્યસ્થ પુરૂષોએ તેમાં પ્રવૃત્તિ કરવી તેમ શ્રી જિનેશ્વર ભગવાને ફરમાન કરેલ છે. ૮

## निर्भयाष्टकम् ॥ १७ ॥

यस्य नास्ति परापेक्षा स्वभावाद्वैतगामिनः
तस्य किं न भयभ्रान्तिक्लान्तिसंताननतानवं ॥ १ ॥
भवसौख्येन किं भूरिभयज्वलनभस्मनां
सदा भयोज्झितं ज्ञानं सुखमेव विशिष्यते ॥ २ ॥
न गोप्यं क्वापि नारोप्यं हेयं देयं च न क्वचित्
क्व भयेन मुनेः स्थेयं ज्ञेयं ज्ञानेन पश्यतः ॥ ३ ॥

एकं ब्रह्मास्त्रमादाय निघ्नन् मोहचमुं मुनिः
बिभेति नैव संग्रामशीर्षस्थ इव नागराट् ॥ ४ ॥
मयुरीज्ञानदृष्टिश्चेत् प्रसर्पति मनोवने
वेष्टनं भयसर्पाणां न तदानंदचंदने ॥ ५ ॥
कृतमोहास्त्रवैफल्यं ज्ञानवर्मविभर्ति यः
क्व भीस्तस्य क्व वा भंगः कर्मसंगरकेलिषु ॥ ६ ॥
तूलवल्लघवो मूढा भ्रमन्त्यभ्रे भयानिलैः
नैकं रोमापि तै र्ज्ञानगरिष्ठानां तु कंपते ॥ ७ ॥
चित्ते परिणतं यस्य चारित्रमकुतोभयं
अखंडज्ञानराज्यस्य तस्य साधोः कुतो भयं ॥ ८ ॥

---

## નિર્ભય સ્વભાવ. પદ ૧૭

( ગઝલ—સોરઠી. )

જે રમે નિજ સ્વભાવમાં, ઇચ્છા નહિં પરની યદા;
તેને નથી ભય ભ્રાન્તિ કે, કલાન્તિ તણી વિપદા તદા. ૧
સંસાર સુખ ભય રૂપ અગ્નિ, તણી ભસ્મ સમાન છે;
પૂર્વોકિત ભય તેથી તજ્યો, તે જ્ઞાન સુખદ મનાય છે. ૨
નહિં ગોપ્ય કે આરોપ્ય જેને, હેય દેય કદા નહિ;
પણ જ્ઞાનથી જે જ્ઞેયને, જાણે મુનિ ત્યાં ભય નહિ ૩
બ્રહ્માસ્ત્ર લઈ મુનિ મોહનું, દળ હણે યુદ્ધના મોખરે;
નિશ્ચલ બની હસ્તિ સમાન, બીવે નહિં મુનિ તે ખરે. ૪
જ્યાં જ્ઞાન દૃષ્ટિ સમાન મયુરી, વિચરે મન રૂપ બાગમાં;
વેષ્ટન નહિં ભય સર્પનું, આનંદ ચંદન ઝાડમાં. ૫
નિષ્ફલ કર્યાં સહુ મોહ શસ્ત્રો, ખરે જ્ઞાન કવચ ધરી;
તેને નહિં ભય કે પરાજય, કર્મ યુદ્ધ થતાં જરી. ૬
અજ્ઞાની જન ભય પવનથી, કરે ભ્રમણ લોકાકાશમાં;
પણ કંપે નહિં રોમાંચ જેનું, જ્ઞાની મશહુર જ્ઞાનમાં. ૭

**ભય રહિત જેના ચિત્તમાં, ચરિત્ર વ્યાપેલુ સદા;**
**એવું અખંડિત જ્ઞાન રાજ્ય, મળે પછી ભય ના કદા. ૮**

---

૧૭ **સારાંશ**—જે મહાત્માઓ પોતાના આત્મસ્વભાવમાંજ રમણ કરે છે અને પર જે પૌદ્ગલિક ભાવ તેની ઇચ્છા કરતાં નથી તેઓને ભય-ભ્રાન્તિ કે કલાન્તિ તણી વિપત્તિ હોતી નથી. ૧

સંસાર સુખ તે ખરેખર ભયરૂપ અગ્નિની ભસ્મ સમાન છે પૂર્વોકત ભય જે વડે નષ્ટ થાય તે જ્ઞાન સુખ આપનાર છે. ૨

જે મહાત્માઓને કોઇપણ વસ્તુ ગોપવી-છુપાવી રાખવાની નથી આરોપ્ય પણ નથી, તાજ્ય પણ નથી તેમજ દેવા યોગ્ય પણ નથી ફકત જ્ઞાન વડે જ્ઞેય માત્રને જે જાણે છે તેઓજ ખરેખરા નિર્ભય હોય છે. ૩

મોહ રાજાના લશ્કર સામે સંગ્રામમાં મુનિ માહાત્માઓ બ્રહ્માસ્ત્ર લઇને હસ્તિ સમાન નિશ્ચલ બની યુદ્ધના મોખરે નિર્ભયપણે ઉભા રહીને તે મોહના લશ્કરનો પરાભવ કરે છે. ૪

જ્યાં જ્ઞાનદષ્ટિ રૂપ મયુરિનું મન રૂપ બગીચામાં વાસસ્થાન હોય ત્યાં આનંદરુપ ચંદન વૃક્ષમાં ભયરુપ સર્પનું વેષ્ટન હોતુ નથી. ૫

જ્ઞાનરૂપ બખ્તર ધારણ કરી મોહરાજાના તમામ શસ્ત્રો જે માહાત્માએ નિષ્ફલ કર્યાં છે તેને કર્મ યુદ્ધ થાતાં ભય કે પરાજય લેશ માત્ર હોતો નથી. ૬

અજ્ઞાની મનુષ્યો ભય રૂપ પવન વડે સકલ લોકાકાશમાં પરિભ્રમણ કરે છે પણ જે જ્ઞાનીઓ જ્ઞાનમાં મશહુર છે-નિમગ્ન છે તેનું રોમાંચપણ કંપાયમાન થાતુ નથી. ૭

જે માહાત્માઓના ચિત્તમાં ભય રહિત એવા ચારિત્રની પ્રાપ્તિથી અખંડ જ્ઞાન સામ્રાજ્યને મેળવેલ છે તેને કોઇ પણ વખત ભય હોતો નથી. ૮

## अनात्मशंसाष्टकम् ॥ १८ ॥

गुणैर्यदि न पूर्णोऽसि कृतमात्मप्रशंसया
गुणैरेवासि पूर्णश्चेत् कृतमात्मप्रशंसया ॥ १ ॥
श्रेयोद्रुमस्य मूलानि स्वोत्कर्षांभःप्रवाहतः
पुण्यानि प्रकटीकुर्वन् फलं किं समवाप्ससि ॥ २ ॥
आलंबिना हिताय स्युः परैः स्वगुणरश्मयः
अहो स्वयं गृहीतास्तु पातयन्ति भवोदधौ ॥ ३ ॥
उच्चत्वदृष्टिदोषोत्थस्वोत्कर्षज्वरशांतिकं
पूर्वपुरुषसिंहेभ्यो भृशं नीचत्वभावनं ॥ ४ ॥
शरीररूपलावण्यग्रामारामधनादिभिः
उत्कर्षः परपर्यायैश्चिदानंदघनस्यकः ॥ ५ ॥
शुद्धाः प्रत्यात्मसाम्येन पर्यायाः परिभाविताः
अशुद्धाश्चापकृष्टत्वान् नोत्कर्षाय महामुनेः ॥ ६ ॥
क्षोभं गच्छन् समुद्रोऽपि स्वोत्कर्षपवनेरितः
गुणौघान् बुद्बुदीकृत्य विनाशयसि किं मुधा ॥ ७ ॥
निरपेक्षानवच्छिन्नानंतचिन्मात्रमूर्तयः
योगिनो गलितोत्कर्षापकर्षानल्पकल्पना ॥ ८ ॥

---

### અનાત્મ પ્રશંસા પદ-૧૮

( ભૂલી ભમે છે ભામિની-એ ચાલ. )

ગુણ થકી પૂર્ણ નહીં છતાં, કરવી પ્રશંસા શું કામ;
ગુણ થકી પૂર્ણ બન્યા પછી, આત્મપ્રશંસા વિરામ. ગુણ. ૧
સ્વ ઉત્કર્ષ જલ ધારથી, શ્રેયસ વૃક્ષનું મૂળ;
પ્રકટ કરી કહો કઇ રીતે, પામીશ ફળ તું અમૂલ. ગુણ. ૨
નિજ ગુણ દોર આલંબને, ભવ જલધિ માંહિ પાત;
આલંબન અન્ય જો કરે, તેને હિતકર છે ભ્રાત. ગુણ. ૩

સ્વ ઉત્કર્ષ જ્વર શાન્તિનો, એક ઉપાય જણાય;
પૂર્વ મહર્ષિયોથી લઘુ, ભાવના હૃદયે જો થાય. ગુણ. ૪
શરિર રૂપ લાવણ્યને, ગ્રામ આરામને વિત્ત;
એ પર વસ્તુથી આત્મનો, નહિં ઉત્કર્ષ મમ મિત્ત. ગુણ. ૫
સામ્ય ભાવ સહુ પ્રાણીમાં, જાણે વિશુદ્ધ પર્યાયે;
એવા મુનિનો ઉત્કર્ષ તે, નહિં હોય અશુદ્ધ પર્યાયે. ગુણ. ૬
સ્વ ઉત્કર્ષ પવન થકી, પ્રેરિત જલધિ તું પેખ;
કરી પરપોટા નિજ ગુણનો, નાશ કરે તે વિલેખ. ગુણ. ૭
મદ ઉત્કર્ષ થતા વળી, દિનત્ત્વ અપકર્ષ માંહિ;
નષ્ટ મનોરથ માળનો, કરે એ જ્ઞાની જગમાંહિ. ગુણ. ૮

**૧૮–સારાંશ**–ગુણ થકી પોતે પૂર્ણ નથી. તો પછી આત્મપ્રશંસા–પોતાની બડાઇ કરવી તે શું કામની છે? તેમજ ગુણ થકી પૂર્ણતા પ્રાપ્ત થઇ હોય ત્યાં તો આત્મપ્રશંસાનો વિરામજ છે. ૧

પોતાના ઉત્કર્ષ રૂપ જળના પ્રવાહ વડે કલ્યાણ રૂપ વૃક્ષના મુળને પ્રગટ–ખુલ્લા કરવાથી અમૂલ્ય ફળ જે મોક્ષ તેને કેવી રીતે મેળવી શકાશે અર્થાત નહિંજ મેળવી શકાય. ૨

હે! ભદ્ર પોતાના ગુણ રૂપ દોરડાનું આલંબન જો પોતેજ કરે તો નિશ્ચયે કરી ભવ સમુદ્રમાં પતન થાય છે. પણ તે ગુણ રૂપ દોરડાનું અન્ય કોઈ આલંબન લે તો તેના હિતના માટે અવશ્ય થાય છે. ૩

પૂર્વે થઇ ગયેલા મહર્ષિઓથી હું તદ્દન લઘુ છું–અજ્ઞાત છું એવી ભાવનાની હૃદયમાં જાગૃતિ તે પોતાના ઉત્કર્ષરૂપ જ્વરને શાન્ત કરવાનો ઉપાય છે. ૪

શારિરિક સંપત્તિ–મનોહર રૂપ–મધુરી ભાષા–ગ્રામ બગીચા, અને લક્ષ્મી એ પર વસ્તુથી હે! મિત્ર આત્માનો કોઇ પણ વખત ઉત્કર્ષ થયોજ નથી. ૫

વિશુદ્ધ પર્યાય વડે પ્રાણી માત્ર પરત્વે જેણે સામ્યભાવ ધારણ કરેલ છે એવા માહાત્માઓનો અશુદ્ધ પર્યાય વડે ઉત્કર્ષ હોતો નથી. માટે તે હેય છે. ૬

( કારણ ) પોતાના ઉત્કર્ષરૂપ પવન વડે પ્રેરાયમાન થયેલ એવો સમુદ્ર–જળનિધિ (ભરતીનાટાઇમે ) પરપોટા કરી કરીને નિજ ગુણ જે પાણી તેનો નાશ કરે છે. એ બીના હે ભાઇ તું અવલોક. ૭

આ જગતમાં ફક્ત જ્ઞાની માહાત્માઓજ–પોતાના ઉત્કર્ષમાં મદ–અહંકાર અને અપકર્ષમાં દિનતા એ રૂપ મનોરથની શ્રેણીને નષ્ટ કરી શકે છે. ૮

## तत्वदृष्टयष्टकम् ॥ १९ ॥

रुपे रुपवती दृष्टि र्दृष्ट्वा रुपं विमुह्यति
मज्जत्यात्मनि नीरुपे तत्त्वदृष्टिस्त्वरुपीणी ॥ १ ॥
भ्रमवाटी बहिर्दृष्टि र्भ्रमच्छाया तदीक्षणं
अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु नास्यां शेते सुखाशया ॥ २ ॥
ग्रामारामादिमोहाय यद्दृष्टं बाह्ययादृशा
तत्त्वदृष्ट्या तदेवांतर्नीतं वैराग्यसंपदे ॥ ३ ॥
बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुंदरी
तत्त्वदृष्टेस्तुसा साक्षाद्विण्मूत्रपिठरोदरी ॥ ४ ॥
लावण्यलहरीपुण्यं वपुः पश्यति बाह्यदृक्
तत्त्वदृष्टिः श्वकाकानां भक्ष्यं क्रमिकुलाकुलं ॥ ५ ॥
गजा श्वैर्भूपभूवनं विस्मयाय बहिदृशः
तत्रा श्वेभवनात्कोऽपि भेदस्तत्त्व दृशस्तुन ॥ ६ ॥
भस्मना केशलोचेन वपु र्धृतमलेन वा
महान्तं बाह्यदृगूवेत्ति चित्तसाम्राज्येन तत्त्ववित् ॥ ७ ॥
न विकाराय विश्वस्यो पकारायैव निर्मिताः
स्फुरत्कारुण्यपीयुषवृष्टयस्तत्त्व दृष्टयः ॥ ८ ॥

## તત્ત્વદૃષ્ટિ સ્વરૂપ. પદ-૧૯

( ગઝલ-સોરઠી. )

જ્યાં રૂપી દૃષ્ટિ રૂપ દેખી, રૂપમાંહિ મુંઝાય છે;
ત્યાં તત્વદૃષ્ટિ નિરૂપી નિજ, સ્વભાવમાં રત થાય છે. ૧
છે ભ્રમ વાટિ બહિર દૃષ્ટિ, દેખે તે ભ્રમ છાંયને;
અભ્રાન્ત તાત્ત્વિક દૃષ્ટિ તે, ન સૂવે સુખાશય ધારીને. ૨
આરામ ધામ એ આદિ નિરખી, બાહ્યદૃષ્ટિ મોહાય છે;
ત્યાં તત્ત્વદૃષ્ટિ નિરાગ ભાવે, વિમોહ વાસિત થાય છે. ૩
બની સાર અમૃતથી રમા, ગણે હર્ષદાઈ અતિ મુગ્ધા;
સાક્ષાત વિષ્ટા મૂત્રની, મંજૂષ એહ ગણે બુધા. ૪
સૌંદર્ય લહેરે પવિત્ર માને, બાહ્ય દૃગ વપુને સદા;
કૃમિપૂર્ણ ભોજન શ્વાનનું, ગણે તત્ત્વવિદ્ ચિત્તમાં તદા. ૫
જ્યાં દેખી હય ગય રાય મંદિર, બાલ વિસ્મય હોય છે;
પણ અશ્વ ઇભપુત અટવીમાં, કદિ બુધા ભેદ ન જોય છે. ૬
લગાવી ભસ્મ કરે કેશલૂંચન, વપુ મ્લાનજ ઘામથી;
ગણે બાહ્યદૃષ્ટિ મહાન યોગી, આત્મવિદ્ ચિદ્રાજ્યથી. ૭
જે વિકાર મારે બને નહિં, જગહિતના નિર્માણથી;
વરસાવે ત્યાં અમૃત-સુધા, તત્ત્વજ્ઞ તે નિજ દૃષ્ટિથી. ૮

---

૧૯-**સારાંશ**—જ્યાં રૂપી દૃષ્ટિવાન પુરૂષો રૂપ દેખીને રૂપમાંજ મોહિત થઈ જાય છે, ત્યાં તત્ત્વદૃષ્ટિવાન પુરૂષ અરૂપી એવા આત્મસ્વભાવમાં રક્ત બને છે. ૧

બહિર્દષ્ટિ પુરૂષો ભ્રમરૂપ બગીચામાં ભ્રમરૂપ છાંયાનેજ દેખે છે, પરંતુ ભ્રાન્તિ રહિત એવા તત્ત્વદૃષ્ટિ પુરૂષો સુખની ઇચ્છાથી તેમાં સૂતા નથી. ૨

જ્યાં સુશોભીત બગીચાઓ સુંદર નગરો એ આદિ પુદ્‌ગલજન્ય શોભા દેખી બાહ્યદૃષ્ટિ પુરૂષો તેમાં મોહિત થાય છે, પરંતુ ત્યાં તત્ત્વદૃષ્ટિ પુરૂષો વૈરાગ્યભાવના વડે મોહિત થાતા નથી. ૩

મુગ્ધ-અજ્ઞાત પુરૂષો સ્ત્રીઓને અમૃતના રસથી જ કેમ જાણે

બનેલી ન હોય, તેમ આનંદનું સ્થાન માને છે. ત્યારે બુદ્ધિમાન પુ-રૂષો તેને સાક્ષાત વિષ્ટા અને મૂત્રની ભરેલ એક પેટી છે તેમ માને છે. ૪

બાહ્યદૃષ્ટિ પુરૂષો આ શરીરને સૌંદર્યની લહેરવડે પવિત્ર માને છે. તત્ત્વવિદ્ પુરૂષો તેને હૃદયથી કૃમિએ કરી પૂર્ણ એવું શ્વાનનું ભાવિભોજન માને છે. ૫

જ્યારે હસ્તિ અને ઘોડાએ કરી યુક્ત એવું રાજમંદિર દેખી બાલચેષ્ટિત જીવો વિસ્મય થાય છે, ત્યારે પંડિત પુરૂષો એજ હસ્તિ અને અશ્વોથી યુક્ત એવી અટવી–જંગલમાં અને રાજમંદિરમાં ત-ફાવત જોતા નથી. ૬

જેઓ શરીરે ભસ્મ ચોળે છે, કેશનું લૂંચન કરે છે અને પસી-નાથી વપુ મ્લાન–મલીન રાખે છે તેમને બાહ્યદૃષ્ટિવંત–મહાન યોગી માને છે પરંતુ આત્મવિદ્ પુરૂષો તો જ્ઞાનથી ગરિષ્ઠ હોય તેમનેજ મહાન યોગી માને છે. ૭

તત્ત્વના જાણ પુરૂષો પોતાની દૃષ્ટિ થકી વિકાર માટે નહીં પણ જગતજનના કલ્યાણ માટે નિશ્ચયે કરી સુધા–અમૃતને વરસાવે છે. ૮

## सर्वसमृद्ध्यष्टकम् ॥ २० ॥

बाह्यदृष्टिप्रचारेषु मुद्रितेषु महात्मनः
अंतरेवावभासन्ते स्फुटाः सर्वासमृद्धयः ॥ १ ॥
समाधि नंदनं धैर्यं दंभोलिः समता शची
ज्ञानं महाविमानं च वासवश्रीरियं मुनेः ॥ २ ॥
विस्तारितक्रियाज्ञानचर्मछत्रो निवारयन्
मोहम्लेच्छमहावृष्टिं चक्रवर्ती न किं मुनिः ॥ ३ ॥
नवब्रह्मसुधाकुंडनिष्ठाधिष्ठायको मुनिः
नागलोकेशवद् भाति क्षमां रक्षन् प्रयत्नतः ॥ ४ ॥

मुनिरध्यात्मकैलासविवेकवृषभ स्थितः
शोभते विरतिज्ञप्तिगंगागौरियुतः शिवः ॥ ५ ॥
ज्ञानदर्शनचंद्रार्कनेत्रस्य नरशच्छिदः
सुखसागरमग्नस्य किं न्यूनं योगिनो हरेः ॥ ६ ॥
या सृष्टिर्ब्रह्मणो ब्राह्मा बाह्यापेक्षावलंबिनी
मुनेः परानपेक्षांतर्गुणसृष्टि स्तोऽधिका ॥ ७ ॥
रत्नैस्त्रिभिः पवित्रा या श्रोतोभिरिव जाह्नवी
सिद्धयोगस्य साप्यर्हत्पदवी न दवीयसी ॥ ८ ॥

---

## સર્વ સમૃદ્ધિ સ્વરૂપ. પદ-૨૦

(ની યમુનાકે તીર ઉડે દોય પંખીઆ—એ ચાલ.)

બાહ્ય દૃષ્ટિ પ્રચાર નિરૂદ્ધ કર્યે સતે,
આત્મિક સર્વ સમૃદ્ધિ પ્રત્યક્ષ મુનિ મતે; ૧
ધૈર્ય સમાન છે વજ સમાધિ નંદન ગણું,
જ્ઞાન વિમાનથી સોહે મુનિનું સુરપતિપણું. ૨
વિસ્તારી ક્રિયા જ્ઞાન રૂપ ચર્મ છત્રને,
મોહ મલેચ્છની વૃષ્ટિ નિવારે નૃપતિપણે; ૩
નવબ્રહ્મ અમૃત કુંડ વિષે સ્થિતિ માન છે,
પૃથવિ રક્ષક એહ નાગેશ સમાન છે. ૪
મુનિ અધ્યાત્મ કૈલાસે વિવેક વૃષભસ્થિત,
શંકર વિરતિ જ્ઞપ્તિવત્ ગંગાગૌરી યુત; ૫
દર્શન જ્ઞાન ચંદ્રાર્ક નયનથી વિષ્ણુ છે,
સુખ સાગરમાંહે મગ્ન નરક છેદક ત્યું છે. ૬
બ્રાહ્મ અપેક્ષા યુત બ્રહ્માતણી સૃષ્ટિથી,
મુનિની સૃષ્ટિ અધિક આન્તરગુણ દૃષ્ટિથી; ૭
રત્નત્રયીસમત્રિ શ્રોતે, ગંગા જ્યું પવિત્ર છે,
સિદ્ધિયોગ્ય નહિં દૂરે અર્હનપદ ચારિત્ર છે. ૮

---

૨૦-સારાંશ—બાહ્યદષ્ટિનો પ્રચાર બંધ કરવાથી આત્મિક સર્વ સમૃદ્ધિઓ પ્રત્યક્ષ થાય છે. આવો મહાત્મા પુરૂષોનો મત છે. ૧

ધૈર્યતારૂપી વજ્ર સમાધિ રૂપી નંદનવન અને જ્ઞાનરૂપ મહાન વિમાનવડે મુનિશ્વરો દેવેંદ્ર સમાન સોહે છે. ૨

જ્ઞાન ક્રિયારૂપ ચર્મ છત્રને વિસ્તારી ભુપતિની જેમ મુનિરાજ મોહરૂપ મલેચ્છની વૃષ્ટિને નિવારે છે. ૩

બ્રહ્મચર્યના નવ અંગરૂપ અમૃતના કુંડના વિષે જે મહાત્માઓનું નિવાસસ્થાન છે, તેજ ખરેખર પૃથ્વી રક્ષક નાગેશ સમાન છે. ૪

શીવ જે શંકર તે સમાન મુનિ અધ્યાત્મરૂપ કૈલાસ પર્વતપર વિવેક રૂપ વૃષભ ઉપર બેઠેલા છે, તેમજ વિરતિ અને જ્ઞપ્તિરૂપ ગંગા અને ગૌરી જેને સ્ત્રીઓ છે. ૫

નર્કનો ઉચ્છેદ કરનાર મુનિમહારાજ જ્ઞાન અને દર્શનરૂપ ચંદ્ર અને સૂર્ય નેત્રવડે વિષ્ણુ સમાન બની સુખસાગરમાં નિરંતર મગ્ન હોય છે. ૬

બાહ્ય અપેક્ષાવાળી બ્રહ્માની સૃષ્ટિ કરતા આન્તરગુણ દૃષ્ટિથી મુનિશ્વરોની સૃષ્ટિ ઘણીજ મોટી છે. ૭

રત્નત્રયી સમાન ત્રણ પ્રવાહથી ગંગાની જેમ પવિત્ર એવું સિદ્ધિ યોગ્ય અર્હતપદની પ્રાપ્તિ તે ચારિત્રધારકને હોય છે અને તેજ ઉપરોક્ત સમૃદ્ધિવાન હોય છે. ૮

## कर्मविपाकाष्टकम् ॥ २१ ॥

दुःखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य च विस्मितः
मुनिः कर्मविपाकस्य जानन् परवशं जगत् ॥ १ ॥
येषां भ्रूभंगमात्रेण भज्यन्ते पर्वता अपि
तैरहो कर्मवैषम्ये भूपैर्भिक्षाऽपि नाप्यते ॥ २ ॥
जातिचातुर्यहीनोऽपि कर्मण्यभ्युदयावहे
क्षणाद्रंकोऽपि राजा स्यात् छत्रछन्नदिगंतरः ॥ ३ ॥

विषमा कर्मणः सृष्टि र्दृष्टा करभपृष्टवत्
जात्यादिभूतिवैशम्यात्का रतिस्तत्र योगिनः ॥ ४ ॥
आरुढा प्रशमश्रेणि श्रुतकेवलिनोऽपिच
भ्राम्यन्तेऽनंतसंसारमहो दुष्टेन कर्मणा ॥ ५ ॥
अर्वाक् सर्वापिसामग्री श्रांतेव परितिष्टति
विपाकः कर्मणः कार्यपर्यन्तमनुधावति ॥ ६ ॥
असावचरमावर्ते धर्म हरति पश्यतः
चरमावर्तिसाधोस्तु छलमन्विष्य दुष्यति ॥ ७ ॥
साम्यं बिभर्ति यः कर्मविपाकं ऱ्हदिचिंतयन्
सएव स्याच्चिदानंदमकरंदमधुव्रतः ॥ ८ ॥

---

## કર્મ વિપાક સ્વરૂપ. પદ—૨૧

( ગઝલ. )

પડયે દુઃખ દિન ના બનતા, મળ્યે સુખ મોહ ના ધરતા;
કરમ વિપાકને વંશ આ, મુનિ માને સવિ દુનિઆ. ૧
હસારે જ્યાં ભ્રકૂટીના, ભેદાતા શૃંગ ડુંગરના;
કરમ પ્રતિકુલ નૃપ થાતા, મળે નહિં ભીખ આથડતા. ૨
ચતુરાઇ અને કુળ હિન, કરમ અનુકુળ થાતા દિન;
બને નર શ્રેષ્ઠ એ ક્ષણમાં, પળે આજ્ઞા દશે દિશમાં. ૩
વિષમ આ કર્મની સૃષ્ટિ, કરભ પુષ્ટે કરો દૃષ્ટિ;
પ્રભૂતાદિ વિષમતા જ્યાં, નહિં આસક્ત યોગી ત્યાં. ૪
ચડ્યાં થા જે પ્રશમ શ્રેણી, હતા વળી શ્રૂત ના નાણી;
અહો! દૂર દૈવના યોગે, ભમ્યા ભવમાંહિ તે રોગે. ૫
પ્રથમ સામગ્રી સર્વે જ્યાં, રહે છે સ્થિર થાકીને;
કરમ વિપાક પહોંચે છે, થતા એ કાર્ય સિદ્ધિને. ૬
ચરમ આવર્ત સાધુના, ધરમને દૂષણો દે છે;
ચરમ આવર્ત નહિં તેના, ધરમને તો હરી લે છે. ૭

**કરમના એ વિપાકોને, વિચારી સામ્યતા ધરજો;**
**ચિદાનંદ રૂપ મકરંદમાં, ભ્રમર ભોગી બની રહેજો. ૮**

---

૨૧–**સારાંશ**—જે મુનિરાજ દુઃખ પ્રાપ્ત થવાથી દિન બનતા નથી તેમજ સુખ મળવાથી આનંદ માનતા નથી, પરંતુ આ જગતમાં પ્રાણી માત્ર કર્મ વિપાકને આધિન છે, એમ જાણે છે. ૧

જે નૃપતિના ફક્ત ભ્રકુટિના ઈસારા માત્રથીજ પર્વતના શીખરો પણ ભેદાઇ જતા હતા–ચૂરે ચૂરા થઇ જતા હતા તેજ નૃપતિને જ્યારે કર્મની પ્રતિકૂળતા પ્રાપ્ત થઇ ત્યારે ક્ષુધા શાન્ત કરવા માટે ઘરે ઘરે ભ્રમણ કરતા છતાં ભિક્ષા પણ મળેલ નથી. ૨

ચતુરાઇ લેશમાત્ર ન હોય અને સાથે કુળવાન–ઉત્તમ કુળમાં જન્મ પણ ન હોય છતાં પણ તે સામાન્ય ગણાતો માણસ કર્મની અનુકુળતા પ્રાપ્ત થતા ક્ષણ માત્રમાં દશે દિશાઓમાં જેની આણા પ્રવૃત્તિ રહેલ છે. એવો નરેશ બને છે. ૩

કર્મની સૃષ્ટિ ઉંટની પીઠના જેવી વિષમ છે એમ જાણી, પ્રભૂતાદિ વિષમતા દેખી તેમાં યોગી મહાત્માઓ આસક્ત થતા નથી. ૪

જેઓ શ્રુતનાણી કહેવાતા હતા એટલુંજ નહીં પણ સાથે પ્રશમશ્રેણી પર આરૂઢ થયેલા હતા છતાં દુરદૈવ–કર્મરૂપ રોગના યોગથી આ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે. ૫

પ્રથમ કાર્ય ઉત્પન્ન કરવાને કારણ સમાન એવી સર્વ સામગ્રીઓનો સદ્ભાવ છતાં તે સામગ્રી નકામી હોય તેમ પડી રહે છે. પરંતુ કૃતકર્મનો વિપાક કાર્યસિદ્ધિ થતા પહેલા ત્યાં પહોંચી જાય છે. ૬

આ સંસાર પરિભ્રમણ કરવામાં જેમનો છેલ્લો ફેરો અથવા ચરમાવર્ત છે તેવા સાધુમહાત્માઓના ધર્મને દૂષણ લગાડે છે. પણ જેનો છેલ્લો ફેરો નથી તેવાઓના ધર્મને તો પૂર્વકથિત કર્મવિપાક હરણ કરી જાય છે. ૭

કર્મના વિપાકની એ પ્રકારે વિચિત્રતાનો વિચાર કરી ( હે ! સુજ્ઞ બંધુઓ ) સામ્યતા ધારણ કરો જેથી ચિદાનંદરૂપ મકરંદનું આસ્વાદન કરનાર ભોગી ભ્રમર બનશો. ૮

---

# भवोद्वेगाष्टकम् ॥ २२ ॥

यस्य गंभीरमध्यस्याज्ञानवज्रमयं तलं
रुद्धा व्यसनशैलौघैः पंथानो यत्र दुर्गमाः ॥ १ ॥
पातालकलशायत्र भृतास्तृष्णामहानिलैः
कषायाश्चित्तसंकल्पवेलावृद्धिं वितन्वते ॥ २ ॥
स्मरौर्वाग्नि र्ज्वलत्यंत र्यत्र स्नेहेंधनः सदा
यो घोररोगशोकादि मत्स्यकच्छपसंकुलः ॥ ३ ॥
दुर्बुद्धिमत्सरद्रोहै र्विद्युदुर्वातगर्जितैः
यत्र सांयात्रिका लोकाः पतन्त्युत्पातसंकटे ॥ ४ ॥
ज्ञानी तस्माद् भवांभोधे र्नित्योद्विग्नोऽतिदारुणात्
तस्य संतरणोपायं सर्व यत्नेन कांक्षति ॥ ५ ॥
तैलपात्रधरोयद्वद्राधावेधोद्यतो यथा
क्रियास्वनन्यचित्तस्याद्भवभीतस्तथा मुनिः ॥ ६ ॥
विषं विषस्य वह्नेश्च वह्निरेव यदौषधं
तत्सत्यं भवभीतानामुपसर्गेऽपि यत्न भीः ॥ ७ ॥
स्थैर्यं भवभयादेव व्यवहारे मुनि र्व्रजेत्
स्वात्मारामसमाधौ तु तदप्यंतर्निमज्जति ॥ ८ ॥

---

## ભવોદ્વેગ સ્વરૂપ. પદ ૨૨.

( જ્ઞાનાદિ ગુણ સંપદારે—એ રાગ. )

ભવ ઉદ્વેગ થતાં ભવિ રે ચિન્તવે એહ સ્વરૂપ,
આ સંસાર સમુદ્રની રે ઉપમા એ તદ્રૂપ;
ભવિ સહુ જાણીને રે, ધરજો સંયમ રંગ. ભવિ૦ ૧
જેહનો મધ્ય પ્રદેશ છે રે, ગંભીર અથવા અથાગ;
અજ્ઞાન રૂપ વજ્રથી રે, ભુતલ કેરો છે ભાગ. ભવિ૦ ૨
દૂર વ્યસન રૂપ ડુંગરા રે, વચમાં છે મશહૂર;
દુર્ગમ મારગ એહથી રે, ઇચ્છિત સ્થાન છે દૂર. ભવિ૦ ૩

કષાય પાતાલ કળશ થકી રે, તૃષ્ણા વાયુનું જોર;
મનમાં વિકલ્પિક પુરની રે, વૃદ્ધિ કરે ચિંહુ ઓર. ભવિ૦ ૪
સ્નેહેંધન કામ સમ જિહાં, અતિ વડવાનળ છે પ્રદિપ્ત;
રોગશોકાદિ સમાન છે રે, મચ્છ કચ્છપ અતિ વ્યાપ્ત. ભવિ૦ ૫
દૂર્બુદ્ધિ મત્સર જિંહાં વળી, દ્રોહ રૂપ છે વિદ્યુત;
ગર્જારવ દૂર્વાતનો રે, સાંભળી પાંથ ભય યુક્ત. ભવિ૦ ૬
એહ વિકટ ભવ જલધિનેરે, તરવા કરે સુપ્રયાસ;
ભવ ઉદ્વેગ થકી મળે રે, મુનિ ગુણ ઉત્તમ ખાસ. ભવિ૦ ૭
મુનિ સંસારની ભીતિનેરે, પ્રાપ્ત થયેલ વિલેખ;
તૈલ પાત્ર ધરની ગતિ વા, રાધા વેધક પેખ. ભવિ૦ ૮
વિષનું ઔષધ વિષ છે રે, અગ્નિનું અગ્નિનું ધાર;
ત્યમ મુનિ ભવભીરૂ છતાંરે, ઉપસર્ગથી નહિ ડરનાર. ભવિ૦ ૯
ભવ ભયથી વ્યવહારમાં, મુનિ પામે સ્થિરતા ભાવ;
નિજ સ્વરૂપ વિશ્રાંતિમાં રે, લય ભવભય એ સ્વભાવ. ભવિ૦ ૧૦

---

૨૨–સારાંશ—ભવ્ય પુરૂષો ભવોદ્વેગ થતા આ સંસાર સમુદ્રની ઉપમાને બરોબર લાયક છે એમ ચિન્તવન કરે છે અને તેથી ભલામણ કરે છે કે હે ! ભવ્યો ! તમે સંયમરંગને ધારણ કરો. ૧

સંસારને સમુદ્ર સાથે સરખાવતા જણાવે છે કે જેનો મધ્ય પ્રદેશ અતિ ગંભીર–ઊંડો છે. તાગ ન પામી શકાય તેવો છે. તેમજ અજ્ઞાનરૂપ વજ્ર સમાન જેનો ભૂતલનો ભાગ છે. ૨

વળી જેમાં દુરવ્યસનરૂપ મ્હોટા ડુંગર મશહુર છે તેથી ઇચ્છિત સ્થાને પહોંચવા રસ્તો ઘણો દૂર્ગમ થયેલો છે. ૩

તેમજ કષાયરૂપ પાતાલકળશથી તૃષ્ણાવાયુનું જોર હૃદયમાં અનેક પ્રકારના વિકલ્પરૂપ પૂરને ચોતરફ વિસ્તારે છે. ૪

વળી સ્નેહ છે ઈંધન જેનું એવો કામદેવરૂપ વડવાનળ જ્યાં નિરંતર પ્રદિપ્ત છે તેમજ રોગશોકાદિરૂપ મચ્છોનો પણ ત્યાં નિવાસ છે. ૫

દૂર્બુધ્ધિરૂપ મગરમત્સ્ય અને દ્રોહરૂપ વિજળી સાથે દૂર્વાતનો ગર્જારવ એટલો બધો જોરવાળો થાય છે કે તે સાંભળતા મુસાફર લોકો ભયભ્રાન્ત બની જાય છે. ૬

આવા અતિ વિકટ ભવસમુદ્રને તરવા માટે તિવ્ર પ્રયત્ન કરનાર ભવઉદ્વિગ્ન મુનિ ઉત્તમ ગુણનો ખાસ અધિકારી બને છે. ૭

તૈલપાત્ર ધારણ કરનાર અથવા રાધાવેધ સાધનારની સદૃશ મુનિ મહાત્માઓ સંસારની ભીતિને પ્રાપ્ત થયેલા હોય છે તે તું અવલોક. ૮

વિષનું ઔષધ વિષ છે અને અગ્નિનું ઔષધ અગ્નિ છે. એ વાતનો નિશ્ચય કરતા મુનિ ભવભીરૂ છતાં ઉપસર્ગ પ્રાપ્તિથી ડરતા નથી. ૯

સંસારના ભયથી મુનિ વ્યવહારમાં સ્થિરતાભાવને પામે છે અને આત્મસ્વરૂપની વિશ્રાન્તિમાં ભવભયનો લય કરે છે. ૧૦

## लोकसंज्ञात्यागाष्टकम् ॥ २३ ॥

प्राप्तः षष्ठं गुणस्थानं भवदुर्गाद्रिलंघनं
लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत्तरस्थितिः ॥ १ ॥
यथा चिंतामणिं दत्ते बठरो बदरीफलैः
हाहाजहाति सद्धर्मं तथैव जनरंजनैः ॥ २ ॥
लोकसंज्ञामहानद्यामनुश्रोतोऽनुगानके
प्रतिश्रोतोऽनुगस्त्वेको राजहंसो महामुनिः ॥ ३ ॥
लोकमालंब्य कर्तव्यं कृतं बहुभिरेव चेत्
तथा मिथ्यादृशां धर्मो न त्याज्यः स्यात्कदा च न ॥ ४ ॥
श्रेयोऽर्थिनो हि भूयांसो लोके लोकोत्तरे च न
स्तोका हिरत्नवणिजः स्तोकाश्च स्वात्मसाधकः ॥ ५ ॥
लोकसंज्ञाहता हंत नीचैर्गमनदर्शनैः
शंसयन्ति स्वसत्यांगमर्मघातमहाव्यथां ॥ ६ ॥
आत्मशाक्षिकसद्धर्मसिद्धौ किं लोकयात्रया
तत्र प्रसन्नचंद्रश्च भरतश्च निदर्शने ॥ ७ ॥

**लोकसंज्ञोज्झितः साधुः परब्रह्मसमाधिमान्**
**सुखमास्ते गतद्रोहममतामत्सरज्वरः ॥ ८ ॥**

---

## લોક સંજ્ઞા ત્યાગ રૂપ પદ ૨૩

( અજિત જિનંદ દેવ સ્થિર ચિત્ત ધ્યાઇએ—એ ચાલ. )

લોક રીત તજીએ પ્રાણી, લોકોત્તર સુખદાઇ. લોક
છઠ્ઠું ગુણનું સ્થાન ભારે, ભવ વિષમ ગિરિ ઉતારે.
લૌકિક મોહને હઠાવે, સ્થિતિ લોકોત્તર પાઇએ લોક ૧
મૂર્ખ બદ્રિ ફલના માટે, ચિન્તામણી આપે એ સાટે;
રંજન કરવા લોકને, આહા ! સત્ય ધરમને છોડીએ. લોક ૨
નદી મહા એક લોક રીત, અનુ શ્રોતે વહે સર્વ પ્રિત;
પ્રતિશ્રોતે વહે છે મુનિ, રાજહંસ જોઇએ. લોક ૩
સકલ લોક ગ્રહે એ રીત, ગ્રહવી એ ગણીએ ઉચિત્ત;
તદનુસાર મિથ્યા દૃષ્ટિ, ધર્મ ન તજાઇએ. લોક ૪
લૌકિક શ્રેય સહુ કો ઇચ્છે, લોકોત્તરનું કો ન પૃચ્છે;
રત્નના વ્યાપારી અલ્પ, આત્મ સાધક શું જોઇએ. લોક ૫
સ્વ સત્ય અંગે મર્મ ઘાત, કરે લોક સંજ્ઞા ભ્રાત;
નીચ ગમન દર્શને, આહા ! મહા વ્યથા પ્રકાશીએ. લોક ૬
સત્ય ધર્મ આત્મ સાખે, સિદ્ધિ નહિં કાંઈ લોક ભાખે;
દેખો પ્રસન્ન ચંદ્ર મુનિ, અને ભરત નૃપતિએ. લોક ૭
પરબ્રહ્મ સમાધિ થાય, જાય લોક સંજ્ઞા ત્યાંય;
નષ્ટ દ્રોહ મમત જવર, સુખ સ્થિતિ નિપાઇએ. લોક ૮

---

૨૩ સારાંશ—હે ! પ્રાણી ! લોકોત્તર રીત ખરેખર આત્મિક સુખને આપનારી છે. માટે તે ગ્રહણ કરી લૌકિક રીતિઓ છોડી દેવી.

છઠ્ઠુ ગુણસ્થાન વિષમ એવા ભવરૂપ પર્વતથી પાર પમાડે છે

અને લૌકિક મોહનો નાશ કરાવે છે એટલુંજ નહિં પરંતુ લોકોત્તર સ્થિતિ પ્રાપ્ત કરાવે છે. ૧

મૂર્ખ માણસ બોરના બદલામાં ચિન્તામણી રત્નને ફેંકી દે છે તેમ લોકોને ખુશી કરવાને ખાતર ખરેખર સત્ય ધર્મને છોડી દેવાય છે. ૨

લોક રીત સમાન એક મહાન નદીના અનુશ્રોતમાં સર્વ કોઇ પ્રાણી માત્ર સ્નેહથી ખેંચાય છે પરંતુ પ્રતિશ્રોતે ચાલનાર એક રાજહંસ સમાન ફકત મુનિશ્વરોજ હોય છે. ૩

ઘણાં લોકોએ ગ્રહણ કરેલી રીત યોગ્ય ગણાય એમ જો માનીએ તો મિથ્યાદૃષ્ટિઓનો ધર્મ તજી શકાય તેમ નથી. ૪

પ્રાણી માત્ર લૌકિક શ્રેયની ઇચ્છાવાળા છે પરંતુ લોકોત્તર શ્રેયનીતો પૂછપરછ પણ થાતી નથી. દૃષ્ટાંત પણ તેવુંજ મળી આવેલ છે કે વ્યાપારી માત્રમાં જેમ રત્નના વ્યાપારીઓ–ઝવેરીઓ ઘણાં અલ્પ હોય છે તેમ આત્મ આરાધક પણ ઓછા સમજવા. ૫

હે ! ભ્રાત ! લોક સંજ્ઞા ખરેખર રીતે પોતાના સત્ય અંગના વિષે મર્મ પ્રહાર કરનાર છે તે નીચ ગમન દર્શન દ્વારા થતી મહાન વિપત્તિથી પ્રકાશમાં આવે છે. ૬

જે જે ધાર્મિક ક્રિયા કરતાં આત્મા સાક્ષી આપે તેજ ખરેખર સત્ય ધર્મ માનવો. લોકના કથન માત્રથી ધર્મની સિદ્ધિ નથી ત્યાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને ભરત મહારાજાનું દૃષ્ટાંત ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ૭

જ્યારે પરબ્રહ્મ સમાધિ પ્રાપ્ત થાય ત્યારેજ લોક સંજ્ઞા નષ્ટ થાય છે અને તેથીજ દ્રોહ અને મમતા રૂપ જ્વર નષ્ટ પામે છે અને સુખની સ્થિતિ મેળવાય છે. ૮

## शास्त्राष्टकम् ॥ २४ ॥

**चर्मचक्षुर्भृतः सर्वेदेवाश्चावधिचक्षुषः**
**सर्वतश्चक्षुषः सिद्धाः साधवः शास्त्रचक्षुषः ॥ १ ॥**

पुरस्थितानिवोर्ध्वाधस्तिर्कग्लोकविवर्तिनः
सर्वान् भावानपेक्षन्ते ज्ञानिनः शास्त्रचक्षुषा ॥ २ ॥
शासनात् त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते
वचनं वीतरागस्य तत्तु नान्यस्य कस्यचित् ॥ ३ ॥
शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः
पुरस्कृते पुनस्तस्मिन् नियमात् सर्वसिद्धयः ॥ ४ ॥
अदृष्टार्थेऽनुधावंतः शास्त्रदीपं विना जडाः
प्राप्नुवन्ति परं खेदं प्रस्खलन्तःपदे पदे ॥ ५ ॥
शुद्धोंच्छाद्यपि शास्त्राज्ञानिरपेक्षस्यनो हितं
भौतहंतु र्यथा तस्य पदस्पर्शनिवारणं ॥ ६ ॥
अज्ञानाहिमहामंत्रं स्वाच्छंद्यज्वरलंघनं
धर्मारामसुधाकुल्यां शास्त्रमाहुर्महर्षयः ॥ ७ ॥
शास्त्रोक्ताचारकर्ता च शास्त्रज्ञः शास्त्रदेशकः
शास्त्रैकदृग् महायोगी प्राप्नोति परमं पदं ॥ ८ ॥

---

## શાસ્ત્રદષ્ટિ સ્વરૂપ પદ-૨૪

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ ચાલ. )

ચર્મ તણી ચક્ષુ છે પ્રાણી માત્રને,
સુરગણને અવધિ ચક્ષુ નિર્માણ જો;
સિદ્ધ સકલને સર્વ ચક્ષુ કહી શાસ્ત્રમાં,
શાસ્ત્ર ચક્ષુ મુનિવરને હોય સદાય જો. ચર્મ૦ ૧
લોક અધ: ઉર્ધ્વ અને તિર્યગ્ વિષે,
દ્રવ્ય સકલ સ્થિત તેહતણા સવિ ભાવ જો;
હોય મુખાગ્રે તેમ કહે મુનિવર ખરે,
એહિજ શાસ્ત્ર નયન ગણો સુવિશાલ જો. ચર્મ૦ ૨
જેહ શાસ્ત્ર થકી બોધ મળે છે પ્રાણીને,
તેમજ ડુબતા જનને તારણહાર જો;

એહિજ શાસ્ત્ર તે શ્રી વિતરાગનું માનવું,
અન્ય વચન કદિ શાસ્ત્રસ્વરૂપ ન થાય જો. ચર્મ૦ ૩
કાર્ય સકલમાં શાસ્ત્ર તમે આગલ ધરો,
ધરતા શ્રી વિતરાગ અગ્રણી ગણાય જો;
અગ્રણી કરતા શ્રી વિતરાગને ભાવથી,
પામે સકલ સમૃદ્ધિ સહિત શિવ સ્થાન જો. ચર્મ૦ ૪
અદૃશ્ય પદારથ પ્રાપ્ત કરણના કારણે,
શાસ્ત્ર દીપક વિણ ભ્રાતુ ! ગતિ ન કરાય જો;
યદ્યપિ તે વિણ જો ગતિ કરવા ધારીએ,
તેહથી પદ પદે નિશ્ચય સ્ખલના થાય જો. ચર્મ૦ ૫
શુદ્ધ આહાર આદિ હિતકર નહિં તેહને,
જેહને શાસ્ત્ર સાપેક્ષપણે ન સ્વિકારજો;
પદ સ્પર્શ વિણ હણજો એ ગુરૂરાયને,
ભૌતવાદી તણી એહ કથા દીલ ધારજો. ચર્મ૦ ૬
અજ્ઞાન અહિ વશ કરવા મંત્રજ એહ છે,
સ્વાછંદવત્ જ્વરને લંઘન રૂપ જો;
ધર્મ વાટિકાને અમૃતની નીક છે,
શાસ્ત્ર ગણે રૂષીરાજ ખરે ફેલદ્રુપ જો. ચર્મ૦ ૭
શાસ્ત્ર કથિત આચરણ તણા કરનારને,
તેમજ શાસ્ત્રતણા જે જ્ઞાતા હોય જો;
શાસ્ત્રતણો ઉપદેશ દીએ ત્રિશુદ્ધિથી,
શાસ્ત્ર દૃષ્ટિધર પામે પદ નિર્વાણ જો. ચર્મ૦ ૮

---

૨૪-**સારાંશ**—પ્રાણી માત્રને ચર્મચક્ષુ છે. દેવતાઓને અવધિ ચક્ષુ છે, સિદ્ધ પરમાત્માઓને કેવલ જ્ઞાન ચક્ષુ છે અને મુનિશ્વરોને શાસ્ત્ર ચક્ષુ છે એમ શાસ્ત્રકાર જણાવે છે. ૧

અધોલોક-ઉર્ધ્વલોક અને તિર્યગ્ લોકમાં રહેલા સર્વ દ્રવ્યના ભાવને મુખાગ્રે હોય તેવી રીતે મુનિરાજો શાસ્ત્રનયનવડે કહી શકેછે. ૨

જે શાસ્ત્રથી પ્રાણી માત્રને બોધ મળે તેમજ સંસાર સમુદ્રથી ડુબતાનો બચાવ કરે તેજ શાસ્ત્ર ખરેખર જીનેશ્વર ભગવાન કથિત છે

એમ માનવું પરંતુ તેથી અન્ય પ્રકારનુ કથન તે કોઇ વખત શાસ્ત્રરૂપ થાતું નથી. ૩

હે ! ભવ્ય જનો હરકોઇ કાર્યમાં તમે શાસ્ત્રને આગળ ધરો-શાસ્ત્ર આગળ ધરવાથી શ્રી વિતરાગ દેવનેજ આગળ કર્યા ગણાશે અને વીતરાગને આગળ કરવાથી સકળ સમૃદ્ધિયુક્ત એવું શિવસ્થાન સહેજે પ્રાપ્ત થાશે. ૪

અદૃશ્ય એવું મોક્ષસ્થાન પ્રાપ્ત કરવા માટે હે ! ભ્રાત શાસ્ત્રરૂપ દીપક ગ્રહણ કર્યા વિના ગમન થઈ શકશે નહીં. કદાચ તે વિના ગતિ કરવા ઇચ્છા થાય તો સમજવું કે તેથી પગલે પગલે સ્ખલના જ થવાની. ૫

શાસ્ત્રનો સાપેક્ષપણે સ્વિકાર કર્યા વિના શુદ્ધ માન આહારાદિક પણ હિતકર હોતા નથી. આંહી ભૌતવાદીએ પદસ્પર્શ વિના પોતાના ગુરૂનો કરેલ શિરચ્છેદવાળું દૃષ્ટાંત યથાર્થ હૃદયમાં વિચારવા જેવું છે. ૬

અજ્ઞાનરૂપ સર્પને વશ કરવામાં મહાનમંત્ર સમાન અને સ્વછંદતારૂપ જ્વરને લાંઘણ સમાન તેમજ ધર્મરૂપ બગીચાને ફળદ્રુપ કરવા અમૃતની નીક સમાન જિનેશ્વર ભગવાન કથિત શાસ્ત્ર છે. એમ રૂષિમાહાત્માઓ કહે છે. ૭

જેઓ શાસ્ત્ર કથિત આચરણ કરનારા છે તેમજ જેઓ શાસ્ત્રના જ્ઞાતા છે તેમજ ત્રિકરણ શુદ્ધિથી જેઓ શાસ્ત્રોપદેશ આપે છે અને શાસ્ત્રમય જેની દૃષ્ટિ છે તે નિર્વાણ પદ-મોક્ષ તેને પ્રાપ્ત કરે છે. ૮

## परिग्रहाष्टकम् ॥ २५ ॥

न परावर्तते राशे र्वक्रतां जातु नोज्झति
परिग्रहः ग्रहकोऽयं विडंबितजगत्त्रयः ॥ १ ॥
परिग्रहग्रहावेशाद्दुर्भाषितरजःकिरां
श्रूयन्ते विकृताः किंन प्रलापा लिंगिनामपि ॥ २ ॥

यस्त्यक्त्वा तृणवद्बाह्यमांतरं च परिग्रहं
उदास्ते तत्पदांभोजं पर्युपास्ते जगत्रयी ॥ ३ ॥
चित्तेऽन्तर्ग्रंथगहने बहिर्निर्ग्रंथता वृथा
त्यागात्कंचुकमात्रस्य भुजगो नहि निर्विषः ॥ ४ ॥
त्यक्ते परिग्रहे साधोः प्रयाति सकलं रजः
पालित्यागे क्षणादेव सरसः सलिलं यथा ॥ ५ ॥
त्यक्तपुत्रकलत्रस्य मूर्च्छामुक्तस्य योगिनः
चिन्मात्रप्रतिबद्धस्य का पुद्गलनियंत्रणा ॥ ६ ॥
चिन्मात्रदीपको गच्छेत् निर्वातस्थानसंनिभैः
निःपरिग्रहतास्थैर्यं धर्मोपकरणैरपि ॥ ७ ॥
मूर्च्छाछन्नधियां सर्वं जगदेव परिग्रहः
मूर्च्छया रहितानांतु जगदेवाऽपरिग्रहः ॥ ८ ॥

---

## પરિગ્રહ સ્વરૂપ. પદ-૨૫

( મુનિ સુવ્રત જિનરાજ, એક મુજ વિનતી નિસુણો.–એ ચાલ. )

પરિગ્રહ ગ્રહ તું પિછાન, જે નવ ગ્રહથી અધિક છે.
મૂળ રાશિ થકી જે નવી પલટે, વક્રગતિ નવિ છંડે;
પરિગ્રહ ગ્રહ જગમાંહિ સહુને, કરી વિડંબના દંડે. પરિ૦ ૧
પરિગ્રહ ગ્રહ આવેશથી પ્રાણી, દુર્ભાષિણ કરી જંપે;
એવા લિંગધરની અતિ વાતો, સાંભળતા ચિત્ત કંપે. પરિ૦ ૨
જેહ ઉદાસિન ભાવથી પરિગ્રહ, બાહ્ય અભ્યંતર છંડે;
તે મુનિવરના ચરણ કમળમાં, હર્ષે ભવિ જન વંદે. પરિ૦ ૩
અન્તર ગ્રંથીથી ગ્રથિત ચિત્ત છતાં, બાહ્ય નિગ્રંથતા ખોટી;
કંચુકી માત્રના ત્યાગ થકી નહિં, વિષ રહિત અહિ કોટી. પરિ૦ ૪
પરિગ્રહ ત્યાગથી સર્વ કર્મ રજ, ક્ષણમાં નષ્ટ હો જાવે;
સેતુબંધનો ત્યાગ થતામાં, સરોવર જળ ક્ષય થાવે. પરિ૦ ૫
પુત્ર કલત્રાદિકના ત્યાગે, મૂર્ચ્છા રહિત મન જેનું;
ફક્ત જ્ઞાન આરૂઢ યોગીને, પુદ્ગલ બંધન શેનું. પરિ૦ ૬

નિર્વાત સ્થાન સમાન ઉપકરણો, પરિગ્રહ રહિત ગણાએ;
જ્ઞાન પ્રદીપ પામે સ્થિરતાને, એહ મર્મ સમજાએ. પરિ૦ ૭
મૂર્ચ્છા વડે આચ્છાદિત બુદ્ધિ, તેને આ જગ પરિગ્રહ છે;
મૂર્ચ્છા રહિત યોગીને ભ્રાતુ ! જગ સવિ અપરિગ્રહ છે. પરિ૦ ૮

---

**૨૫–સારાંશ**—હે ! ભ્રાત ! પરિગ્રહ રૂપ જે ગ્રહ છે, તેની તું પિછાન કર જે નવગ્રહ કરતા અધિક એવો દસમો ગ્રહ છે.

પરિગ્રહ રૂપ ગ્રહ તે પોતાની મુળ રાશિથી કોઇ વખત ચલાયમાન થાતો નથી. અર્થાત્ ફરતો નથી તેમજ તેની વક્ર ગતિ તેને પણ છોડતો નથી. અને તેથી આ જગતના પ્રાણી માત્રને વિડંબનારૂપ દંડથી દંડે છે. ૧

પરિગ્રહ રૂપ ગ્રહથી ગ્રસિત થયેલ પ્રાણી અસમંજસ વાણીના ઉચ્ચાર કરવામાં જ મશગુલ હોય છે માટે તેવા લિંગધરોની વાર્તા સાંભળતાં ચિત્ત કંપાયમાન થાય છે. ૨

જે મહાત્માઓ ઉદાસીન ભાવથી બાહ્ય અને અભ્યંતર પરિગ્રહને ત્યાગે છે, તેમના ચરણ કમળમાં નિરંતર ભવ્યાત્માઓ નમસ્કાર કરે છે. ૩

જેમનું હૃદય અન્તર ગ્રંથીથી ગુંથાએલ છે, તેમની બાહ્ય નિગ્રંથતા નકામી છે. કારણ કાંચળી માત્રના ત્યાગથી સર્પ નિર્વિષ છે એમ માની શકાશે નહીં. ૪

સેતુબંધ–પાળનો નાશ કરવાથી સરોવરનું પાણી જેમ નાશ પામે છે–નીકળી જાય છે, તેમ પરિગ્રહના ત્યાગથી કર્મરજ ઘણાંજ ટુંક વખતમાં નષ્ટ થઈ જાય છે. ૫

પુત્ર કલત્ર એ આદિ આત્માથી ઇતર વસ્તુના ત્યાગ વડે જેમનું ચિત્ત મુર્ચ્છા રહિત થયેલ છે અને ફક્ત જ્ઞાન ધ્યાનમાં જ જેઓ નિમગ્ન થયેલા છે તેઓને પુદ્ગલિક બંધ હોતો નથી. ૬

પવન રહિત સ્થાન સમાન ધર્મપાલન કરવામાં નિર્વાહ રૂપ

જે ઉપકરણો છે તે પરિગ્રહ રહિત ગણાય છે અને તેથી જ્ઞાન રૂપ દીપક સ્થિરતાને પામે છે. એ મર્મ સમજવા યોગ્ય છે. ૭

હે ! ભ્રાત ! મૂર્ચ્છા-મમત્વ વડે કરીને જેની બુદ્ધિ આચ્છાદિત થયેલ છે, તેને આ જગત પરિગ્રહ રૂપ છે. પરંતુ મૂર્ચ્છા રહિત એવા યોગીઓને તો આ જગત પરિગ્રહ રહિતજ જણાય છે. ૮

## अनुभवाष्टकम् ॥ २६ ॥

संध्येव दिनरात्रिभ्यां केवलश्रुतयोः पृथक्
बुधैरनुभवो दृष्टः केवलाऽर्कारुणोदयः ॥ १ ॥
व्यापारः सर्वशास्त्राणाम् दिक्प्रदर्शनमेव हि
पारं तु प्रापयत्येकोऽनुभवो भववारिधेः ॥ २ ॥
अतींद्रियं परब्रह्म विशुद्धानुभवं विना
शास्त्रयुक्तिशतेनापि न गम्यं यद्बुधाजगुः ॥ ३ ॥
ज्ञायेरन् हेतुवादेन पदार्था यद्यतींद्रियाः
कालेनैतावता प्राज्ञैः कृतः स्यात्तेषु निश्चयः ॥ ४ ॥
केषां न कल्पनादर्वी शास्त्रक्षीरान्नगाहिनी
विरलास्तद्रसास्वादविदोऽनुभवजिन्हया ॥ ५ ॥
पश्यतु ब्रह्मनिर्द्वंद्वं निर्द्वंद्वानुभवं विना
कथं लीपीमयी दृष्टि र्वाङ्मयी वा मनोमयी ॥ ६ ॥
न सुषुप्तिरमोहत्वान्नापि च स्वापजागरौ
कल्पनाशिल्पविश्रांते स्तुर्यैवानुभवोदशा ॥ ७ ॥
अधिगत्याखिलं शब्दब्रह्म शास्त्रदृशा मुनिः
स्वसंवेद्यं परं ब्रह्मानुभवेनाधिगच्छति ॥ ८ ॥

## અનુભવ સ્વરૂપ. પદ-૨૬

( આશાવરી. )

અનુભવ રસ અમૃત અતિ મીઠો, ચાખે સો જ્ઞાની ગરિષ્ઠો. અનુ૦
સંધ્યા રાત્રિ દિવસથી પૃથક્ છે, ત્યમ શ્રુત કેવળ બિચ છે;
અનુભવ પંડિત જન માને છે, કેવળ સૂર્યે અરૂણ છે. અનુ૦ ૧
સર્વ શાસ્ત્ર વ્યાપારને જાણો, જે દિગ્ દરશન દરસે;
ભવ જલધિને પાર જવામાં, અનુભવ તરણિ જો મળશે. અનુ૦ ૨
અનુભવ ગમ્ય અતિંદ્રિય પરબ્રહ્મ, બુદ્ધ જન કહે છે વિચારી;
શાસ્ત્ર યુક્તિ શત લાગુ કરે પણ, પાર ન લહે અવિચારી. અનુ૦ ૩
અગોચર ઇંદ્રિય વસ્તુની સિદ્ધિ, જો હેતુ વાદે કરાયે;
દીર્ઘ સમયથી ચરચા જેની, નિર્ણય કેમ ન થાયે. અનુ૦ ૪
કલ્પના કડછી ગૃહિને સહુ જન, શાસ્ત્ર ક્ષીરાન્ના વગાહે;
પણ વિરલા તસ સ્વાદ લહે છે, અનુભવિ તે જગ માંહે. અનુ૦ ૫
નિર્દ્વંદ્વ બ્રહ્મ નિર્દ્વંદ્વ અનુભવ, બિન કહો કૌન પિછાને;
લિપિ વાણી અને મનોદૃષ્ટિ, જે વિણ એહ અસ્થાને. અનુ૦ ૬
નાંહિ સુસુપ્ત સ્વાપ ને જાગર, મોહ અજ્ઞાન અભાવે;
કલ્પના શાન્ત બને જે દશામાં, અનુભવોર્જાગર પાવે. અનુ૦ ૭
પૂર્ણ શબ્દ બ્રહ્મ શાસ્ત્ર વિલોકી, અનુભવ દૃગ જે કરશે;
સ્વ સંવેદનથી પરબ્રહ્મને, નિશ્ચય તે અનુભવશે. અનુ૦ ૮

---

**૨૬-સારાંશ**—અનુભવરસ અમૃત સમાન અતિ મિષ્ટ લાગે છે અને તેનો સ્વાદ ફક્ત જ્ઞાને ગરિષ્ઠ મુનિઓજ લઇ શકે છે. રાત્રિ અને દિવસથી સંધ્યા જેમ પ્રથક્-વચમાં છે તેમ શ્રુત જ્ઞાનિ અને કેવળ જ્ઞાનની વચમાં અનુભવ જ્ઞાન છે અને તે કેવળ જ્ઞાન રૂપ સૂર્યના ઉદય પહેલા અરૂણોદય રૂપ છે. એમ પંડિત પુરૂષોની માન્યતા છે. ૧

સર્વ શાસ્ત્રના અધ્યયન રૂપ વ્યાપાર તે માત્ર દિશા સૂચવનાર નકશો છે, પરંતુ ભવ સમુદ્રને પાર જાવા માટે અનુભવ રૂપ વહાણની આવશ્યક્તા છે. ૨

બુદ્ધિમાન પુરૂષો વિચાર કરી કરીને કહે છે કે પરબ્રહ્મ છે તે અતીંદ્રિય છે અને તે અનુભવગમ્ય છે. શાસ્ત્રોની અનેક યુક્તિઓ લાગુ કરતા છતાં પણ અવિચારી પુરૂષ તેનો પાર પામી શકતા નથી. ૩

ઇંદ્રિયોથી જે અગોચર છે એવી વસ્તુઓની સિદ્ધિ જો હેતુવાદથી ગમ્ય હોત તો ઘણાં લાંબા વખતથી જેની ચર્ચા ચાલુજ છે છતાં તેનો નિર્ણય કેમ થતો નથી અર્થાત્ તે અનુભવગમ્યજ છે. ૪

શાસ્ત્ર રૂપ ક્ષીર ભોજનને સર્વ કોઇ પોત પોતાની કલ્પના રૂપ કડછીથી અવગાહે–હલાવે છે, પરંતુ તેનો સ્વાદ તો કોઇ વિરલા અનુભવી માહાત્માઓજ આ જગત્માં લઈ જાણે છે. ૫

નિર્દ્વંદ અનુભવ પ્રાપ્ત થયા વિના નિર્દ્વંદ બ્રહ્મને કોણ જાણી શકે છે ? અર્થાત્ કોઇજ નહીં. માટે નિર્દ્વંદ અનુભવ વિના લિપિ–વાણી–અથવા મનોદૃષ્ટિ તે અસ્થાને છે અથવા કાર્યકર નથી. ૬

જે સુસુપ્તિ નથી સ્વપ્ન નથી અને જાગ્રતિ પણ નથી, પરંતુ મોહરૂપ અજ્ઞાનના વિનાશથી કલ્પના માત્ર જેમાં શાન્ત બને છે એવી ચોથી ઊજાગર દશા તે અનુભવ દશા છે. ૭

પૂર્ણ શબ્દ રૂપ શાસ્ત્ર બ્રહ્મને જાણી જે માહાત્માઓ અનુભવ દૃષ્ટિ કરશે તે સ્વ સંવેદન વડે નિશ્ચયથી પરબ્રહ્મને અનુભવશે. ૮

## योगाष्टकम् ॥ २७ ॥

मोक्षेण योजनाद्योगः सर्वोऽप्याचारइष्यते
विशिष्य स्थानवर्णार्थालंबनैकाग्र्य गोचरः ॥ १ ॥
कर्मयोगं द्वयं तत्र ज्ञानयोगत्रयं विदुः
विरतेष्वेष नियमात् बीजमात्रं परेष्वपि ॥ २ ॥
कृपानिर्वेदसंवेगप्रशमोत्पत्तिकारिणः
भेदाः प्रत्येकमत्रेच्छाप्रवृत्तिस्थिरसिद्धयः ॥ ३ ॥
इच्छा तद्वत्कथाप्रीतिः प्रवृत्तिः पालनंपरं
स्थैर्यं बाधकभी हानिः सिद्धिरन्यार्थसाधनं ॥ ४ ॥

अर्थालंबनयोश्चैत्यवंदनादौ विभावनं
श्रेयसे योगिनःस्थानवर्णयोर्यत्न एवच ॥ ५ ॥
आलंबनमिह ज्ञेयं द्विविधं रूप्यरूपि च
अरूपिगुणसायुज्य योगोनालंबनं परं ॥ ६ ॥
प्रीतिभक्तिवचोऽसंगैः स्थानाद्यपि चतुर्विधं
तस्मादयोगयोगाप्ति र्मोक्षयोगः क्रमाद् भवेत् ॥ ७ ॥
स्थानाद्ययोगिनस्तीर्थोच्छेदाद्यालंबनादपि
सूत्रदाने महादोष इत्याचार्याः प्रचक्षते ॥ ८ ॥

## યોગ સ્વરૂપ. પદ-૨૭

( નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ ચાલ. )

ધરો ભવિ યોગ નિરંતર ઘટમાં, જેથી મોક્ષ મળે છે ઝપટમાં. ધ૦
યોગ એહ જે મોક્ષ નિપાવે, ઇષ્ટ આચરણ જ એહ;
સ્થાન વર્ણ અને અર્થ આલંબન, એકાગ્રતા પંચ જેહ. ધ૦ ૧
કર્મ યોગ દ્વિવિધે કહ્યો છે, જ્ઞાન યોગ ત્રિવિધે;
વિરતિપણે નિશ્ચયથી હોવે, અન્યમાં બીજ પ્રબોધે. ધ૦ ૨
કૃપા નિર્વેદ સંવેગ પ્રશમતણું, ઉત્પત્તિ સ્થાન જ એ છે;
ઇચ્છા પ્રવૃત્તિ સ્થિરતા સિદ્ધિ, ક્રમથી એ ચાર કહે છે. ધ૦ ૩
તદ્વત્ કથામાં પ્રીતિ તેને, ઈચ્છા યોગી કહિયે;
વિધ વિધ વ્રતનું આસેવન જેને, પ્રવૃત્તિ યોગી સહી એ. ધ૦ ૪
બાધક સર્વની બીક નહિં તે, સ્થિર યોગી આ જગમાં;
અન્યના અર્થ તણું આલંબન, સિદ્ધિ યોગી ગણે મનમાં. ધ૦ ૫
ચૈત્યવંદન આદિ સર્વ ક્રિયામાં, સ્થાન વર્ણે કરો યત્ન;
અર્થ આલંબન સ્મરણ કરતાં, યોગી આનંદ વરે રત્ન. ધ૦ ૬
આલંબન તણા ભેદ કહ્યા બે, રૂપી અરૂપી ઇષ્ટ;
અરૂપીના ગુણમાં લય થાવું, એહ આલંબન રીષ્ટ. ધ૦ ૭
પ્રીતિ ભકિત વચનને અસંગે, સ્થાન આદિ યોગ સેવે;
તેહથી પ્રાપ્તિ અયોગ યોગની, ક્રમથી મોક્ષ યોગ લેવે. ધ૦ ૮.

**તીર્થ ઉચ્છેદ આદિ આલંબન, કોઇ પ્રસંગ જો પાવે,**
**તો પણ સ્થાનાદિથી રહિતને, સૂત્રદાન નહિં આપે. ધ૦ ૯**

---

**૨૭—સારાંશ**—હે ! ભવ્ય પુરૂષો તમે યોગને નિરંતર હૃદયમાં ધારણ કરો જેના આસેવનથી મોક્ષ જલદી મળશે. યોગ તેનેજ કહેવામાં આવે છે કે જે મોક્ષ પ્રાપ્તિ કરાવે છે અને તે માટે તેનું આચરણ તે ઇષ્ટ મનાએલ છે. સ્થાન–વર્ણ–અર્થ–આલંબન અને એકાગ્રતા એવા પાંચ તેના ભેદ છે. ૧

ત્યાં કર્મ યોગ બે પ્રકારે અને જ્ઞાન યોગ ત્રણ પ્રકારે કહ્યો છે. તે વિરતિપણામાં નિશ્ચયથી હોય છે. અને અન્યમાં બીજ માત્રની સંભાવના રહેલ છે. ૨

યોગવિદ્ પુરૂષોએ કૃપા–નિર્વેદ–સંવેગ અને પ્રશમનું ઉત્પત્તિ સ્થાન ક્રમથી ઇચ્છા–પ્રવૃત્તિ–સ્થિરતા અને સિદ્ધિ કહેલ છે. ૩

તદ્વત્ કથામાં પ્રીતિ જેને છે તે ઇચ્છા યોગી–વિવિધ વ્રતનું આસેવન કરનાર તે પ્રવૃત્તિ યોગી કોઇ પણ જાતના બાધકની જેને બીક ન હોય તે સ્થિર યોગી અને અન્યના અર્થનું આલંબન જે હોય તે સિદ્ધિ યોગી છે. ૪

ચૈત્યવંદનાદિક સર્વ ક્રિયામાં સ્થાન–વર્ણ–અર્થ અને આલંબનનું સ્મરણ કરનાર યોગી આનંદ રત્નને પ્રાપ્ત કરે છે. ૫

આલંબનના બે ભેદ કહ્યાં છે રૂપી અને અરૂપી; તેમાં અરૂપીના ગુણમાં મળી જાવું તે આલંબન શ્રેષ્ઠ છે. ૬

પ્રીતિ–ભક્તિ–વચન અને અસંગથી સ્થાનાદિ યોગના સેવન વડે અયોગ યોગની પ્રાપ્તિ થાય છે અને ક્રમે કરી તેથી મોક્ષ યોગ મળે છે. ૭

કોઇક પ્રસંગે તીર્થ ઉચ્છેદાદિ કારણ પ્રાપ્ત થાતા પણ સ્થાનાદિથી રહિત–અયોગ્યને સૂત્રદાન–શાસ્ત્ર અભ્યાસ કરાવવાની મના કરેલ છે એમ આચાર્ય ભગવાન કહે છે. ૮

# नियागाष्टकम् ॥ २८ ॥

यः कर्म हुतवान् दीप्ते ब्रह्माग्नौ ध्यानध्यायया
सनिश्चितेन यागेन नियागप्रतिपत्तिमान् ॥ १ ॥
पापध्वंसिनि निष्कामे ज्ञानयज्ञे रतो भव
सावद्यैः कर्मयज्ञैः किं भूतिकामनयाविलैः ॥ २ ॥
वेदोक्तत्वान्मनः शुद्ध्या कर्मयज्ञोऽपि योगिनः
ब्रह्मयज्ञ इतीच्छंतः श्येनयागं त्यजन्ति किम् ॥ ३ ॥
ब्रह्मयज्ञं परं कर्म गृहस्थस्याधिकारिणः
पूजादि वीतरागस्य ज्ञानमेव तु योगिनः ॥ ४ ॥
भिन्नोद्देशेन विहितं कर्म कर्मक्षयाक्षमं
कॢप्तभिन्नाधिकारं च पुत्रेष्ट्यादिवदिष्यतां ॥ ५ ॥
ब्रह्मार्पणमपि ब्रह्मयज्ञांतर्भावसाधनं
ब्रह्माग्नौ कर्मणो युक्तं स्वकृतत्वस्मये हुते ॥ ६ ॥
ब्रह्मण्यर्पितसर्वस्वो ब्रह्मदृग् ब्रह्मसाधनः
ब्रह्मणा जुह्वदब्रह्म ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ॥ ७ ॥
ब्रह्माध्ययननिष्ठावान् परब्रह्मसमाहितः
ब्राह्मणो लिप्यते नाघैर्नियागप्रतिपत्तिमान् ॥ ८ ॥

## નિયાગ સ્વરૂપ. પદ–૨૮

( આશાવરી. )

અબધુ ! નિયાગ પ્રમાણ પ્રમાનો, જેથી કર્મ સકલ ક્ષય જાનો. અ૦

તીવ્ર બ્રહ્મ અગ્નિની માંહે, ધ્યાનરૂપ ધ્યાયા એ;
કર્મતણો જે હોમ કરે તે, નિયાગ વિષે સ્થિત થાએ. અબધુ૦ ૧
પાપ વિનાશ ને આશ રહિત એ, જ્ઞાનયજ્ઞે રત થા તું;
પુદ્ગલિક અભિલાષા જેમાં, સાવદ્યયજ્ઞ તજ ભ્રાતુ. અબધુ૦ ૨

કર્મયજ્ઞ વેદોક્ત હોવાથી, બ્રહ્મયજ્ઞ તે થાશે,
માન્યતા એવી છતાં પણ ત્યાગો, શ્યેન યાગ શા માટે. અબધુ૦ ૩
જિનવર પૂજા આદિ સુકૃત્યો, ગૃહિ યોગ્ય દરસાવે;
યતિ યોગ્ય છે જ્ઞાન કર્મ તે, બ્રહ્મ યજ્ઞ હો જાવે. અબધુ૦ ૪
ભિન્ન ઉદ્દેશ ગૃહિ ક્રિયા કરતા, તદ્વત્ ફલ નહિં પાવે;
પુત્રેષ્ટ્યાદિવત્ એહ અનર્થક, રચના ભિન્ન બતાવે. અબધુ૦ ૫
બ્રહ્માર્પણ પણ બ્રહ્મયજ્ઞનું, આન્તર સાધન માનો;
સ્વકૃત મદનો હોમ કર્યાથી, કર્મ હોમ એ જાનો. અબધુ૦ ૬
અર્પણ સર્વ કરી બ્રહ્મમાંહિ, બ્રહ્મદૃષ્ટિ કરો ખાસી;
સાધન જેહનું બ્રહ્મ બને છે, અબ્રહ્મ બ્રહ્મે વિનાશી. અબધુ૦ ૭
રક્ષણ શીલતણું બ્રહ્મચર્યે, નિષ્ઠા બ્રહ્માધ્યયનાદિ;
પરબ્રહ્મ વિષે સમાહિત એ છે, નિર્લેપ કર્મ બ્રહ્મવાદી. અબધુ૦ ૮

૨૮–**સારાંશ**—હે ! મહંતો ! નિયાગ વડે સર્વ કર્મનો ક્ષય થાય છે. માટે તે પ્રમાણ છે.

તિવ્ર બ્રહ્માગ્નિને વિષે ધ્યાનરૂપ ધ્યાયાએ કરીને કર્મનો જે હોમ કરે છે તે નિયાગ–પરમેશ્વર પૂજામાં સ્થિત થાય છે. ૧

હે ! ભ્રાતુ ! પાપનો જેમાં વિનાશ થાય છે તેમજ કોઇ પણ પ્રકારની જેમાં પુદ્ગલિક આશા નથી એવા જ્ઞાનયજ્ઞમાં તું પ્રીતિ કર તેમજ પુદ્ગલિક અભિલાષા જેમાં રહેલ છે, એવા સાવદ્ય યજ્ઞને તજી દે. ૨

( કર્મયજ્ઞવાદીઓને શીખામણ આપતાં શાસ્ત્રકાર ભગવાન કહે છે કે ) કર્મયજ્ઞ વેદોક્ત હોવાથી તે બ્રહ્મયજ્ઞ થાશે આવી માન્યતા છતાં તમો શ્યેન યાગને શામાટે તજો છો ? ૩

જિનેશ્વર ભગવાનની પૂજા એ આદિ સત્કર્મ તે ગૃહસ્થને યોગ્ય છે અને જ્ઞાનાદિ કર્મ તે યતિયોને યોગ્ય છે અને તે પરિણામે બ્રહ્મયજ્ઞ થઇ જાય છે. ૪

ભિન્ન ઉદ્દેશથી કરાએલ ક્રિયા તદ્વત્ ફલને પ્રાપ્ત કરી શકતી નથી, પરંતુ તે પુત્રેષ્ટ્યાદિવત્ રચનાએ કરી ભિન્ન હોવાથી અનર્થની કરવાવાળી છે. ૫

હરેક કાર્યનો કર્તા હું છું એવું જે અહમ્પણું તેનો હોમ કરવાથી તે કર્મનો હોમ થાય છે અને તે બ્રહ્માર્પણ હોવાથી બ્રહ્મયજ્ઞનું આન્તર સાધન બને છે. ૬

સર્વ ક્રિયાઓને બ્રહ્મમાં અર્પણ કરીને મનોહર એવી બ્રહ્મદૃષ્ટિ ધારણ કરો. જેનું બ્રહ્મ સાધન બને છે અને તે બ્રહ્મવડે અબ્રહ્મનો વિનાશ થાય છે. ૭

બ્રહ્મના વિષે આચરણ કરવાથી શીયલવ્રતનું રક્ષણ થાય છે અને બ્રહ્માધ્યયનાદિમાંજ જેની એક નિષ્ઠા થયેલી છે તેવા બ્રહ્મવાદી મહાત્માઓ કર્મથી નિર્લેપ થઇને પરબ્રહ્મને વિષે સમાહિત થાય છે. ૮

## पूजाष्टकम् ॥ २९ ॥

दयांभसा कृतस्नानः संतोषशुभवस्त्रभृत्
विवेकतिलकभ्राजी भावनापावनाशयः ॥ १ ॥
भक्तिश्रद्धानघुसृणोन्मिश्रपाटीरजद्रवैः
नवब्रह्मांगतो देवं शुद्धमात्मानमर्चय ॥ २ ॥
क्षमापुष्पस्रजं धर्मयुग्मक्षौमद्वयं तथा
ध्यानाभरणसारं च तदंगे विनिवेशय ॥ ३ ॥
मदस्थानभिदात्यागै र्लिखाग्रे चाष्टमंगलीं
ज्ञानाग्नौ शुभसंकल्पकाकतुंडं च धूपय ॥ ४ ॥
प्राग्धर्मलवणोत्तारं धर्मसंन्यासवन्हिना
कुर्वन् पूरय सामर्थ्यराजन्नीराजनाविधिं ॥ ५ ॥
स्फुरन् मंगलदीपं च स्थापयानुभवं पुरः
योगनृत्यपरस्तौर्यत्रिकसंयमवान्भव ॥ ६ ॥
उल्लसन्मनसः सत्यघंटां वादयतस्तव
भावपूजारतस्येत्थं करक्रोडे महोदयः ॥ ७ ॥

द्रव्यपूजोचिता भेदोपासना गृहमेधिनां
भावपूजा तु साधुनामभेदोपासनात्मिका ॥ ८ ॥

## શ્રી વીરપ્રભુ ભાવપૂજા. પદ-૨૯

( સંતો ! દેખીએ એ પરગટ પુદ્દગલ જાલ તમાસા—એ ચાલ. )

શ્રી વીર પૂજતારે ભાવસે આત્મિક આનંદ જામે.
દયા વારિથી સ્નાન કરીને, સંતોષ ચીવરને ધારી;
વિવેક તિલક નિજ ભાલે કરવું, પવિત્ર આશયને
સુધારી. ... ... ... શ્રી વીર૦ ૧
ભક્તિ શ્રદ્ધારૂપ કેસર સાથે, ચંદન મિશ્રિત કરવું;
નવબ્રહ્મ અંગે શુદ્ધાત્મ દેવનું, અર્ચન નિશદિન
કરવું. ... ... ... શ્રી વીર૦ ૨
ક્ષમારૂપ સુપુષ્પની માળા, યુગ્મ ધર્મ સમ વસ્ત્રો;
ધ્યાન રૂપ આભરણ ગ્રહિને, પ્રભુના અંગે
વિરચતો. ... ... ... શ્રી વીર૦ ૩
મદસ્થાનના ત્યાગ સમાન એ, અષ્ટમંગલ આલેખો;
જ્ઞાન રૂપ વન્હિની માંહે, સંકલ્પ સુધુપ કર
દેખો. ... ... ... શ્રી વીર૦ ૪
પૂર્વ ધર્મના ત્યાગ રૂપ ભવિ, લવણોત્તર કરી જે;
ધર્મ સન્યાસ સામર્થ્ય યોગની, આરતિ આત્મિક
કીજે. ... ... ... શ્રી વીર૦ ૫
અનુભવસમ મંગલ દીપકને, શ્રીવીર આગે સ્થાપો;
યોગ રૂપ સુનૃત્યની સાથે, તૌર્યત્રિક જય
છાપો. ... ... ... શ્રી વીર૦ ૬
એ વિધ ભાવપૂજામાં તત્પર, ઉલસિત મન છે જેનું;
સત્ય ઘંટ વજાવે જગમાં, મહોદય કર્મ છે
તેનું. ... ... ... શ્રી વીર૦ ૭
ગૃહિ યતિ એ ભેદથી પૂજા, દ્રવ્યભાવ હોય દાખી;
ગૃહિને યોગ્ય છે દ્રવ્ય યોગીને, ભાવ વિશુદ્ધ છે
સાખી. ... ... ... શ્રી વીર૦ ૮

૨૯—સારાંશ—ભાવ સહિત શ્રી વીર પરમાત્માનું પૂજન તે અવશ્યમેવ આત્મિક આનંદને પ્રાપ્ત કરાવે છે.

દયારૂપ જળવડે સ્નાન કરી અને સંતોષરૂપ નિર્મલ વસ્ત્રો ધારણ કરી વિવેક રૂપ તિલક પોતાના ભાલ સ્થળે કરતાં જેમ બને તેમ પવિત્ર આશયોની સુધારણા કરવી. ૧

ભક્તિ અને શ્રદ્ધા રૂપ કેસર અને ચંદન મિશ્રિત કરીને જેમનો આત્મા પવિત્ર થયેલ છે, એવા શુદ્ધાત્મદેવનું નવબ્રહ્મ અંગે નિરંતર અર્ચન કરવું. ૨

વળી ક્ષમારૂપ સુવાસિત પુષ્પોની માળા—દ્વિવિધ ધર્મરૂપ વસ્ત્રો અને ધ્યાનરૂપ અલંકારોવડે પ્રભુના અંગને વિભુષીત કરવાં. ૩

અષ્ટમદના સ્થાનના ત્યાગ સમાન અષ્ટમંગળની રચના કરો તેમજ જ્ઞાન રૂપ અગ્નિની માંહે શુભ સંકલ્પ રૂપ સુગંધી ધુપ ઉખેવો. ૪

પૂર્વધર્મ—ક્ષાયોપશમિક ધર્મના ત્યાગ રૂપ લવણોતરણ કરીને હે! ભવ્યપ્રાણીઓ તમો ધર્મ સન્યાસ—ક્ષાયિક ધર્મના સામર્થ્ય યોગરૂપ આત્મિક આરતિને ઉતારો. ૫

તેમજ અનુભવરૂપ માંગલિક દીપક શ્રી વીર પ્રભુ પાસે સ્થાપો પશ્ચાત્ યોગરૂપ સુનૃત્ય કરતાં તૌર્યત્રિક પર જયની છાપ બેસાડો.૬

આ વિધિ પ્રમાણે ભાવપૂજામાં જેમનું ચિત્ત ઉલસાયમાન છે તેજ પ્રાણી આ જગતમાં સત્યતાનો ઘંટ બજાવે છે અને તેમનેજ મહાન કર્મનો ઉદય થાય છે. ૭

ગૃહસ્થ ધર્મ અને યતિ ધર્મ એ બે ભેદ વડે કરી દ્રવ્યપૂજા અને ભાવપૂજાની ઘટના છે. માટે ગૃહસ્થને યોગ્ય દ્રવ્યપૂજા અને યતિયોને યોગ્ય ભાવપૂજાની વિશુદ્ધિ અત્રે વર્ણવેલ છે. ૮

## ध्यानाष्टकम् ॥ ३० ॥

ध्याता ध्येयं तथा ध्यानं त्रयं यस्यैकतां गतं
मुनेरनन्यचित्तस्य तस्य दुखं न विद्यते ॥ १ ॥
ध्यातांतरात्मा ध्येयस्तु परमात्मा प्रकीर्तितः
ध्यानं चैकाग्र्यसंवित्तिः समापत्तिस्तदेकता ॥ २ ॥
मणाविव प्रतिच्छाया समापत्तिः परात्मनः
क्षीणवृत्तौ भवेद्ध्यानादंतरात्मनि निर्मले ॥ ३ ॥
आपत्तिश्च ततः पुण्यतीर्थकृत्कर्मबंधतः
तद्भावाभिमुखत्वेन संपत्तिश्च क्रमाद् भवेत् ॥ ४ ॥
इत्थं ध्यानफलाद्युक्तं विंशतिस्थानकाद्यपि
कष्टमात्रंत्वभव्यानामपि नो दुर्लभं भवे ॥ ५ ॥
जितेंद्रियस्य धीरस्य प्रशांतस्य स्थिरात्मनः
सुखासनस्य नासाग्रन्यस्तनेत्रस्य योगिनः ॥ ६ ॥
रुद्धबाह्यमनोवृत्ते धीरणाधारयारयात्
प्रसन्नस्याप्रमत्तस्य चिदानंदसुधालिहः ॥ ७ ॥
साम्राज्यमप्रतिद्वंद्वमंतरेव वितन्वतः
ध्यानिनो नोपमा लोके सदेवमनुजेऽपि हि ॥ ८ ॥

---

### ધ્યાન સ્વરૂપ. પદ. ૩૦

( સુણો શાન્તિ જિનંદ સોભાગી—એ ચાલ. )

ધ્યાતા ધ્યાનને ધ્યેયતણું જ્યાં,
એકતા પામે છે ત્રિક ખરે ત્યાં;
એવા અનન્ય ચિત્ત મુનિવરને,
દુઃખ નહિ દિલ ત્યાંહિ તુ.ધરને. ધ્યાતા. ૧
ધ્યાતા અન્તર આત્મા બને છે,
ધ્યેય સ્વરૂપ પરમાત્મા ઠરે છે;

ધ્યાન એકાગ્ર સંવિત્તિ પ્રમાણો,
તેહની પ્રાપ્તિ તે ઐકયતા જાણો. ધ્યાતા ૨
ધ્યાનથી વૃત્તિ વિનાશ થયે જ્યાં,
નિર્મલ અન્તર આત્મા વિષે ત્યાં;
પ્રતિબિંબિત આદર્શ ધરેજ્યું,
છાપ પડે પરમાત્મા તણી ત્યું. ધ્યાતા. ૩

ધ્યાનથી રત્ન ત્રયી આરાધે,
તિર્થંકર નામ કર્મ ને બાંધે;
ક્રમથી એ કર્મ ઉદય જબ આવે,
તિર્થંકર પદ સંપત્તિ પાવે. ધ્યાતા ૪
એહિજ ધ્યાન તણું ફલ જાણી,
વીશ સ્થાનક તપ આદરો પ્રાણી;
તનુ શોષણ ફૂલ જે તપથી છે,
એહ અભવ્ય ને સુગમ થકી છે. ધ્યાતા. ૫

જેહ જિતેંદ્રિય ધીર પુરૂષ છે,
શાન્ત અને સ્થિર આત્મન એ છે;
સુખાસન સ્થિત નેત્ર તણી જ્યાં,
નાસિકા અગ્રે દૃષ્ટિ ધરી ત્યાં. ધ્યાતા ૬
ધ્યાન તણી ધારા ને જોગે,
બાહ્ય વૃત્તિ નિરોધ એ યોગે;
અપ્રમત્ત ને પ્રસન્ન ખરે એ,
સ્વાદ જ્ઞાનામૃત કેરો કરે એ. ધ્યાતા. ૭

અપ્રતિદ્વંદ્વ સમ્રાજ્ય તણો એ,
આન્તર માંહિ વિસ્તાર કરે એ;
દેવ અને માનવની માંહિ,
યોગ્ય નહિં એ મુનિ સમ ક્યાંહિ. ધ્યાતા ૮

---

૩૦–સારાંશ–ધ્યાતા. ધ્યાન અને ધ્યેયનું ત્રિકજ્યાં ખરેખર એકતાને પામેલું છે એવા અનન્ય ચિત્તવાલા મુનિ મહારાજાઓને લેશ માત્ર દુઃખ હોતું નથી. માટે હે ! ભ્રાત ત્યાં તું તારૂ હૃદય લગાડ. ૧

જ્યાં અન્તરાત્મા ધ્યાતા છે, પરમાત્મા ધ્યેય છે. એકાગ્ર સંવિત્તિ તે ધ્યાન છે. અને તેની પ્રાપ્તિ તેજ ઐક્યતા છે. ૨

જેમ આરિસો ધરવાથી સામે રહેલ વસ્તુ તેમાં પ્રતિબિંબિત થાય છે, તેમ ધ્યાન વડે વૃત્તિનો વિનાશ થાવાથી નિર્મલ અન્તરાત્માને વિષે પરમાત્માનું પ્રતિબિંબ પડે છે. ૩

ધ્યાન વડે રત્નત્રયીનું આરાધન થાય છે. અને તેથી તિર્થંકર નામ કર્મનો બંધ થાય છે. પશ્ચાત એ કર્મ ક્રમે કરી ઉદયમાં આવતા તિર્થંકરપદની સંપત્તિ પ્રાપ્ત થાય છે. ૪

એવું ધ્યાનનું ફલ જાણી હે! પ્રાણીઓ તમો વીશ સ્થાનક તપનું ધ્યાન પૂર્વક આસેવન કરો જે તપનું ફલ ફક્ત શરિર શોષણ છે. એવું તપ તો અભવ્યને પણ સુગમ છે. ૫

જેઓ જિતેંદ્રિય છે, ધીરપુરૂષ છે, શાન્ત છે, સ્થિરાત્મન છે. સુખાસને સ્થિત છે તેમજ નેત્રની દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ પર સ્થાપિત કરેલ છે. ૬

વળી ધ્યાનની ધારાવડે બાહ્ય વૃત્તિનો જેમણે નિરોધ કર્યો છે જે અપ્રમત્ત છે અને પ્રસન્ન મુખવાલા છે તેમજ જ્ઞાનામૃતનુંજ આસ્વાદન કરે છે. ૭

તેજ અપ્રતિદ્વંદ્વ સામ્રાજ્યનો આન્તરમાં વિસ્તાર કરી શકે છે. તેવા ધ્યાનવાન મુનિ માહારાજા સમાન આ જગતમાં દેવ અને મનુષ્યોમાં અન્ય કોઈ હોઇ શકે નહીં. ૮

## तपाष्टकम् ॥ ३१ ॥

ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात्तपः
तदाभ्यंतरमेवेष्टं बाह्यं तदुपबृंहकम् ॥ १ ॥
आनुश्रोतसिकी वृत्तिर्बालानां सुखशीलता
प्रातिश्रोतसिकीवृत्तिर्ज्ञानिनां परमं तपः ॥ २ ॥
धनार्थिनां यथा नास्ति शीततापादि दुस्सह
तथा भवविरक्तानां तत्त्वज्ञानार्थिनामपि ॥ ३ ॥

सदुपायप्रवृत्तानामुपेयमधुरत्वतः
ज्ञानिनां नित्यमानंदवृद्धिरेव तपस्विनां ॥ ४ ॥
इत्थं च दुःखरूपत्वात् तपो व्यर्थमितीच्छतां
बौद्धानां निहता बुद्धिर्बौद्धानंदापरीक्षयात् ॥ ५ ॥
यत्रब्रह्म जिनार्चा च कषायाणां तथा हतिः
सानुबंधा जिनाज्ञा च तत्तपः शुद्धमिष्यते ॥ ६ ॥
तदेव हि तपः कार्यं दुर्ध्यानं यत्र नो भवेत्
येन योगान हियन्ते क्षीयन्ते नेंद्रियाणि वा ॥ ७ ॥
मूलोत्तरगुणश्रेणिप्राज्यसाम्राज्य सिद्धये
बाह्यमाभ्यंतरं चेत्थं तपः कुर्याद् महामुनिः ॥ ८ ॥

---

## વિશુદ્ધ તપ રૂપ. પદ ૩૧

### પર્યુષણ પર્વ સ્તવન.

( માતા મારૂ દેવીના નંદ—એ ચાલ )

ભવિ ! પર્યૂષણ આવ્યા આજ, તપ કરવો તે ઉચિત બતાવે;
શ્રી જિન શાસન રાજ.

કર્મ તણું છે જવલન જેહથી, જ્ઞાન એહ તપ કહિયે;
અભ્યંતર તપ વૃદ્ધિ કારણ, બાહ્ય તપ આચરિયે.... ... ભવિ. ૧
લોક પ્રવર્તન રૂપ તપસ્યા, બાલને સુખથી હોવે;
પ્રાતિ શ્રોત સિકિ વૃત્તિરૂપ, તપ તિહાં જ્ઞાની જોવે. ... ભવિ. ૨
દુ:સહ છતાં એ શીત તાપાદિ, ધન અર્થિને ન લાગે;
ભવ વિરકતજ તત્ત્વ જ્ઞાનીને તદ્વત્ દુ:ખ ન જાગે. ... ભવિ. ૩
મધુરતા છે ઉપેય તણી જ્યાં, તેહમાં પ્રવૃત દેખો;
જ્ઞાન વાન તપસ્વી કેરો, આનંદ વૃદ્ધિ પેખો. ... ભવિ. ૪
બૌધો માને દુ:ખ રૂપ તપ, માટે છે વ્યર્થજ જાનો;
આનંદ તણી અવિનાશી બુદ્ધિ, નષ્ટ થઇ છે પિછાનો ... ભવિ. ૫
તે તપ જિનવરે શુદ્ધ કહ્યો છે, જે તપ કરતા થાવે;
બ્રહ્મચર્ય જિન પૂજા સાથે, કષાય હનન નિપજાવે. ... ભવિ. ૬

દુર્ધ્યાન નહિં જે તપ કરતાં, યોગ હિન પણું નાવે,
ઇંદ્રિય તણો વિનાશન જેથી, તે તપ ઇષ્ટ ગણાવે. ... ભવિ. ૭
મૂળ અને ઉત્તર ગુણ શ્રેણી, રૂપ સમૃદ્ધિ સોહાવે;
બાહ્ય અને અભ્યંતર એ વિધ, તપ કરતાં મુનિ પાવે. ... ભવિ. ૮

---

૩૧—સારાંશ—હે ! ભવ્યાત્માઓ પર્યૂષણ આરાધન કરવા માટે તપશ્ચર્યા કરવી તે યોગ્ય છે એમ શ્રીજીનેશ્વર ભગવાન ઉપદેશ કરે છે.

કર્મોનું જેમાં જ્વલન થાય છે. એવું જે જ્ઞાન તેનેજ તપ કહેવામાં આવે છે બાહ્યતપનું કરવું તે અભ્યંતર તપની વૃદ્ધિનું કારણ છે. ૧

લોક પ્રવૃત્તિ રૂપ તપશ્ચર્યા તો બાલજીવોને સુખે સુખે થાય તેવી છે પરંતુ તેથી પ્રતિશ્રોત—લોકોત્તર તપશ્ચર્યા તો ફક્ત જ્ઞાન વાન હોય તેજ કરી શકે છે. ૨

શીત તાપાદિના પરિસહ દુઃખે સહન કરવા યોગ્ય છે છતાં તે ધનના અર્થિ જનોને જેમ દુઃસહ નથી તેમ ભવ વિરક્ત એવા તત્ત્વજ્ઞાનીઓને શીતતાપાદિ દુઃસહ નથી. ૩

જેમાં ઉપેયની મધુરતા છે એવી ક્રિયામાં પ્રવૃત્તિ કરનાર જ્ઞાનવાન તપસ્વીના આનંદની વૃદ્ધિ હે ! પ્રાણી તમે તપાસો. ૪

બૌદ્ધ માતાનુયાયી તપને દુઃખ રૂપ માને છે એ માન્યતા ખરેખર ખોટી છે અને તે ઉપરથી સાબીત થાય કે તેઓની આનંદ મેળવવાની અવિનાશી બુદ્ધિ નષ્ટ થયેલી છે. ૫

તેજ તપ શ્રી વિતરાગ ભગવાને શુદ્ધ કહ્યો છે કે જે તપ કરતા બ્રહ્મચર્ય અને જિનેશ્વર ભગવાનની પૂજાની પ્રાપ્તિ થાય તેમજ કષાયનો નાશ થાય. ૬

વળી તેજ તપ ઇષ્ટ મનાએલ છે કે જેના વડે દુર્ધ્યાન ન થાય. મન વચન અને કાયાના યોગનું હિનપણું ન થાય તેમજ ઇંદ્રિયોનો વિનાશ ન થાય અર્થાત્ શરિરના દરેક અવયવો પોતપોતાના કાર્યોમાં તપશ્ચર્યાને અનુકુળ રીતે પ્રવર્તન કરે. ૭

એ પ્રમાણે બાહ્ય અને અભ્યંતર તપશ્ચર્યા કરતા થકા મુનિ મહાત્માઓ મુળ અને ઊત્તર ગુણની શ્રેણી રૂપ સમૃદ્ધિને મેળવે છે.૮

## सर्वनयाश्रयाष्टकम् ॥ ३२ ॥

धावन्तोऽपि नयाः सर्वे स्युर्भावे कृतविश्रमाः
चारित्रगुणलीनः स्यादिति सर्वनयाश्रितः ॥ १ ॥
पृथङ्‌ नयामिथः पक्षप्रतिपक्षकदर्थिताः
समवृत्तिसुखास्वादी ज्ञानी सर्वनयाश्रितः ॥ २ ॥
नाप्रमाणं प्रमाणं वा सर्वमप्यविशेषितं
विशेषितं प्रमाणं स्यादिति सर्वनयज्ञता ॥ ३ ॥
लोके सर्वनयज्ञानां ताटस्थ्यं वाप्यनुग्रहः
स्यात्पृथङ्नयमूढानां स्मयार्त्तिर्वातिविग्रहः ॥ ४ ॥
श्रेयः सर्वनयज्ञानां विपुलं धर्मवादतः
शुष्कवादाद्विवादाच्च परेषां तु विपर्ययः ॥ ५ ॥
प्रकाशितं जनानां यैर्मतं सर्वनयाश्रितम्
चित्ते परिणतं चेदं येषां तेभ्यो नमोनमः ॥ ६ ॥
निश्चये व्यवहारे च त्यक्त्वा ज्ञाने च कर्मणि
एकपाक्षिकविश्लेषमारूढाः शुद्धभूमिकां ॥ ७ ॥
अमूढलक्ष्याः सर्वत्र पक्षपातविवर्जिताः
जयन्ति परमानंदमयाः सर्वनयाश्रयाः ॥ ८ ॥

---

### સર્વ નયાશ્રય. સ્વરૂપ. પદ ૩૨

( રૂષભ જિનેશ્વર પ્રિતમ માહરારે—એ ચાલ )

દોડતા એહવા સર્વ નયો કરેરે, સ્વભાવ વિષે વિશ્રામ;
ચારિત્ર ગુણ ધારક તે કારણેરે, સર્વ નયા શ્રિત ધામ. ... દોડતા ૧
પક્ષ અને પ્રતિપક્ષે પરસ્પરેરે, એકેક કદર્થિત માન;
સમવૃત્તિ સર્વે નયાશ્રિત મુનિરે, સુખ આસ્વાદિત જાન. ... દોડતા ૨

અવિવક્ષિત સહુ ભાવ પ્રમાણવારે, અ પ્રમાણ નહિં હોય;
પણ જેવિવક્ષિત તેહ પ્રમાણ છે રે, બોધક સહુ નય સોય ... દોડતા. ૩
જ્ઞાપક સર્વ નયે હોય તેહનું રે, તટસ્થ પણું હિતકાર;
પૃથક્ નયે કરી મૂઢ બનેલનેરે, વિગ્રહ પ્રાપ્તિ તું ધાર. ... દોડતા. ૪
ધર્મવાદ થકી સર્વ નયજ્ઞનુંરે, શ્રેષ્ઠ કલ્યાણજ થાય;
એક નયાશ્રિત શુષ્ક વિવાદથીરે, પામે વિપર્યય ત્યાંય. ... દોડતા. ૫
સર્વ નયાશ્રિત જન હિત કારણે રે, ધર્મ પ્રકાશક જેહ;
તેમજ જેહને એ પરિણત થયો રે, તેહને વંદન મેહ. ... દોડતા. ૬
નિશ્ચયમાં તેમજ વ્યવહારમાં રે, જ્ઞાન ક્રિયામાં પુષ્ટ;
એક પક્ષ વિશ્લેષ તજી થયાં રે, સર્વ નયાશ્રિત રૂષ્ટ. ... દોડતા. ૭
શુદ્ધ ભૂમિકા આરોહિત જેહ છે રે, વ્યામોહ રહિત છે લક્ષ;
પક્ષપાત થકી જેહ રહિત છે રે, પરમ આનંદી એ દક્ષ.... દોડતા. ૮

---

૩૨-સારાંશ—દોડતા એવા સર્વે નયો–નયના માર્ગો પોત પોતાના સ્વભાવને વિષે વિશ્રાન્તિ કરનારા છે. ચારિત્ર ગુણધારક મુનિ તે સર્વે નયોના આશ્રયસ્થાન છે. ૧

પક્ષ અને પ્રતિપક્ષ વડે પરસ્પર કદર્થના કરનાર હોવા છતાં સર્વ નયાશ્રિત મુનિ તે સર્વે નયોમાં સમ વૃત્તિ વડે સુખનું આસ્વાદન કરે છે. ૨

અવિવક્ષિત સર્વ ભાવ પ્રમાણ નથી તેમ અપ્રમાણ પણ નથી પરંતુ સર્વનય બોધક વિવક્ષિત ભાવ છે તેજ પ્રમાણભૂત છે. ૩

સર્વે નયોને જાણનારનું તટસ્થપણું હિતકારક છે, પરંતુ એક નયવાદના ગ્રહણથી મૂઢ બનેલાને વિગ્રહની પ્રાપ્તિ સહેજે થાય છે. ૪

સર્વે નયોને જાણનારનો ધર્મવાદ શ્રેષ્ઠ કલ્યાણને કરનારો થાય છે પરંતુ એક નયાશ્રિતનો શુષ્ક વિવાદ વિપર્યય ભાવને પામે છે. ૫

જનહિતના માટે સર્વે નયાશ્રિત ધર્મના જે પ્રકાશક છે અને જેમને એ ભાવ પરિણત થયેલો છે તેવા નયાશ્રિત મુનિઓને મારી વંદના છે. ૬

નિશ્ચયમાં તેમજ વ્યવહારમાં જ્ઞાનમાં તેમજ ક્રિયામાં જેઓ

પુષ્ટ છે વળી એક પક્ષ વિશ્લેષ તજીને સર્વ નયના આશ્રય વડે રૂષ્ટ થયેલા છે, તેમજ શુદ્ધ ભૂમિકા ઉપર આરૂઢ છે. અને જેમનું લક્ષ વ્યામોહ રહિત છે, તેમ જે પક્ષપાતી નથી તેવા બુદ્ધિમાન પુરૂષો પરમ આનંદી થાય છે.

## द्वात्रिंशपदसूचक नामावळी.

पूर्णो मग्नःस्थिरोऽमोहो ज्ञानी शान्तो जितेंद्रियः
त्यागी क्रियापरस्तृप्तो निर्लेपो निःस्पृहो मुनिः ॥ १ ॥
विद्याविवेकसंपन्नो मध्यस्थो भयवर्जितः
अनात्मशंसकस्तत्त्वदृष्टिःसर्वसमृद्धिमान् ॥ २ ॥
ध्याता कर्मविपाकानामुद्विग्नो भववारिधेः
लोकसंज्ञाविनिर्मुक्तः शास्त्रदृग् निःपरिग्रहः ॥ ३ ॥
शुद्धानुभववान् योगी नियागप्रतिपत्तिमान्
भावार्चाध्यानतपसां भूमिः सर्व नयाश्रयः ॥ ४ ॥
स्पष्टं निष्टंकितं तत्त्वमष्टकैःप्रतिपत्तिमान्
मुनिर्महोदयज्ञानसारं समधिगच्छति ॥ ५ ॥

### મુનિ ગુણરૂપ બત્રિશ પદ નામસૂચક. પદ ૩૩.

( ગઝલ-સોરઠી. )

નિજ દષ્ટિ [1] પૂર્ણ સ્વભાવમાં, સ્થાપી અરે જેણે યદા;
છે [2] મગ્ન પૂર્ણાનંદના ગુણ-ગાનમાં તે તો સદા. ... ... ૧
જે [3] સ્થિર ચિત્ત અને તજ્યો છે, [4] મોહ ને નિજ ભાવથી;
છે [5] જ્ઞાન માંહિ ગરિષ્ઠ સાથે, શાન્ત છે [6] સમ ભાવથી. ... ૨
કરી [7] ઇંદ્રિયો પર વિજય સાથે, [8] ત્યાગી સર્વ વિભાવથી;
[9] ક્રિયા કરવા તત્પર એહ જાનું, [10] તૃપ્ત આત્મિક ભાવથી. ૩
જે પાપ [11] લેપરહિત છે, છે [12] નિરભિલાષી એ સદા;
છે [13] મૌન વૃત્તિ સાથે [14] વિદ્યા-યુક્ત [15] વિવેકી તદા. ... ૪

¹⁶મધ્યસ્થને ઇહ લોકના, ¹⁷ભય રહિત જાણું એહને;
¹⁸નિજગુણ નીજ પ્રશંસના, કરતા નથી દઇ છેહને. ... ૫
છે ¹⁹તત્ત્વદૃષ્ટિને સદા, ²⁰સમૃદ્ધિવાન જ જાણજો;
ચિંતન ²¹કર્મ વિપાકનું, ²²ઉદ્વિગ્ન ભવથી માનજો. ... ૬
તજી ²³લોકસંજ્ઞા ²⁴શાસ્ત્રદૃષ્ટિ, ધર ²⁵અકિંચન ભાવ એ;
વિશુદ્ધ ²⁶અનુભવ જ્ઞાન સાથે, ²⁷યોગવાન સ્વભાવ એ. ૭
²⁸નિયાગ વાન છે ²⁹ભાવપૂજા, ³⁰ધ્યાન ³¹તપનું સ્થાન એ;
³²સર્વે નયાશય આશ્રયક એ, હૃદય દ્રાવક વાન એ. ... ૮
પૂર્વોક્ત બત્રિશ પદ તણા એ, સ્પષ્ટ તત્ત્વ સ્વીકારથી;
પરમાર્થ રૂપ છે મોક્ષ સાધક, નમો મુનિ ઉદારથી ... ... ૯

૩૩ સારાંશ—જેણે પોતાની દૃષ્ટિ સ્વભાવમાં સ્થાપન કરેલ છે. અને પૂર્ણાનંદના ગુણગાનમાં નિરંતર મગ્ન છે. ૧

ચિત્તની સ્થિરતાવાન છે અને પોતાના હૃદયથી મોહનો જેણે ત્યાગ કર્યો છે વળી જે જ્ઞાનગરિષ્ઠ છે. તેમજ સમભાવ વડે શાન્ત થયેલા છે. ૨

ઇંદ્રિયોપર જેમણે વિજય મેળવ્યો છે તેમજ સર્વ વિભાવના જે ત્યાગી છે. વળી ક્રિયા કરવામાં તત્પર છે અને આત્મિકભાવથી જ જેઓ તૃપ્ત છે. વળી જેઓ પાપના લેપથી રહિત છે અને નિરંતર નિરભિલાષી છે મૌનવ્રત ધારક છે. વિદ્યા યુક્ત છે અને વિવેકવાન છે. તેમજ મધ્યસ્થ છે. ઈહિલોકના ભયથી રહિત છે અને આત્મગુણને છેદ કરી સ્વગુણની પ્રસંશા જેઓ કરતા નથી. ૩-૪-૫

વળી જે તત્ત્વદૃષ્ટિવાન છે આત્મિક સમૃદ્ધિવાળા છે. કર્મવિપાકનું ચિન્તવન કર્યા કરે છે અને ભવથી ઉદ્વિગ્ન છે. ૬

તેમજ જેણે લોક સંજ્ઞા તજી દીધી છે. શાસ્ત્રમય દૃષ્ટિવાળા છે અકિંચન છે. વિશુદ્ધ અનુભવ જ્ઞાનને મેળવે છે અને સ્વભાવે યોગવાન છે. ૭

વળી નિયાગવાન છે—ભાવપૂજામાં લયલીન છે ધ્યાન અને તપનું

જે સ્થાન છે તેમજ સર્વે નયોના આશયના આશ્રયવડે જેનું હૃદય દ્રવીભૂત થયેલ છે. ૮

એ રીતે પૂર્વે વર્ણવેલા બત્રીશ પદોનાં તત્ત્વોનો સ્પષ્ટ રીતે સ્વીકાર કરવાથી પરમાર્થે જે મોક્ષ તેના સાધક હોવાથી હે! ભવ્ય તમો તે મહાત્માઓને ઉદાર ભાવથી નમસ્કાર કરો. ૯

## उपसंहार.

निर्विकारं निराबाधं ज्ञानसारमुपेयुषां
विनिवृत्तपराशानां मोक्षोऽत्रैव महात्मनां ॥ ६ ॥
चित्तमार्द्रीकृतं ज्ञानसारसारस्वतोर्मिभिः
नाप्नोति तीव्रमोहाग्निप्लोषशोषकदर्थना ॥ ७ ॥
अचिंत्या कापि साधूनां ज्ञानसारगरिष्ठता ॥
गतिर्ययोर्ध्वमेव स्यादधःपातः कदापि न ॥ ८ ॥
क्लेशक्षयो हि मंडूकचूर्णतुल्यः क्रियाकृतः
दग्धतच्चूर्णसदृशो ज्ञानसारकृतः पुनः ॥ ९ ॥
ज्ञानपूतां परेऽप्याहुः क्रियां हेमघटोपमां
युक्तं तदपि तद्भावं न यद्भग्नापि सोज्झति ॥ १० ॥
क्रियाशून्यं च यद्ज्ञानं ज्ञानशून्या च यत्क्रिया
अनयोरंतरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥ ११ ॥

## ઉપસંહાર

( હરિગીત. )

નિર્દોષ સાથ વિરોધ નહિં છે વસ્તુ ધર્મ વિષે કદા,
પૌદ્‌ગલિક ભોગ તણીજ ઇચ્છા નષ્ટ પામી છે સદા;
એ જ્ઞાનસાર તણીજ પ્રાપ્તિ જેહના ઘટમાં હશે.
છે મોક્ષ અત્રજ એહનો નમું તે મુનિવર જ્યાં વસે. ૧

છે જ્ઞાન એહ રહસ્ય જેનું ઉર્મિ વાણી વિલાસની,
તેથી થયેલ છે સ્નિગ્ધ ચિત્ત જુઓ ખરે ધી એહની
ભય મોહ રૂપજ અગ્નિ કેરો દાહતો નહિં લાગશે,
છે મોક્ષ અત્રજ એહનો નમું તે મુનિવર જ્યાં વસે. ૨
ચમકાવતી મુનિરાજની એ જ્ઞાન જનિત ગરિષ્ઠતા,
સાથે વળી એ છે અચિંત્યજ માનજો પ્રમુદિત થતા;
વિહાર ઉચ્ચ પ્રદેશમાં નહિ અધઃપાત કદિ થશે.
છે મોક્ષ અત્રજ એહનો નમું તે મુનિવર જ્યાં વસે. ૩
મડુંક ચુર્ણ વત્ કલેષ ક્ષય છે ક્રિયા માત્રથી જાણજો,
છે દગ્ધ ચુર્ણ સમ જ્ઞાન સહએ કલેષ નષ્ટ પિછાનજો;
ઉદ્ભવ નહિં જ્યાં કલેષનો તે જ્ઞાન ઇષ્ટ વિરાજશે,
છે મોક્ષ અત્રજ એહનો નમું તે મુનિવર જ્યાં વસે. ૪
સુવર્ણના ઘટની અરે ઉપમા તે જ્ઞાન ક્રિયા કહી,
ઘટ ભાંજતા પણ મૂલ્ય એહ સુવર્ણનુંજ જશે નહીં
કર્મોદયે કદિ પતિત થાતા ભાવ તેનો નહિં જશે,
છે મોક્ષ અત્રજ એહનો નમું તે મુનિવર જ્યાં વસે. ૫
જ્ઞાન હિન ક્રિયા અને છે ક્રિયા રહિતજ જ્ઞાનમાં,
અન્તર અરે ખદ્યોતને ભાનુ સમાનજ તેહમાં;
ચમકાર એહ તણો ખરે જે દૃષ્ટિથી અવલોકશે,
છે મોક્ષ અત્રજ એહનો નમું તે મુનિવર જ્યાં વસે. ૬

ઉપસંહાર-સારાંશ—જેઓ દોષ રહિત છે અને વસ્તુના ધર્મમાં જેમને વિરોધતા નથી. વળી જેમની પૌદ્ગલિક ભોગ તૃષ્ણા નષ્ટ થયેલ છે અને જેના ઘટમાં " જ્ઞાનસાર " પ્રાપ્ત થયેલ છે એવા મુનિમહંતોનો મોક્ષ અત્રેજ છે તેઓ જ્યાં વસતા હોય તેમને મારી વંદના છે. ૧

વાણી વિલાસમાં જ્ઞાનના જ રહસ્યની ઉર્મિયોના ઉછાળા વડે જેમનું ચિત્ત સ્નિગ્ધ થયેલ છે તેની બુદ્ધિ તે ખરેખર બુદ્ધિ જાણવી વળી ભય અને મોહ રૂપ અગ્નિનો દાહ જેમને લાગતો નથી. એવા મુનિ મહંતોનો મોક્ષ અત્રેજ છે. ૨

એવા મુનિ મહંતોની જ્ઞાન જનિત ગરિષ્ઠતા ચમત્કારિક છે અને તે અચિંત્ય પણ છે એમ સહર્ષ હે ! ભવ્યજનો તમો માન જો વળી જેમનો વિહાર નિરંતર ઉચ્ચસ્થાન પ્રતિ છે પરંતુ અધઃપાતતો તેમનો થાતોજ નથી એવા મુનિ મહંતોનો મોક્ષ અત્રેજ છે. ૩

ક્રિયા માત્રથી કલેષનો ક્ષય ફકત મંડુક ચુર્ણ સમાન છે પરંતુ જ્ઞાન વડે થયેલ કલેશ ક્ષય દગ્ધ-બળી ગયેલા ચુર્ણ તુલ્ય છે જેથી કલેશનો ઉદ્ભવ થાતોજ નથી માટે જ્ઞાનનીજ મનોહરતા ઇષ્ટ છે એમ જાણનાર મુનિ મહંતોનો મોક્ષ અત્રેજ છે. ૪

જ્ઞાન યુકત ક્રિયાને સુવર્ણના ઘટની ઉપમા આપવામાં આવેલ છે કોઇક કારણ વશાત્ ઘટ ભાંગી જાય તો પણ તે સુવર્ણનું મૂલ્ય-કિંમત તો જાતીજ નથી તેમ કર્મોદયથી કદાચ જ્ઞાનવાન પતિત થાય તો પણ તેનો મૂળભાવ નષ્ટ પામતો નથી એવા મુનિ મહંતોનો મોક્ષ અત્રેજ છે. ૫

જ્ઞાન રહિત ક્રિયા અને ક્રિયા રહિત જ્ઞાનમાં ખદ્યોત અને સૂર્ય સમાન અન્તર છે; તેનો ચમત્કાર જે જ્ઞાની મહારાજાઓ પોતાની જ્ઞાન દ્રષ્ટિથી અવલોકશે તેવા મુનિ મહંતોનો મોક્ષ અત્રેજ છે. ૬

---

## सार.

**चारित्रं विरतिः पूर्णा ज्ञानस्योत्कर्ष एव हि ।**
**ज्ञानाद्वैतनये दृष्टिर्देया तद्योग सिद्धये ॥ १२ ॥**

---

### ॥ સાર ॥

ચારિત્ર એહિજ જ્ઞાનના ઉત્કર્ષ બળથી કેળવી,
સંપૂર્ણ સકલ વિભાવની નિવૃત્તિ તેહમાં મેળવી;
રે ! મોક્ષ પ્રાપ્તિ કારણે ચારિત્ર રૂપ એ ધર્મને,
અભિન્ન ભાવે ગ્રહણ કરજો નમન તે મુનિ મર્મને. ૧

---

**સાર-ભાવાર્થ—સંપૂર્ણ રીતે સકલ વિભાવની નિવૃત્તિને**

મેળવી એ પૂર્વોક્ત કથિત ચારિત્ર ધર્મને જ્ઞાનના ઉત્કૃષ્ટ બળથી કેળવો એને તે મોક્ષ પ્રાપ્તિનું કારણ છે માટે તે ચારિત્ર રૂપ ધર્મને અભિન્ન ભાવે ગ્રહણ કરો; આ મુનિ માહારાજાઓનો ધર્મ છે; એમ જાણી તેને હું નમસ્કાર કરૂં છું. ! ! !

---

## प्रशस्ति.

सिद्धिं सिद्धपुरे पुरंदरपुरस्पर्धावहे लब्धवां,
श्चिद्दीपोऽयमुदारसारमहसा दीपोत्सवे पर्वणि:
एतद् भावनभावपावनमनश्चंचच्चमत्कारिणां,
तैस्तैर्दीप्तशतैः सुनिश्चयमतैर्नित्योऽस्तु दीपोत्सवः ॥१३॥
केषांचिद्विषयज्वरातुरमहो चित्तं परेषां विषा
वेगोदर्ककुतर्कमूर्छितमथान्येषां कुवैराग्यतः
लग्नालर्कमबोधकूपपतितं चास्ते परेषामपि
स्तोकानां तु विकारभाररहितं तद्ज्ञानसाराश्रितं ॥१४॥
जातोद्रेकविवेकतोरणततो धावल्यमातन्वते
हृद्गेहे समयोचितः प्रसरति स्फीतश्च गीतध्वनिः
पूर्णानंदघनस्य किं सहजया तद्भाग्यभंग्या भवन्
नैतद् ग्रंथमिषात् करग्रहश्चित्रं चरित्रश्रियः ॥१५॥
भावस्तोमपवित्रगोमयरसैर्लिप्तैव भूः सर्वतः
संसिक्ता समतोदकैरथ पथि न्यस्ता विवेकस्रजः
अध्यात्मामृतपूर्णकामकलशश्चक्रेऽत्र शास्त्रेपुरः
पूर्णानंदघने पुरं प्रविशति स्वीयं कृतं मंगलं ॥१६॥
गच्छे श्री विजयादिदेवसुगुरोः स्वच्छे गुणानां गणैः
प्रौढिं प्रौढिमधाम्नि जीतविजयप्राज्ञाः परामैयरुः
तत्सातीर्थ्यभृतां नयादिविजयप्राज्ञोत्तमानां शिशोः
श्रीमन् न्यायविशारदस्य कृतिनामेषाकृतिः प्रीतये ॥

# પ્રશસ્તિ.

( સોયણી—ગઝલ. )

સુરેંદ્રની અમરાવતી સમ સિદ્ધપુર નગર વિષે,
દીપોત્સવી દિન પૂર્ણતા આ ગ્રંથની જેમાં દિસે;
પૂર્વોક્ત ભાવ થકી પવિત્ર અને મનોહર મન મહિં,
આશ્ચર્ય યુકત અપૂર્વ નિશ્ચય પ્રાપ્ત નયમત છે તહિં.
દીપોત્સવીના કારણે શ્રેણી દીપકની દીપતી,
અવિનાશી દીપોત્સવી થશે અન્તર વિષે એ ગુણવતી;
આશ્ચર્ય છે આ " જ્ઞાનસાર " છતાં કથા અજ્ઞાતની,
દેખો કહું તે આ સમે ઘટમાં વિચારો રે મુનિ.
વ્યાકુળ છે મન વિષય જ્વરમાં કોઇનું ત્યાં દેખીએ,
હણનાર જીવન ધર્મને કુતર્ક કર ત્યાં પેખીએ;
લાગ્યો હડકવા જેમ કુવૈરાગ્યમાં ચિત્ત ત્યાં ભમે,
છે માત્ર અલ્પતણું ખરે ચિત્ત જ્ઞાનસાર વિષે રમે.
જ્યાં પૂર્ણાનંદ ઘન આત્મના આ હૃદય સમગૃહના વિષે,
વિવેક રૂપી તોરણોની શ્રેણી ઉજ્વલ ત્યાં દિસે;
અવસર ઉચિત આ ગીત ગાનની વૃદ્ધિ જ્યાં વરતાય છે,
આ ગ્રંથ રચનાના મિષે ઉત્સવ અતિશય થાય છે.
ભાગ્ય રચનાએ કરી વિવાહ મહોત્સવ આ સમે,
ચારિત્ર લક્ષ્મીનો બન્યો ભવિ જાણજો હેતે તમે.
સમતા રૂપી જળનો કરી છંટકાવ ચાર દિશા વિષે,
ભૂમિ લિંપેલી ભાવના રૂપ ગોમયેથી ત્યાં દિસે;
વિવેક રૂપી પુષ્પની માળા અતિશય ઝૂલતી,
આત્મિય ભાવ સમાન મંગળ કળશ શ્રેણી દીપતી.
દ્વાત્રિંશ અધિકારે રચિત છે નગર ઉદ્યમવંત આ,
આવે સહર્ષ પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ આતમરામ ત્યાં;
જ્ઞાનાદિ ગુણ સમૂહની વૃદ્ધિ અતિ જે ગૃહ વિષે,
વિજયાદિ દેવ સૂરિતણો ગચ્છ સૂર્ય સમ સુંદર દિસે.
એ દેવસૂરિય તપગચ્છ વિષે શ્રી જિતવિજય ગુરૂ,
તસભ્રાત પંડિત પ્રવર શ્રી નયવિજય જેના છે ગુરૂ;

તસ શિષ્ય ન્યાય વિશારદે પ્રીતિ થવા પંડિત ખરી,
આ ' જ્ઞાનસાર ' તણી કરી કૃતિ આત્મ ઉજ્વળતા ધરી.

---

**પ્રશસ્તી સારાંશ**—સુરેંદ્રની અમરાવતી સમાન સિદ્ધપુર નગરના વિષે દિપોત્સવીના મનોહર દીવસે આ જ્ઞાન સાર ગ્રંથની પૂર્ણતા થયેલ છે.

પૂર્વોક્ત ભાવથી પવિત્ર અને મનોહર, મનમાં આશ્ચર્ય યુક્ત અપૂર્વ નય સ્વરૂપની પ્રાપ્તિ થતાં દિપોત્સવીના કારણથી દીપકની શ્રેણી જેમ બહારની શોભા આપે છે તેમ અન્તરને વિષે અવિનાશી ગુણવાલી દીપોત્સવી પ્રગટ થશે.

આશ્ચર્યની વાત છે કે આ જ્ઞાન સાર જેવો ગ્રંથ વિદ્યમાન છતાં કેટલાક અજ્ઞાન જીવોની. બીના કહું તેનો હે ! મુનિશ્વરો તમે હૃદયમાં વિચાર કરો.

કેટલાકનું ચિત્તતો વિષયરૂપ જ્વરથી વ્યાકૂલ રહ્યા કરે છે તેમજ કેટલાક તો કુતર્કો કરી કરીને પોતાના આત્મધર્મ અને જીવનને હણીનાંખે છે.

વળી કેમ જાણે હડકવા લાગ્યો હોય નહિં તેમ કેટલાક મુગ્ધ પ્રાણીઓના ચિત્ત તો કુવૈરાગ્યમાંજ ભમ્યા કરે છે ત્યારે ફક્ત ઘણુંજ અલ્પ ભવ્ય પ્રાણીઓનું ચિત્ત આ જ્ઞાનસાર માંજ રમણ કરે છે.

પૂર્ણાનંદ ઘન આત્માના હૃદય રૂપ ગૃહના વિષે ઉજ્વલ એવી વિવેક રૂપ તોરણોનીશ્રેણી દૃષ્ટિગોચર થાય છે.

વલી અવસરને ઉચિત એવા ગીત અને વાજિંત્રની વૃદ્ધિ પણ જ્યાં સંભલાય છે તેથી કેમ જાણે ગ્રંથ રચનાના કારણે આ મહોત્સવની શરૂ આત થયેલી હોયની શું !

ઉપરોક્ત કારણથીજ જાણે ભવ્ય રચના એ કરી યુક્ત એવો ચારિત્ર અને ( જ્ઞાન ) લક્ષ્મીનો વિવાહ મહોત્સવ ન બન્યો છે એમ હે ! ભવ્ય જનો તમે સમજો.

ચારે દિશામાં સમતા રૂપી જલ પ્રવાહનો છંટકાવ થઇ રહ્યો છે તેમજ પવિત્ર ભાવના રૂપ ગોમયથી ભૂમિકા જ્યાં લિંપાએલી છે.

તેમજ પુષ્પોની મનોહર માલાઓ જ્યાં ઝુલી રહેલી છે અને આત્મિક ભાવ રૂપ મંગલ કલશોની શ્રેણી જ્યાં શોભા આપી રહેલ છે.

એવા બત્રિશ અધિકારે ( વિષયે ) રચિત અપ્રમાદ નગરના વિષે પૂર્ણ બ્રહ્મસ્વરૂપ આત્મારામ–પરમાત્માનું જ્યાં સહર્ષ આગમન થયેલ છે.

જ્ઞાનાદિ ગુણના સમુહની અતિશય વૃદ્ધિ જે ગ્રહ ( ગચ્છ ) ના વિષે થયેલી છે એવો વિજયાદિદેવસૂરિનો ગચ્છ સૂર્ય સમાન મનોહર શોભે છે.

એ દેવસૂરિય તપગચ્છના વિષે શ્રીમાન્ જિતવિજયજી ગુરૂ થયાં તેમનાં ગુરૂભાઇ પંડિત પ્રવર શ્રીમાન્ નયવિજયજી થયેલા છે તે જેમના ગુરૂ છે.

તે શ્રીમાન્ નયવિજયજી મહારાજના શિષ્ય ન્યાય વિશારદ ઉપાધ્યાયજી શ્રીમાન્ યશોવિજયજી એ આ **જ્ઞાનસાર** ગ્રંથની રચના આત્મિક ઉજ્વલતા ધારણ કરી પંડિતજનોને સાદર થવાના માટે પૂર્ણ કરેલ છે.

ॐ शान्तिः शान्तिः शान्तिः



શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

જૈન કોમમાં અતિ ફેલાવા સાથે પ્રખ્યાતિ પામેલું આ માસિક આ સભા તરફથી સત્તર વર્ષ થયા પ્રતિમાસે પ્રગટ કરવામાં આવે છે. તેમાં આવતા ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક સંબંધી ઉત્તમ લેખોથી આપણી કોમમાં નીકળતા માસિકોમાં તે પ્રથમ પંક્તિ ધરાવે છે. દર વર્ષે તેના ગ્રાહકોને વાંચનનો બહોળો લાભ આપવા સાથે વર્ષ પૂર્ણ થતાં પહેલાં નવીન દ્રવ્યાનુયોગ વગેરેના વિષયથી ભરપૂર એક ઉત્તમ ગ્રંથ સુંદર બાઇન્ડીંગથી અલંકૃત કરી દર વર્ષે ભેટ આપવામાં આવે છે. એકજ પદ્ધતિએ આવી ભેટનો લાભ આ માસિકજ આપે છે. હાલમાં તેનું ચૌદમું વર્ષ ચાલે છે. ગુરૂભક્તિ, નિમિત્તે નીકળતા આ માસિકની લઘુ વય છતાં ગ્રાહકોની બહોળી સંખ્યા તેજ તેની ઉત્તમતાનો પુરાવો છે. તેનું કદ હાલમાં મોટું કરવામાં આવ્યું છે. છતાં વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૦-૦ પોસ્ટેજ ચાર આના રાખવામાં આવેલ છે. તેના પ્રમાણમાં લાભ વિશેષ છે. નફો જ્ઞાન ખાતામાં વપરાય છે. જેથી દરેક જૈન બંધુઓએ તેના ગ્રાહક થઇ અવશ્ય લાભ લેવા ચુકવું નહિં.

# શુદ્ધિપત્ર.

| પેજ. | લીંટી. | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| ૬ | ૨૨ | निधि | निधिं |
| ૧૧ | ૨૩ | ઉપમારહિત | તીક્ષ્ણ–પ્રબળ |
| ૧૨ | ૧૭ | મોટા | અમારા |
| ૧૩ | ૨૧ | જોરમે | જો રમે |
| ૧૪ | ૯ | અગોચર–ઇંદ્રિયના વિષયની બહારની જે જે વસ્તુઓ છે તેના માટે | નકામા વાદ |
| ૧૪ | ૨૫ | નંદન વન તેમાં | નંદનવન તેમાં નિર્ભય થઈ ઇન્દ્રની પેરે |
| ૧૭ | ૧૫ | किलंद्रियैः | किलेन्द्रियैः |
| ૨૦ | ૨ | त्यक्तवा | त्यक्त्वा |
| ૨૨ | ૩ | શાધક | સાધક |
| ૨૨ | ૨૦ | ऽनुष्टान | ऽनुष्ठान |
| ૨૪ | ૨ | ભાવની પ્રાપ્તિ | ભાવની પુનઃ પ્રાપ્તિ |
| ૨૪ | ૫ | એક સ્થાને | એકજ સર્વોત્કૃષ્ટ |
| ૨૪ | ૭ | આનંદની અભેદ ભૂમિ જ્ઞાન અનેક્રિયાથી પૂર્ણ અમૃત સમાન છે | આનંદથી પૂર્ણ જ્ઞાન અને ક્રિયાની અભેદ ભૂમિ છે |
| ૨૪ | ૧૧ | तृप्ति | तृप्तिं |
| ૨૪ | ૧૯ | परतृासिमारोपप्तो | परतृप्तिसमारोपो |
| ૩૫ | ૧૦ | शुची | शुचि |
| ૩૭ | ૧૦ | બુદ્ધિ જાણવી | બુદ્ધિની જાણવી. |
| ૩૭ | ૧૨ | અશુચિમાંજ | અશુચિમાંથીજ |

| | | | |
|---|---|---|---|
| ४० | २१ | वल्न्येक | वन्त्येक |
| ४२ | १७ | તમામ | મધ્યસ્થ દૃષ્ટિથી તમામ |
| ४२ | २३ | भस्मनां | भस्मना |
| ४२ | २४ | भयोज्झितं | भयोज्झितं |
| ४५ | ९ | पूर्णोऽसिं | पूर्णोऽसि |
| ४५ | ५ | समवाप्ससि | समवाप्स्यसि |
| ४७ | १८ | बहिदशः | बहिर्दृशः |
| ४७ | १९ | दृशस्तुन | दृशस्तुनः |
| ४७ | २३ | पीयुष | पीयूष |
| ४९ | १७ | मृंद्रितेषु | मुद्रितेषु |
| ५० | १ | कैलास | कैलासे |
| ५० | ३ | नरश | नरक |
| ५० | ५ | ब्राह्या | बाह्या |
| ५० | ६ | स्तोऽधिका | स्ततोऽधिका |
| ५२ | ७ | धर्म | धर्मं |
| ५४ | १३ | चित्तस्या | चित्तस्स्या |
| ५४ | १५ | यत्न | यन्न |
| ५६ | २४ | शात्विक | सात्विक |
| ५९ | १ | स्तिर्कग् | स्तिर्यग् |
| ६१ | २ | परिग्रह: | परिग्रह: |
| ६१ | २ | ग्रह | ग्रहः |
| ६२ | ३ | ग्रंथ | ग्रंथ |
| ६२ | १० | धर्मों | धर्मो |
| ६४ | १० | प्रायत्ये | प्रापयत्ये |
| ६९ | ५ | यज्ञेः | यज्ञैः |

| | | | |
|---|---|---|---|
| ૬૯ | ૧૦ | त्तयात्तम | त्तयात्तमं |
| ૭૩ | ૨૧ | મહાન કર્મનો ઉદય થાય છે. | અચલ મહોદય મોક્ષ-રૂપી અક્ષય સંપદા પ્રાપ્ત થાય છે. |
| ૭૫ | ૨૦ | બાહ્ય | બાહ્ય |
| ૭૬ | ૧૦ | શરિર | શરીર |
| ૭૬ | ૧૧ | છે | કાયાકષ્ટ રૂપ છે |
| ૭૬ | ૧૨ | સ્થિરાત્મન | સ્થિરાત્મન્ |
| ૭૬ | ૨૬ | दुस्सह | दुस्सहं |
| ૭૬ | ૨૭ | ज्ञानाथि | ज्ञानार्थि |
| ૭૭ | ૪ | नंदापरीत्तयात् | नंदपरित्तयात् |
| ૭૭ | ૮ | योगान | योगा न |
| ૭૭ | ૧૦ | कुर्याद् महामुनिः | कुर्यान्महामुनिः |
| ૭૮ | ૨૭ | અનુકુળ રીતે | અસ્ખલિતપણે |
| ૮૧ | ૮ | वजितः | वर्जितः |
| ૮૧ | ૨૦ | મેહ | મોહ |
| ૮૩ | ૧૦ | कदर्थना | कदर्थनां |
| ૮૬ | ૨ | એને | અને |
| ૮૬ | ૧૭ | करग्रहश्चित्रं | करग्रहमहाश्चित्रं |
| ૮૮ | ૩ | પ્રશસ્તી | પ્રશસ્તિ |
| ૮૯ | ૨૫ | મહોત્સવ ન બન્યો છે. | મહોત્સવ બન્યો છે. |

પા. ૪૭ માં ચોથી લીંટીથી જે આઠમી ગાથાનો સારાંશ છે તેને બદલે નીચે મુજબ સમજવો.

" નિસ્પૃહ મહાશય યોગીજનોને માન અપમાન સંબંધી સમસ્ત કલ્પનાઓ વિલય પામી જાય છે. તેઓ નિર્વિકલ્પ સમાધી રસમાં સદા ઝીલતા હોય છે. "

પા. ૪૯ માં ૧૪ મી લીંટીથી જે આઠમી ગાથાનો ભાવાર્થ છે તેને બદલે નીચે મુજબ સમજવો.

"કરૂણામૃતને વર્ષાવનારા તત્ત્વ દૃષ્ટિજનો જગતને વિકૃત કરવાને નહિં પણ ઉપકૃત કરવા માટેજ નિર્માણ થયેલા હોય છે તેમની સકલ વિભૂતિ પરોપકારાર્થેજ થવા પામે છે.

પાના ૭૩ માં ભાષાંતરના છઠ્ઠા પેરામાં જણાવેલ હકીકતનો સ્ફૂટ ખુલાસો—" યોગાત્રિક—મન વચન અને કાયાવડે શુભ અભ્યાસ, શુભ પ્રવર્ત્તન સમિતિ ગુપ્તિનું પાલન કરવાથી સહજ સ્વભાવિક રત્નત્રયીની પ્રાપ્તિ થઈ શકે છે. ૬